વર્ષ : ૬૬ ■ અંક : ૧૯ ■ તા.૦૧-૧૦-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## જનનાયકની જનસેવાનાં ૨૫ વર્ષ

# વિકાસને વાસ્તવિક બનાવનાર આર્ષદ્રષ્ટા

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

Downloaded from websankul.com

# વડનગરથી વારાણસી
# વિરાસતથી વિકાસ...














Downloaded from websankul.com

# Gujarat

The Reliable fortnightly of Gujaratis

Year : 66 ◆ Issue : 19 ◆ Date : 1 - 10 - 2026

તંત્રી : કે. એલ. બચાણી
સહતંત્રી : ડૉ. સંજય કચોટ
કાર્યવાહક તંત્રી : જયેશ દવે
સંપાદક : મનીષા વાઘેલા
સહસંપાદક : બેલા મહેતા, ડૉ. લોઈસ ક્રિશ્ચિયન, નીરવ રાવલ
કલાનિર્દેશક : જસ્મીન દવે
લેઆઉટ ડિઝાઈન : મૌલિક એમ. રાજપૂત
વિતરણ વિભાગ : મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા

'ગુજરાત' પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી

વિતરણ : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
ફરિયાદ એડ્રેસ : gujaratpaxik1@gmail.com

તંત્રી વિભાગ

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦. ◆ ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

વાર્ષિક લવાજમ ₹ ૫૦-૦૦ ◆ 48 + 4 Cover = Total 52

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

'ગુજરાત' પાક્ષિકનું ઓનલાઇન લવાજમ ભરવા માટે આ QR કોડ સ્કેન કરો.

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
www.gujaratinformation.gujarat.gov.in

લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે

- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટઑફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવીને ભરી શકાશે.
- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- 'ગુજરાત' પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લૉટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેરવરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લિથોપ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત


# શબ્દશઃ



- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી સ્ટાર્ટઅપ ઝુંબેશે દેશના યુવાનોને નોકરી શોધનાર નહીં પરંતુ નોકરી આપનારા બનાવ્યા.
- જે દેશના યુવાઓ રોજગાર માટે બહારની દુનિયા તરફ જોતા એ દેશ આજે ટેલેન્ટ પૂલ બન્યો છે.
- સ્ટાર્ટઅપ અને ઇનોવેશન ક્ષેત્રે ગુજરાત આજે દેશનું નેતૃત્વ કરી રહ્યું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીને પરિણામે ગિફ્ટ સિટી વૈશ્વિક ફાઇનાન્શિયલ હબ બન્યું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની માતૃભૂમિ વડનગર આજે વિરાસત અને વિકાસના સંગમનું જીવંત ઉદાહરણ બન્યું છે.
- વડાપ્રધાનશ્રીએ વિકાસની સાથે હંમેશાં પર્યાવરણ સંરક્ષણની ચિંતા કરી છે.
- 'વેસ્ટ ટુ વેલ્થ'નો અભિગમ માત્ર કચરા-વ્યવસ્થાપનનું મૉડલ નથી, પરંતુ ગ્રામીણ અર્થવ્યવસ્થાને નવી ગતિ આપવાનું સાધન છે.
- 'સોમનાથ મંદિર' સર્ક્યુલર ઇકૉનૉમીનું ઉત્તમ ઉદાહરણ છે.
- આપણા યુવાનોમાં રહેલી અદ્ભુત પ્રતિભાનો ઉપયોગ હવે ભારતના વિકાસમાં જ થઇ રહ્યો છે.
- વિકાસ અને પર્યાવરણ એકબીજાનાં વિરોધી નથી; ગ્રોથ સાથે ગ્રીનરી અને ઇન્ડસ્ટ્રી સાથે ઇકૉલૉજી પણ જોઈએ.
- સર્ક્યુલર ઇકૉનૉમી ભારતની પ્રાચીન પરંપરાઓનો પણ હિસ્સો રહી છે. રિ-યૂઝિંગ અને રિ-સાઇક્લિંગ આપણાં જીવન સાથે સહજ રીતે જોડાયેલાં છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત 'ગુજરાત' પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો. યોગ્યતા અનુસાર તેને 'ગુજરાત' પાક્ષિકમાં સ્થાન આપવાનો અવસર

Downloaded from websankul.com




૬ સંવાદ



૧૧ પ્રતિભાવ



૮ પુરસ્કાર




૧૨ વિકાસની રજતજયંતી

૨૭ વિકાસયાત્રા
૩૮ ચિત્રવીથિકા
૪૦ વિકાસદર્પણ
૪૧ સંક્ષિપ્ત સમાચાર
૪૨ સમાચાર વિશેષ
૪૩ નિર્ણય
૪૪ સ્વદેશી
૪૫ અવનવું
૪૬ ઝૂમ-ઈન
૪૭ પ્રેરણા
૪૮ ક્વિઝ કોર્નર
૪૯ જાણકારી
૫૦ શબ્દયાત્રા



૧૮ કવર સ્ટોરી



Downloaded from websankul.com

# ભારતના ઉજ્જ્વળ ભાવિના નિર્માણનો સેવાયજ્ઞ



સ્વદેશાભિમાન અને જનસેવાની સંકલ્પશક્તિથી સમાજ અને દેશનું પુનરુત્થાન થઈ શકે છે. સમાજને ઉત્કૃષ્ટ આપવાની નિષ્ઠા વ્યક્તિને મર્યાદાથી ઉપર ઉઠાવી મહાન બનાવી શકે છે. સંકલ્પશક્તિથી જ અશક્ય લાગતાં કાર્યો પણ સુગમ બનતાં હોય છે. અથાક પરિશ્રમ અને દૃઢ સંકલ્પશક્તિથી વિકટ સંજોગોમાં પણ સફળતાનો માર્ગ કંડારી શકાય છે, લોકો માટે પ્રેરણારૂપ બની શકાય છે. પોતાની લોકસેવાની સંકલ્પશક્તિ અને સ્વદેશાભિમાન થકી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનસેવામાં ૨૫ વર્ષની લાંબી મજલ કાપી છે. ભારતના ઉજ્જવળ ભાવિના નિર્માણના તેમના આ સેવાયજ્ઞના ઉપલક્ષ્યમાં ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવા માટે આ સેવા અભિયાન યુવાનો માટે પ્રેરણાસ્રોત બન્યું.

જ્ઞાન વિના વિકાસ શક્ય નથી. તેથી જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની છેલ્લાં ૨૫ વર્ષની સેવા અને સમર્પણની વિકાસયાત્રા તથા શિક્ષણક્ષેત્રે થયેલા ઝડપી વિકાસને જન-જન તેમજ યુવાજગત સુધી પહોંચાડવા માટે જ્ઞાન અને ગમ્મત સાથેની અનોખી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન એટલે ‘ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ (G3Q-2026)’ અને ‘સેવા ફર્સ્ટ ઇનોવેશન ચૅલેન્જ (SFIC)’, જેનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો.

‘વિકાસની સપ્તધારા’નો સંકલ્પ લેવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા આહ્વાનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે ઝીલી લીધું છે. ‘વિકાસની સપ્તધારા’ના સંકલ્પમાં બ્લૂ ઇકૉનૉમીનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે, ત્યારે કોસ્ટલ ભારત, સપ્તધારા અને વિકસિત ભારત@૨૦૪૭ની થીમ સાથે અમદાવાદમાં ‘કોસ્ટલ ઇકોલૉજી, સિક્યૉરિટી ઍન્ડ સસ્ટેનેબિલિટી’ વિષયક નૅશનલ કૉન્ફરન્સ યોજાઈ, જેમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દરિયાઈ વિકાસ સાથે પર્યાવરણ સંરક્ષણ, રાષ્ટ્રીય સુરક્ષા અને તટીય વિસ્તારોના સર્વાંગી વિકાસના મહત્ત્વ પર ભાર મૂક્યો. આ સાથે બ્લૂ ઇકૉનૉમીને નજર સમક્ષ રાખી. 'ડીપ સી-ફિશિંગ'ને પ્રોત્સાહન આપવા ગાંધીનગરમાં નૅશનલ વર્કશોપ યોજાયો.

દેશના વિકાસની ધરી ગુજરાત છે અને તેનું ભારતના વિકાસમાં અનન્ય પ્રદાન રહ્યું છે, જેનું એક માધ્યમ વાઇબ્રન્ટ ગુજરાત સમિટ છે. ગાંધીનગર વાઇબ્રન્ટ ગુજરાત સમિટ સહિતની વૈશ્વિક ઇવેન્ટ્સને લીધે ગ્લોબલ સિટીની દિશામાં વિકસી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક જ દિવસમાં ગાંધીનગરને કુલ રૂ. ૧,૮૪૮ કરોડના વિકાસ કામોની ભેટ આપી હતી તેમજ અમદાવાદને રૂ. ૫૮૪ કરોડ અને ભાવનગરને પણ રૂ. ૭૩૮ કરોડનાં જનહિતલક્ષી વિકાસકામોની ભેટ આપી.

વડાપ્રધાનશ્રીએ સ્વાતંત્ર્ય પર્વને પાટનગરને બદલે જિલ્લા સ્તરે યોજવાની પહેલ મુખ્યમંત્રીશ્રી તરીકે શરૂ કરી હતી. આ તર્જ ઉપર જ સૌપ્રથમ વાર દેશની રાજધાની દિલ્હીની બહાર પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું રાજ્યના એકતાનગર ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સાંનિધ્યમાં આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કર્યા.

સેવાની સુવાસ ફેલાવતા આ અંકમાં જનહિતકારી નિર્ણયો ઉપરાંત વાચન કરવા પ્રેરે તેવી વિગત સાહિત્યરસિક વાચકોને જરૂર આકર્ષિત કરશે તેવો મને વિશ્વાસ છે.

જય જય ગરવી ગુજરાત...

**- કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.
**માહિતી કમિશનર**



Downloaded from websankul.com



# મન કી બાત
## સપ્ટેમ્બર - ૨૦૨૬

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ ઓનલાઇન વાંચવા માટે QR કોડ સ્કૅન કરો...**

### આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ

ભારતની એક મોટી ઐતિહાસિક સિદ્ધિ એટલે સર્જિકલ સ્ટ્રાઇક. ૧૦ વર્ષ પહેલાં, ૨૮-૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૬ના દિવસોએ ભારતીય સેનાએ પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ પર સર્જિકલ સ્ટ્રાઇક કરી હતી. LoCની પેલે પાર જઈને આપણા વીર જવાનોએ જે રીતે આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી કરી હતી, તે જોઈને આખી દુનિયા આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. સર્જિકલ સ્ટ્રાઈકે દુનિયા સમક્ષ ભારતની આતંકવાદ-વિરોધી નીતિનું એક નવું ઉદાહરણ રજૂ કર્યું.

### વસ્તી-ગણતરી

આ દિવસો દરમિયાનમાં દેશનું એક ખૂબ મોટું ચિત્ર તૈયાર થઈ રહ્યું છે. આ તસવીરમાં તમે, તમારો પરિવાર અને તમારા અડોશી-પડોશી પણ છે. આ ચિત્ર એટલે વસ્તી-ગણતરી. દેશનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તેનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ચૂક્યો છે. ૩૨ કરોડથી વધુ પરિવારોની માહિતી નોંધાઈ ચૂકી છે. ઉત્તરાખંડમાં વસ્તી-ગણતરીની શરૂઆત ચમોલીના માણા ગામથી થઈ. માણાને દેશનું પ્રથમ ગામ કહેવામાં આવે છે. માણામાં સૌથી પહેલાં ૮૩ વર્ષીય પૂર્ણિમા રાવતજી પાસેથી તેની શરૂઆત થઈ. ઉત્તરકાશીના બગોરી ગામમાં હોમસ્ટે ચલાવતા હરદેવસિંહ રાણાજીએ ડિજિટલ માધ્યમથી પોતાની માહિતી જાતે નોંધાવી. વસ્તીગણતરી આપણા સૌની રાષ્ટ્રીય જવાબદારી છે. તમે તમારા મોબાઇલ પરથી જ તમારી અને તમારા પરિવારની માહિતી નોંધાવી શકો છો.

### તમિલ સ્ટડીઝ

તમિલનાડુમાં તિરુચિરાપલ્લીના મનપ્પાઈમાં એક અનોખો પ્રયાસ થઈ રહ્યો છે. એક કૉલેજમાં ડિપાર્ટમેન્ટ ઑફ તમિલ સ્ટડીઝ સાથે સંકળાયેલા એ. સેલ્વા રાજુજી તેને આગળ વધારી રહ્યા છે. તેમને પોતાના એક વિદ્યાર્થી પાસેથી કેટલીક પ્રાચીન પ્રતિમાઓ વિશે માહિતી મળી હતી. આ વિષય પર ચર્ચા બાદ તેમને ફીલ્ડ-વિઝિટ દરમિયાન અલગ-અલગ સ્થળોએ અનેક પ્રતિમાઓ અને પ્રાચીન મંદિરો મળ્યાં.

### સ્વચ્છ ભારત

થોડા જ દિવસો બાદ તા. ૨ ઑક્ટોબર પૂજ્ય બાપુની જયંતીનો દિવસ છે. પૂ.બાપુએ આપણને જીવનના ઘણા મંત્ર આપ્યા છે. સ્વચ્છતા પણ તેમાંનો એક છે. મધ્યપ્રદેશમાં કેટલાક યુવાનો નદીની સફાઈ કરી રહ્યા છે, આંધ્રપ્રદેશમાં યુવાનો જૂની વાવ અને કૂવાઓ, મુંબઈમાં કેટલાક યુવાનો દરિયાકિનારાઓને સ્વચ્છ કરી રહ્યા છે. દિલ્હીમાં બાળકો અને યુવાનો લોકોને કચરો અલગ-અલગ રાખવા જાગૃત કરી રહ્યાં છે અને પશ્ચિમ બંગાળમાં પિકનિક સ્થળો તથા બજારોની સફાઈ થઈ રહી છે. આ તમામ પ્રયાસોમાં એક વાત સહજ રીતે જોવા મળી કે ક્યાંક શરૂઆત એક વ્યક્તિએ કરી અને લોકો જોડાતા ગયા. પૂ.બાપુ પ્રત્યેની આપણી સૌથી સુંદર શ્રદ્ધાંજલિ સ્વચ્છતા જ છે.

### વન્યજીવોનું સંરક્ષણ

આસામમાં સોનાઈ-રૂપાઈ વાઇલ્ડલાઇફ અભયારણ્ય છે. એક સમયે અહીં હાથીઓ વસવાટ કરતા, પરંતુ જંગલની જમીન પર માનવીય દખલગીરી વધતાં હાથીઓ આ વિસ્તાર છોડી ગયા. ત્રણ વર્ષ પહેલાં આ જમીનને દબાણથી મુક્ત કરાતાં હવે હાથીઓ અહીં પાછા ફર્યા છે, એટલે ફરીથી હાથીઓનાં ટોળાં જોવા મળે છે. આસામમાં જ એક ખૂબ નાના જીવ 'પિગ્મી હૉગ'ને બચાવવાનો એક પ્રયાસ થયો છે. માત્ર છ પિગ્મી હૉગ સાથે એક કન્ઝર્વેશન પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો. તેમને ફરી જંગલોમાં વસાવવામાં આવ્યા.

### પર્યાવરણનું જતન

પશ્ચિમ બંગાળના સુંદરબનમાં કેટલીક મહિલાઓ પ્રેરણાદાયી ઉદાહરણ રજૂ કરી રહી છે. જાર-ખાલી વિસ્તારની આ મહિલાઓ મૅન્ગ્રોવનાં જંગલો તૈયાર કરી રહી છે. આ મહિલાઓમાંથી મોટાભાગની મહિલાઓના પતિઓ વાઘના હુમલામાં મૃત્યુ પામ્યા હતા. પતિને ગુમાવ્યા બાદ તેમને સુંદરબનમાંથી જ આજીવિકાનો સહારો મળ્યો. તેમણે વાવેલાં મૅન્ગ્રોવ આજે ગામો માટે કુદરતી સુરક્ષા-કવચ બની રહ્યાં



Downloaded from websankul.com

છે અને તેને વાવવાથી આ મહિલાઓની આવક પણ થઈ રહી છે.

છેલ્લા કેટલાક દિવસોમાં જ દેશભરમાં હજારો સંકલ્પ-સમારોહ અને જાગૃતિ કાર્યક્રમો યોજાયા છે. આ અભિયાનમાં એક વાત મને વિશેષ રીતે સારી લાગી. નશામુક્તિનો સંદેશ આપણા યુવાનો પોતે પોતાની ભાષામાં અને પોતાની રીતે આગળ વધારી રહ્યા છે. મેં 'મન કી બાત'માં પણ યુવા સાથીઓને આગ્રહ કર્યો હતો કે, તમે તમારી સર્જનાત્મકતા દ્વારા આ અભિયાન સાથે જોડાઓ; અને મને ખુશી છે કે, હજારો યુવાનો આ આહ્વાન પર આગળ આવ્યા છે. નશામુક્ત યુવા અને વિકસિત ભારતના આ સંકલ્પને આપણે સૌ સાથે મળીને આગળ વધારીએ.

### વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ

ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં આમળાં નવી સંભાવનાઓનું માધ્યમ બન્યાં છે. પ્રતાપગઢ અને આમળાંનો સંબંધ ખૂબ જૂનો છે. પેઢીઓથી અહીંના ખેડૂતો આમળાંની ખેતી કરી રહ્યા છે. વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (ODOP) દ્વારા અહીં આમળાં સાથે સંકળાયેલા સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન મળ્યું છે. આજે પ્રતાપગઢમાં આમળાં-પ્રોસેસિંગ સાથે જોડાયેલાં આશરે ૧૦૦ યુનિટ કાર્યરત છે. તેમાં સેલ્ફ હેલ્પ ગ્રુપ સાથે જોડાયેલી મહિલાઓ પણ ભૂમિકા ભજવી રહી છે. 'સાવિત્રી ફુલે સેલ્ફ હેલ્પ ગ્રુપ' અને 'વસિની સેલ્ફ હેલ્પ ગ્રુપ'ની મહિલાઓ આમળાંનું અથાણું, ડાઈજેસ્ટિવ પાઉડર અને આવી અનેક વસ્તુઓ તૈયાર કરી રહી છે. આ મહિલાઓને પ્રોસેસિંગ માટે મશીનરી મળી, લોનની સુવિધા મળી, સ્થાનિક વેપાર-મેળા સાથે જોડાવાની તક પણ મળી અને જોતજોતામાં તેમની આવકમાં ઘણો વધારો થયો.

### સકારાત્મક પ્રયાસો

પંજાબના રાજેન્દ્રસિંહજી ૧૯૮૦ના ઑલિમ્પિકમાં હૉકીમાં ગોલ્ડમૅડલ જીતનારી ટીમનો ભાગ હતા. ૧૯૮૨ના વર્લ્ડકપમાં પણ તેઓ છવાયેલા રહ્યા હતા. ૨૦૦૧માં ભારત પ્રથમ વખત મેન્સ જુનિયર વર્લ્ડકપનો ખિતાબ જીત્યું હતું. જ્યારે ૨૦૦૩માં દેશે સિનિયર એશિયા કપ ટાઇટલ જીત્યું હતું. આ બંને ટુર્નામેન્ટમાં તેઓ કોચની ભૂમિકામાં હતા. હવે તેઓ રાઉન્ડ ગ્લાસ હૉકી ઍકેડેમી દ્વારા પોતાના પૅશનને આગળ લઈ જઈ રહ્યા છે. તેમના પ્રયાસોથી ગામડાઓમાં નવી હૉકી એસ્ટ્રોટર્ફ બિછાવવામાં આવી રહી છે. રાજેન્દ્રજીનું ફોકસ એકદમ સ્પષ્ટ છે - એવાં ગામોમાં બાળકોની ઓળખ કરવી, જ્યાં શ્રેષ્ઠ કોચિંગની સુવિધાઓ ઓછી છે. આવા પ્રયાસોથી અનેક ખેલાડીઓ ભારતના જુનિયર અને સિનિયર સ્તરે પોતાનું સ્થાન બનાવી રહ્યા છે.

### કુપોષણ સામે સુપોષણ

સપ્ટેમ્બરનો આ મહિનો કુપોષણ સામેની લડાઈને સમર્પિત છે. પોષણ-માસમાં અલગ-અલગ ક્ષેત્રો સાથે સંકળાયેલા લોકો અને સંસ્થાઓ આ ઉમદા કાર્ય માટે એકસાથે આવે છે. કુપોષણ સામે લડવા માટે આ વર્ષે અનેક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. છત્તીસગઢે 'હર ઘર મુનગા, ઘર-ઘર મુનગા' અભિયાન શરૂ કર્યું છે. તેમાં લોકોને પૌષ્ટિક મુનગા, એટલે કે સરગવાને પોતાના આહારમાં સામેલ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. ગુજરાતે પણ 'વાનગીસ્પર્ધા' એટલે કે, મિલેટથી બનેલી વાનગીઓની સ્પર્ધા શરૂ કરી છે. આ પહેલ દ્વારા સસ્તા અને પૌષ્ટિક સ્થાનિક ખોરાકને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં ૨ લાખથી વધુ લોકો આ સ્પર્ધામાં ભાગ લઈ ચૂક્યા છે.

## 'મન કી બાત'માં ગુજરાત

ઈ.સ. ૧૦૨૬માં જ્યારે ગઝની દ્વારા સોમનાથ મંદિરનો વિનાશ કરવામાં આવ્યો હતો, તે જ વર્ષે ગુજરાતના મોઢેરામાં આવેલા પ્રસિદ્ધ સૂર્યમંદિર પર પણ હુમલો કરીને. તેને તોડી નાખવામાં આવ્યું હતું. એટલે કે, મોઢેરા મંદિરના વિનાશને પણ આ વર્ષે ૧૦૦૦ વર્ષ થયાં છે, જ્યારે તે સમયે આ મંદિરને બન્યે માત્ર એક જ વર્ષ થયું હતું. ૧૦૨૫માં રાજા ભીમદેવે આ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. જ્યારે આટલું ક્રૂર આક્રમણ થયું હોય, સોમનાથ મંદિર જેવું આસ્થાનું આટલું મોટું કેન્દ્ર ખંડિત કરવામાં આવ્યું હોય અને અનેક સ્થળોએ હુમલા થયા હોય, તો કોઈ પણ સમાજ કે શાસનનું મનોબળ તૂટી શકે. પરંતુ રાજા ભીમદેવ પ્રથમે માત્ર ગઝનીનો સામનો જ કર્યો નહોતો, પણ થોડા જ સમયમાં મોઢેરા સૂર્યમંદિરનું પુનર્નિર્માણ પણ કરાવ્યું હતું. આ જ જીવંતતાના કારણે સોમનાથ મંદિરનો પણ વારંવાર વિનાશ થવા છતાં પુનર્નિર્માણ થતું રહ્યું. સૂર્યમંદિર પર પણ પછીના સમયગાળામાં હુમલા અટક્યા નહોતા. બાદમાં અલાઉદ્દીન ખિલજીએ ફરી એકવાર સ્થાપત્યકલાના આ ભવ્ય મંદિરને તોડી નાખ્યું હતું. આપણે ભારતના લોકો સૂર્યની ઉપાસના માત્ર સ્થાપત્ય અને મંદિરો દ્વારા જ નથી કરતા. આપણી સૂર્ય-ઉપાસનાનો એક અર્થ પ્રકાશ, ઊર્જા, વિજ્ઞાન અને સતત આગળ વધવાની પ્રેરણા પણ છે. તેથી મોઢેરા આજે માત્ર સૂર્યમંદિર માટે જ જાણીતું નથી. ગુજરાતનું આ ગામ દેશનું પ્રથમ સોલર વિલેજ બની ચૂક્યું છે. મોઢેરા આજે સંપૂર્ણપણે સૌરઊર્જાથી ચાલે છે અને તેણે દેશ સામે સસ્ટેનેબિલિટિનું એક ઉદાહરણ રજૂ કર્યું છે. મોઢેરામાં પ્રવાસીઓ માટે અનેક આકર્ષણો અને સુવિધાઓની શરૂઆત પણ થઈ છે. તમે સૌ પણ એકવાર મોઢેરા જરૂર જાઓ અને ભારતની આ ગૌરવશાળી વિરાસતનાં દર્શન કરો.



Downloaded from websankul.com




# સૌપ્રથમ વાર ગુજરાતમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ

ફિલ્મ માત્ર મનોરંજન નહીં પરંતુ સમાજને દિશા આપવાનું તેમજ અરીસો બતાવતું માધ્યમ છે. સૌપ્રથમ વાર દેશની રાજધાની દિલ્હીની બહાર પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું રાજ્યના એકતાનગર ખાતે સ્ટેચ્યૂ ઑફ યુનિટીના સાંનિધ્યમાં આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કર્યા અને તમામ પુરસ્કાર વિજેતાઓને તેમનાં પ્રતિભા, સમર્પણ અને સખત પરિશ્રમ માટે અભિનંદન પાઠવ્યાં હતાં.



## વડોદરામાં રાષ્ટ્રપતિશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત

ગુજરાતમાં ત્રણ દિવસના પ્રવાસે આવેલાં રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મુર્મુનું વડોદરા ઍરપોર્ટ પર આગમન થતાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વડોદરાથી તેઓશ્રી કેવડિયા જવા માટે રવાના થયાં હતાં. વડોદરા ઍરપોર્ટ ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા દ્વારા રાષ્ટ્રપતિશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, ભારતીય સિનેમા દેશની વિવિધ ભાષાઓ, પરંપરાઓ, આકાંક્ષાઓ અને સંઘર્ષોને પ્રતિબિંબિત કરે છે. તેમણે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના સ્થળ તરીકે એકતાનગરની પસંદગીની પ્રશંસા કરી, જે ભારતની સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક છે.

સર્જનાત્મક અર્થતંત્રમાં ગૌરવ અને સામાજિક સુરક્ષા માટે આહ્વાન કરતાં રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે કામદારો, નાના કલાકારો, સહાયકો અને સર્જનાત્મક સમુદાયના સંઘર્ષરત સભ્યો સન્માન અને સામાજિક સુરક્ષાને પાત્ર છે. તેમણે વ્યાપક માનવીય દૃષ્ટિકોણ સુનિશ્ચિત કરવા માટે તમામ જ્યુરીમાં મહિલાઓની ભાગીદારીનું આહ્વાન પણ કર્યું હતું. લોકપ્રિય કલાકારોના બાળકો અને યુવાનો પરના પ્રભાવને ધ્યાને રાખતાં તેમણે સફળ કલાકારોને શિસ્તબદ્ધ જીવનશૈલીના ફાયદાઓને પ્રોત્સાહન આપવા વિનંતી કરી હતી.

ભારતનાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ શ્રી અનંત નાગને પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે પુરસ્કાર ૨૦૨૪ એનાયત કર્યો હતો. તેમણે દાદાસાહેબ ફાળકે પુરસ્કાર પ્રાપ્તકર્તા શ્રી અનંત નાગને થિયેટર અને સિનેમામાં તેમના વિશિષ્ટ યોગદાન બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.

૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને સંબોધતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારતીય સિનેમાએ દેશની વિવિધ ભાષાઓ અને સંસ્કૃતિઓને સમૃદ્ધ બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમણે ફિલ્મનિર્માતાઓને પ્રાકૃતિક ખેતી, તંદુરસ્ત જીવનશૈલી અને પર્યાવરણીય જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે અને પ્રેમ, ભાઈચારો તથા



Downloaded from websankul.com

રાષ્ટ્રીય એકતાનાં મૂલ્યોને મજબૂત કરવા સિનેમાના માધ્યમનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એકતાનગરમાં ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના આયોજનને રાજ્ય માટે ગૌરવની બાબત ગણાવી હતી. તેમણે સિનેમાને સમાજનું પ્રતિબિંબ, સંસ્કૃતિનું વાહક અને માનવ-લાગણીઓને જોડવાનું એક શક્તિશાળી માધ્યમ ગણાવ્યું હતું, જેમાં ભારતની વૈશ્વિક ઓળખ અને સોફ્ટ પાવરને મજબૂત કરવાની ક્ષમતા છે. તેમણે ભારતીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મનિર્માતાઓને શૂટિંગ માટે ગુજરાતને પસંદ કરવા આમંત્રણ આપ્યું હતું.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, સિનેમા એ ટીમ પ્રયાસ છે અને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો-ઍવૉર્ડ મેળવનારા અને પડદા પાછળ કામ કરનારા બંનેની કદર કરે છે. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનો હેતુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મહત્ત્વનાં પ્રવાસન સ્થળોએ સમારોહને લઈ જવાનો છે, જેથી ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને પ્રવાસનને પ્રોત્સાહન મળી શકે. તેમણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની ભવિષ્યની આવૃત્તિઓ માટેનાં સ્થળો તરીકે પ્રવાસનસ્થળોની પસંદગી કરવા આહ્વાન કર્યું હતું. સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત દરમિયાન તેમણે સરદારને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

નોંધનીય છે કે, રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં ભાગ લેવા આવેલા ફિલ્મ કલાકાર રણદીપ હુડાએ વિશ્વવિખ્યાત સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લઈને સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.







## ભારતીય સિનેમાના વિવિધ રંગો

૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં, ૩૪ ભાષાઓમાં ૪૦૦ ફીચર ફિલ્મો અને ૨૪ ભાષાઓમાં ૧૬૧ નોન-ફીચર ફિલ્મો પ્રાપ્ત થઈ હતી, જેમાં ૨૨ ફીચર ફિલ્મ અને ૨૩ નોન-ફીચર ફિલ્મ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. લીડિંગ રોલમાં શ્રેષ્ઠ અભિનેતાનો ઍવૉર્ડ મામૂટી ('ભ્રમયુગમ' માટે) અને કાર્તિક આર્યન ('ચંદુ ચેમ્પિયન' માટે) વચ્ચે સંયુક્ત રીતે આપવામાં આવ્યો હતો, જ્યારે યામી ગૌતમને 'આર્ટિકલ ૩૭૦' ફિલ્મ માટે લીડિંગ રોલમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો ઍવૉર્ડ મળ્યો હતો.

સહાયક શ્રેણીઓમાં સંજય મિશ્રાને 'ભક્ષક' માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતા તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા, જ્યારે સાચના નમિદાસ (મહારાજા માટે) અને રૂપશ્રી વર્કાડી ('મિથ્યા' માટે)ને શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો ઍવૉર્ડ સંયુક્ત રીતે મળ્યો હતો. 'આર્ટિકલ ૩૭૦' ફિલ્મને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ તરીકે સન્માનિત કરવામાં આવી હતી, જ્યારે રણદીપ હુડાને તેમના નિર્દેશન ડેબ્યૂ, 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' માટે માન્યતા મળી હતી. 'કલ્કી ૨૮૯૮ AD'ને શ્રેષ્ઠ લોકપ્રિય મનોરંજક ફિલ્મ (Best Popular Film Providing Wholesome Entertainment) તરીકે નામાંકિત કરવામાં આવી હતી, જ્યારે કેપ્ટન મિલરને રાષ્ટ્રીય, સામાજિક અને પર્યાવરણીય મૂલ્યોને પ્રોત્સાહન આપતી શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો ઍવૉર્ડ મળ્યો હતો. રાજકુમાર પરિયાસામીને અમરન માટે શ્રેષ્ઠ નિર્દેશનનો ઍવૉર્ડ મળ્યો હતો.

### ગુજરાતી ફિલ્મ 'મારણ' પુરસ્કૃત

આ ઍવોર્ડ્સમાં ગુજરાતી, મરાઠી, સંથાલી, તમિલ, મલયાલમ, તેલુગુ, કન્નડ, તુલુ અને ગઢવાલી ભાષાઓની ઉત્કૃષ્ટ ફિલ્મોને પુરસ્કૃત કરવામાં આવી. ૭૨મા નૅશનલ ફિલ્મ ઍવોર્ડ્સમાં ગુજરાતી ભાષાની ફિલ્મ 'મારણ'ને પણ ઍવોર્ડ આપવામાં આવ્યો છે.

આ ફિલ્મના દિગ્દર્શક શ્રી અભિષેક જૈને ઍવોર્ડને આવકારતાં જણાવ્યું હતું કે, "રાષ્ટ્રીય પુરસ્કાર અમારા માટે ખરેખર અન્ય પુરસ્કારો કરતાં ખૂબ વિશિષ્ટ છે અમે આ ઍવોર્ડ આપવા બદલ જ્યૂરી પ્રત્યે અમારી આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. ગુજરાતની ફિલ્મો 'રોંગસાઈડ રાજુ', 'હેલ્લારો' અને 'મારણ' જેવી ફિલ્મો રાષ્ટ્રીય ફલક પર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવામાં સફળ રહી છે."



Downloaded from websankul.com

### મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનો ૭૫મો પદવીદાન સમારોહ

# રાષ્ટ્રપતિશ્રીના હસ્તે ગોલ્ડ મેડલ એનાયત



વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના અધ્યક્ષસ્થાને ૭૫મો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાયો હતો. રાષ્ટ્રપતિશ્રીએ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનારી દીકરીઓને 'બદલતા ભારતની ઉજ્જવળ તસવીર' ગણાવી હતી અને દેશના સમતોલ વિકાસમાં મહિલા સશક્તીકરણની વ્યાપક ભૂમિકાને બિરદાવી હતી.

રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે, જો યુવાનો પોતાના કાર્યક્ષેત્રમાં રાષ્ટ્ર અને સમાજના હિતને સર્વોપરી રાખશે, તો તેમની શિક્ષણયાત્રા સાચા અર્થમાં સાર્થક બનશે અને તેમને આંતરિક સંતોષ મળશે. ટૅક્નૉલૉજી એક સાધન છે અને તેનો પ્રાથમિક હેતુ માનવકલ્યાણ તેમજ લોકોના જીવનને સરળ બનાવવાનો હોવો જોઈએ. ટૅક્નૉલૉજી આપણને ડેટા અને ઉત્તરો આપી શકે છે, પરંતુ સાચા પ્રશ્નો પૂછવા, વિવેકપૂર્ણ નિર્ણયો લેવા અને નૈતિક દિશા નક્કી કરવી એ માનવીય બુદ્ધિમત્તાનું કાર્ય છે. તેમણે યુવાનોને સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા જેવાં બંધારણીય મૂલ્યોને પોતાના જીવન અને વ્યાવસાયિક કાર્યમાં ઉતારવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે નૈતિક મૂલ્યો, શિસ્ત અને રાષ્ટ્રનિષ્ઠા કેળવવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વર્તમાન સમયના સામાજિક અને પર્યાવરણીય પડકારો સામે યુવાનોને સંકલ્પબદ્ધ થવા હાકલ કરી હતી.

પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિશ્રી શ્રીમતી દ્રૌપદી મુર્મુના વરદ હસ્તે ૩૦ તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ સમારોહ દરમિયાન ૨૨૯ પીએચ.ડી., ૨,૮૫૭ પીજી, ૬૫૭ પીજી ડિપ્લોમા અને ૮,૮૧૪ યુજી પદવીઓ મળી કુલ ૧૨,૫૫૭ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરાઈ હતી.

આ પ્રસંગે ટૅક્નિકલ અને ઉચ્ચ શિક્ષણ મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા, શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, વિવિધ વિભાગોના વડાઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પાદરામાં 'ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પૅલેસ'નું લોકાર્પણ




રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ પાદરા સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના નવનિર્મિત 'ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પૅલેસ' રીટ્રીટ સેન્ટરનું લોકાર્પણ કરવા સાથે 'આધ્યાત્મિક જાગૃતિ દ્વારા વિશ્વ નવનિર્માણ' પ્રોજેક્ટનો પ્રારંભ કર્યો હતો.

રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે, વર્તમાન વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં જ્યારે તણાવ, હિંસા અને સામાજિક વિભાજન વ્યાપેલાં છે, ત્યારે ધ્યાન અને સકારાત્મક વિચારધારા શાંતિ સ્થાપવા માટે અનિવાર્ય છે. કેવળ આર્થિક પ્રગતિ પૂરતી નથી, પરંતુ એવી શિક્ષણ-પ્રણાલીની જરૂર છે, જે બુદ્ધિની સાથે વિવેકને પણ જાગૃત કરે.

આ પ્રસંગે પૅલેસના પ્રાંગણમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી મૅડિટેશન પણ કર્યું હતું. આ અવસરે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત, પ્રોટોકોલ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા ઉપસ્થિત રહ્યા હતા.



Downloaded from websankul.com

# ઉઠાવો કલમ પ્રતિભાવ

## વાચકોના વિચારો.. અમારા પ્રેરણાસ્રોત



તમારો વિચાર અમારા માટે મહત્વનો છે...

'ગુજરાત' પાક્ષિકના આગામી અંક માટે વાચકોએ 'ગુજરાત' અંગે પોતાના વિચારો ૧૫૦થી ૨૦૦ શબ્દોમાં મોકલવા વિનંતી.

gujaratmagazine@gmail.com

બ્લૉક નં. ૧૯/૧, માહિતી કમિશનરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

ડિજિટલ યુગમાં વિકાસની નવી ક્ષિતિજો વિસ્તરી રહી છે, ત્યારે છેવાડાના વિસ્તારોમાં માહિતીને વધુ સુલભ બનાવવામાં 'ગુજરાત' પાક્ષિક અનોખી ભૂમિકા ભજવે છે. રાજ્યના ગ્રામીણ વિસ્તારો સુધી પહોંચતું આ સામયિક દરેક વર્ગ માટે વિશ્વસનીય માર્ગદર્શક છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને કારકિર્દી-ઘડતર માટે મથતા યુવાનો માટે આ સચોટ માહિતીનો આધાર છે. સાથે સાથે, પાક્ષિકમાં આવતી યોજનાકીય માહિતીની મદદથી ગામની બહેનો કુટીર ઉદ્યોગ, સહાય અને સ્વાવલંબનની કલ્યાણકારી યોજનાઓ જાણીને આત્મનિર્ભરતા તરફ પગલાં માંડે છે. સાચા અર્થમાં 'ગુજરાત' પાક્ષિક ગામેગામ વિકાસ અને જનજાગૃતિનો સશક્ત સથવારો છે.

- જલ્પેશ કુમાર (પંચમહાલ)

ગુજરાત સંસ્કાર, સાહસ, મહેનત અને વિકાસની જીવંત ઓળખ છે. તા. ૧ મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારથી ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં સતત પ્રગતિ કરી છે. આ પ્રગતિની વાત સામાન્ય જનતા સુધી પહોંચાડવામાં 'ગુજરાત' પાક્ષિકનું આગવું સ્થાન છે. આ સામયિક સરકારની કામગીરી, વિકાસલક્ષી યોજનાઓ અને જનકલ્યાણની માહિતી લોકો સુધી પહોંચાડે છે. તેની સાથે ગુજરાતનાં સંસ્કૃતિ, ઈતિહાસ, સાહિત્ય, સમાજજીવન અને ખેતી જેવા વિવિધ વિષયોને પણ સ્થાન મળે છે.

'ગુજરાત' પાક્ષિક ગુજરાતના બદલાતા સમયનો દસ્તાવેજ છે. ગુજરાતનાં ગામડાંથી શહેર સુધી થઈ રહેલા વિકાસ, ખેડૂતોની મહેનત, યુવાનોની નવી વિચારસરણી અને આપણી સમૃદ્ધ પરંપરાઓને એકસાથે સમજવાની તક આપે છે. આપણે વિકાસની સાથે પ્રકૃતિ, પાણી, સંસ્કૃતિ અને માનવમૂલ્યોનું જતન કરીએ તો આપણું ગુજરાત વધુ સમૃદ્ધ અને સશક્ત બની શકે. મારું ગુજરાત મારી ઓળખ છે અને તેના વિકાસમાં મારો નાનો ફાળોય આપવો એ મારું ગૌરવ છે.

- જૈમિન પંચાલ (અરવલ્લી)

આજના સમયમાં ગુજરાત માત્ર એક ભૌગોલિક પ્રદેશ નથી, પણ ભારતના આર્થિક, ઔદ્યોગિક અને તકનીકી વિકાસનું શક્તિશાળી એન્જિન છે. પોતાની ભાતીગળ સંસ્કૃતિના પાયા ઉપર ઊભા રહીને ગુજરાતે આજે આધુનિકતાનું એવું શિખર સર કર્યું છે, જે સમગ્ર વિશ્વ માટે પથદર્શક બની ગયું છે.

વિશ્વકક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવીન વિઝન આજના ગુજરાતની ઓળખ છે. ગાંધીનગરનું 'ગિફ્ટ સિટી' આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સ અને ટૅક્નૉલૉજીનું કેન્દ્ર છે, તો ધોલેરા 'સર' (SIR) અને કચ્છનો રિન્યૂએબલ એનર્જી પાર્ક ભવિષ્યના ભારતની નવરચના કરી રહ્યાં છે. સેમિકંડક્ટર પ્લાન્ટ્સથી લઈને ગ્રીન એનર્જી ક્ષેત્રે મેળવેલું સક્ષમ રોકાણ દર્શાવે છે કે, ગુજરાત 'હાઈ-ટૅક ઉત્પાદન'ક્ષેત્રે વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે.

વિકાસની આ હરણફાળ વચ્ચે પણ ગુજરાતે પોતાની સાંસ્કૃતિક અને પ્રવાસન ઓળખને નવી ઊંચાઈ આપી છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટૅચ્યૂ ઑફ યુનિટી', વાવ-થરાદનું દેશભક્તિ જગાડતું 'નડાબેટ સીમાદર્શન', આજે ગુજરાતના વિવિધતાસભર પ્રવાસનનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. આ સાથે સોમનાથ-દ્વારકા જેવાં પવિત્ર ધામો અને 'યુનેસ્કો' વિરાસતમાં સ્થાન પામેલા ગરબા રાજ્યની વૈશ્વિક છબી ઉપસાવે છે. આથી જ હું ગૌરવ સાથે કહું છું કે, "મારું ભાગ્ય છે કે હું ભારતીય છું, પણ મારું સદ્ભાગ્ય છે કે હું ગુજરાતી છું."

- હિરલકુંવર ચૌહાણ (વાવ થરાદ)



Downloaded from websankul.com



## જનનાયકની જનસેવાનાં ૨૫ વર્ષ

# વિકાસને વાસ્તવિક બનાવનાર આર્ષદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

"દરેક આશીર્વાદ ભારતનાં લોકોના સમર્પણ સાથે સેવા કરવાના તેમના સંકલ્પને મજબૂત બનાવે છે."

આ શબ્દો છે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના, જે તેમણે ૨૫ વર્ષની સુદીર્ઘ કારકિર્દી પૂર્ણ કરી ત્યારે દેશ-વિદેશથી જે શુભેચ્છા અને આશીર્વાદ મળ્યાં એના પ્રતિસાદમાં ઉચ્ચાર્યા હતા. તેમણે ગુજરાતના મુખ્યમંત્રીપદના કુલ ચાર વખત શપથ લીધા અને વડાપ્રધાન તરીકેના ત્રણ ટર્મના કાર્યકાળમાં અનેકાનેક સિદ્ધિઓ દેશને અપાવી છે.

અગાઉ ક્યારેય ચૂંટણી ન લડનાર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઑક્ટોબર-૨૦૦૧માં રાજ્યના મુખ્યમંત્રીશ્રી તરીકે શપથ ગ્રહણ કર્યા ત્યાર બાદનો સમય રાજકીય પરિપ્રેક્ષ્યમાં પરિવર્તનનો રહ્યો. એક જ શબ્દ 'વિકાસ'ને તેમણે પોતાના અને લોકોના સહિયારા પરિશ્રમથી પારસમણિ બનાવી દીધો છે. રાજકીય પરિપ્રેક્ષ્યથી સાવ દૂર રહેલી એક વ્યક્તિને જ્યારે ગુજરાત રાજ્યની શાસનધુરા સોંપવામાં આવી ત્યારે જનહિત માટે તેમણે સંપૂર્ણ ઊર્જા સાથે વિકાસકાર્યો કર્યાં. ગુજરાતને મુખ્યમંત્રીશ્રી અને ત્યાર બાદ પ્રધાનસેવક તરીકે અમૂલ્ય સેવાઓ પ્રદાન કરી, જે પૈકીની અગત્યની સિદ્ધિઓ આ લેખમાં સાંકળી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### કચ્છનું ભવ્ય પુનઃનિર્માણ

ભૂકંપ બાદ ગુજરાતને બેઠું નહીં, પણ દોડતું કરવામાં અને પ્રજાને હતાશાની ગર્તમાંથી બહાર નીકળવાની હામ આપવામાં મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોઈ કચાશ ન દાખવી. નવી યોજનાઓ, નવા પ્રકલ્પો અને મક્કમ નિર્ણયશક્તિમાં તેમના આર્ષદ્રષ્ટારૂપી વ્યક્તિત્વની ઝલક મળે છે. પીવાના પાણીની પાઈપલાઈનથી માંડીને રસ્તાઓનું નવું નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું. ખાસ તો મુક્ત કરનીતિથી અગ્રણી ઉદ્યોગગૃહો કચ્છ તરફ આકર્ષાયાં. વધુમાં વધુ ગ્રામીણ આવાસોનું નિર્માણ કરાયું. કચ્છના સ્વાતંત્ર્યસેનાની ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્માના પ્રદાનને માંડવીમાં ક્રાંતિતીર્થરૂપે યથોચિત સન્માન પ્રદાન કર્યું.

### 'જ્ઞાનશક્તિ'

ગુજરાતમાં વર્ષ ૨૦૦૩માં 'કન્યા કેળવણી રથયાત્રા' અને 'શાળા પ્રવેશોત્સવ' અભિયાન, વર્ષ ૨૦૦૭માં કન્યા કેળવણી નિધિ યોજના, વર્ષ ૨૦૦૯માં ગુણોત્સવ થકી મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કર્યું. જનભાગીદારી થકી 'વાંચે ગુજરાત' અભિયાનને જ્ઞાનનો ઉત્સવ બનાવ્યું. ત્યાર બાદ દેશના પ્રથમ વિશ્વસ્તરીય કમાન્ડ ઍન્ડ કન્ટ્રોલ સેન્ટરને વડાપ્રધાનશ્રીએ વિદ્યાસમીક્ષા કેન્દ્ર નામકરણ કરી તેનો વ્યાપ વધાર્યો.

### વાઇબ્રન્ટ ગુજરાત સમિટ

ગુજરાતમાં વિકાસની તકો અને સંભાવનાઓને ઉજાગર કરવા વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરવામાં આવી. આ ઈવેન્ટે રાજ્યને વૈશ્વિક ફલક ઉપર મૂકી દીધું. વૈશ્વિક રોકાણકારો ગુજરાતના વિકાસના વિઝનથી આકર્ષાયા અને રાજ્યમાં મોટા પ્રમાણમાં રોકાણ કર્યું. તેના પરિણામ સ્વરૂપે આજે ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટનું હબ બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં શરૂ થયેલી વાઈબ્રન્ટ સમિટનું આગામી વર્ષ ૨૦૨૭માં વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આયોજન થઈ રહ્યું છે.



Downloaded from websankul.com




### 'સ્વાગત' કાર્યક્રમ

વર્ષ ૨૦૦૩ની તા.૨૪મી એપ્રિલે રાજ્યના ઇતિહાસમાં એક નવતર અધ્યાય લખાવો શરૂ થયો. આ દિવસે રાજ્ય 'સ્વાગત' કાર્યક્રમની શરૂઆતની સાથે જ પ્રજાને પોતાની રજૂઆત કરવાનો મંચ મળ્યો, જેનો રિવ્યૂ રાજ્યના મુખ્યમંત્રીશ્રી સ્વયં કરે છે અને લોકોની વાત સાંભળે છે.

### સુરત

ઑગસ્ટ-૨૦૦૬માં તાપી નદીમાં પૂરને કારણે લૂમ્સ, હીરાબજારથી ધમધમતું સુરત પડી ભાંગ્યું ત્યારે તેની ડ્રેનેજ-વ્યવસ્થાથી માંડીને વહીવટી તંત્રનું પુનઃનિર્માણ કર્યું. આજે સુરત ભારતના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઊભરી આવ્યું છે. ભારતના પ્રથમ ડાયમંડ-સિટી એવા સુરતમાં, 'સુરત ડાયમંડ બુર્સ'નું નિર્માણ થયું છે. સૂરતને સોનાની મૂરત બનાવનાર આ ભવ્ય સંકુલનું ઉદ્‌ઘાટન તા.૧૭ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

### ખેલ-મહાકુંભ

મુખ્યમંત્રીશ્રી તરીકે તેમણે શરૂ કરાવેલા ખેલ-મહાકુંભે સરિતા ગાયકવાડ સહિતનાં પ્રતિભાશાળી ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય ફલક ઉપર ચમકાવ્યાં. ગુજરાતે શરૂ કરેલા ખેલ મહાકુંભના ચીલે ચાલીને 'ખેલો ઇન્ડિયા' તરીકે આજે ભારત સરકાર પણ તેનું આયોજન કરે છે, જેમાં પણ વડાપ્રધાનશ્રીનાં વિઝન અને માર્ગદર્શન છે.

### કૃષિ, સહકારી ક્ષેત્રમાં સમૃદ્ધિ

કૃષિની કાયાપલટ કરવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રીશ્રી તરીકે શરૂ કર્યું હતું. કૃષિ મહોત્સવ શરૂ કરીને કૃષિ-વૈજ્ઞાનિકો, અધિકારીઓ અને ખેડૂતોને એક મંચ પર લાવીને ઉત્તમ કૃષિ-ઉત્પાદન મેળવવા માર્ગદર્શન આપવામાં આવ્યું. ૨૨ કૃષિ-મહોત્સવોમાં ૨.૨૮ કરોડ ખેડૂતોને માર્ગદર્શન મળ્યું. સોઈલ હેલ્થકાર્ડ્સથી જમીનનું સચોટ આકલન મળતાં ખેતપેદાશ વધવા સાથે ખેડૂતોની આવકમાં વધારો થયો. આઈ-ખેડૂત પોર્ટલ, શૂન્ય ટકાના વ્યાજદરે ખેડૂતોને લોન, ન્યૂનતમ ટેકાના ભાવે કૃષિને સમૃદ્ધ બનાવી. પશુ આરોગ્યમેળા શરૂ કરાવ્યા, જેણે ડેરી-ઉદ્યોગને વેગવાન બનાવ્યો.

### જળ-વ્યવસ્થાપન

દાયકાઓથી જળસંકટનો સામનો કરતા ગુજરાતને ઉગારવા મુખ્યમંત્રીશ્રી તરીકે 'સુજલામ્ સુફલામ્' યોજનાની શરૂઆત કરાવી ઉત્તર ગુજરાતને પાણીદાર બનાવ્યું, જેના થકી નર્મદાનાં નીરને કચ્છ સુધી પહોંચતાં કર્યાં. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રને આ યોજનાએ પાણીદાર પાણિયારાં બનાવી દીધાં. વર્ષ ૨૦૧૨ સુધીમાં ગુજરાતમાં ૧.૫ લાખ ચૅકડૅમ બનાવાયા, જે વર્ષ ૨૦૧૯ સુધીમાં ૧.૮૫ લાખની સંખ્યાને પાર કરી ગયા. આ જળ-વ્યવસ્થાપનના કારણે ભૂગર્ભ જળ-રિચાર્જ ૨૦૦૨ના સ્તરની સરખામણીમાં ૫૦ ટકા વધ્યું છે.

### વિષય-વિશિષ્ટ યુનિવર્સિટીઓ

ગુજરાતમાં સેક્ટર સ્પેસિફિક (Sector-Specific / Specialized) યુનિવર્સિટીઓની શરૂઆત શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળ દરમિયાન તેમના વિઝનરી અભિગમથી કરવામાં આવી હતી. આ મહત્ત્વની યુનિવર્સિટીઓમાં આંતરિક સુરક્ષા માટેની રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગુજરાત ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, જે બાદમાં નૅશનલ યુનિવર્સિટી બની, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, ભારતની પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર ઍજ્યુકેશન, લકુલીશ યોગ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે.



Downloaded from websankul.com

### ધોલેરા 'સેઝ'

મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખંભાતના અખાત પર આવેલા ધોલેરાને એક સુનિયોજિત ગ્રીનફિલ્ડ શહેર બનાવવાનું સ્વપ્ન સેવ્યું હતું, જ્યાં પ્લૉટ વેચાય તે પહેલાં જ રસ્તા, પાણી, વીજળી અને ફાઈબર લાઈન પહોંચાડી દેવામાં આવ્યાં છે.

### આપદા પ્રબંધન કાયદો

ભૂકંપમાંથી શીખ મેળવીને ગુજરાતે વર્ષ ૨૦૦૩માં દેશનો પ્રથમ રાજ્ય આપદા પ્રબંધન કાયદો પસાર કર્યો. પરિણામે કચ્છ ભારતમાં સૌથી ઝડપી વૃદ્ધિ પામતો જિલ્લો બન્યો. આ કાયદા હેઠળ મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં રાજ્ય આપત્તિ-વ્યવસ્થાપન સત્તામંડળની રચના કરાઈ, જેને આપત્તિ-નિવારણ, પૂર્વતૈયારી, ક્ષમતા-નિર્માણ, સંકલિત પ્રતિસાદની કામગીરી સોંપાઈ.

### જળવાયુ પરિવર્તન વિભાગ

વર્ષ ૨૦૦૯માં ગુજરાત સરકારે સમગ્ર એશિયામાં પ્રથમ અલગ જળવાયુ પરિવર્તન વિભાગ શરૂ કર્યો. અલગ બજેટ ફાળવીને કર્મચારીઓને અક્ષય ઊર્જા પ્રોત્સાહન, જળસંચય અને જળવાયુ પ્રતિરોધનાં કાર્યો જેવાં આયોજનો સોંપવામાં આવ્યાં. એ સમયે મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જળવાયુના વહીવટની કામગીરીને ઋતુ-આધારિત નહીં, પરંતુ નિરંતર કામગીરી બનાવી.

### રણોત્સવ

ભૂકંપ બાદ પડી ભાંગેલા કચ્છમાં ઔદ્યોગિક વિકાસ થવાથી આર્થિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ જોવા મળી. તો બીજી બાજુ કચ્છની ધીંગી ધરા પર કુદરતે પાથરેલા સૌંદર્યને વૈશ્વિક ફલક પર લઈ જવાનો યશ પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીના ફાળે જાય છે. તેમણે કચ્છનાં હસ્તકળા અને પ્રવાસન સ્થળોને રણોત્સવના માધ્યમથી ઉજાગર કરીને પ્રજાનો ઉત્સાહ વધાર્યો. વર્ષ ૨૦૦૫માં મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છના ધોરડો પાસે રણોત્સવ શરૂ કરાવ્યો.

### નિર્મળ ગુજરાત

નિર્મળ ગુજરાતની શરૂઆત વર્ષ ૨૦૦૬માં એવા અનોખા વિચાર સાથે થઈ કે જેમાં સરકારી વિભાગ નહીં, ગામ જાતે જ સ્વચ્છતાની જવાબદારી નિભાવે. આ અભિયાનમાં શૌચાલયની સ્વચ્છતા, કચરાનો નિકાલ, જાહેર જગ્યાની સફાઈને એક જ પ્રયાસ હેઠળ પંચાયતો, શાળાઓ, મહિલા-મંડળો સ્થાનિક સંસ્થાઓને આવરી લેવામાં આવ્યાં. વર્ષ ૨૦૦૮ સુધીમાં ૭૩૯ ગ્રામ પંચાયતોને રાષ્ટ્રીય નિર્મળ ગ્રામ પુરસ્કાર મળ્યા તે તેની સફળતાની સાબિતી છે.

### આરોગ્યક્ષેત્રે નવો અધ્યાય

વર્ષ ૨૦૦૭માં ૧૦૮ ઍમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ, તબીબી શિક્ષણ માટે મેડિકલ ક્ષેત્રે બેઠકો વધારી. બાળકો, સગર્ભાને રોગો સામે રક્ષણ, આંગણવાડીઓમાં પોષણયુક્ત આહારની શરૂઆત કરાવી. આ સાથે ગંભીર બીમારીઓ માટે કૅશલેસ તબીબી અને શસ્ત્રક્રિયાની સારવાર માટે મુખ્યમંત્રી અમૃતમ્ ('મા') યોજના શરૂ કરી. વર્ષ ૨૦૧૨માં શરૂ થયેલી આ યોજનાથી સેંકડો નાગરિકોને સમયસર અને ઉત્તમ સારવાર મળી.

### નારીશક્તિની નવી ઉડાન

વર્ષ ૨૦૦૯માં મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામત, નારી-ગૌરવ નીતિની રચના કરનાર ગુજરાત દેશનું પહેલું રાજ્ય બન્યું. પશુપાલક મહિલાઓને સહકારી ક્ષેત્રે મહત્તમ યોગદાન આપવા સક્ષમ બનાવી. બાયોગૅસ, નિર્ધૂમ ચૂલા, નલ સે જલ જેવી યોજનાઓથી મહિલાઓના સમયની બચત થઈ. મહિલા અને બાળકલ્યાણનો અલાયદો વિભાગ, સખીમંડળની રચના, ચિરંજીવી યોજના, પ્રસૂતાઓને વિનામૂલ્યે પ્રસૂતિ-સારવાર અમલી બનાવાઈ, તો 'સુકન્યા સમૃદ્ધિ' યોજના અને 'લખપતિ દીદી' યોજના શરૂ કરવામાં આવી હતી.

### વંચિત-વિકાસ

મુખ્યમંત્રીપદેથી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજનાનું અમલીકરણ કરાવ્યું. સમરસ છાત્રાલયોનું નિર્માણ, દેશમાં પ્રથમ સિકલસેલ એનિમિયા કંટ્રોલ પ્રોગ્રામ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીની









Downloaded from websankul.com

સ્થાપના, જનજાતીય કલ્યાણ યોજનાઓની શરૂઆત, ભગવાનશ્રી બિરસા મુંડા જયંતીની ઉજવણી, એકલવ્ય મૉડલ રેસિડેન્શિયલ સ્કૂલની સ્થાપના શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃઢ સંકલ્પબળનું પરિણામ છે, તેમજ વર્ષ ૨૦૦૯માં ગરીબ કલ્યાણ મેળા શરૂ કરાવ્યા.

### ઊર્જાશક્તિ

જ્યોતિગ્રામ યોજના દ્વારા ગુજરાતનાં ૧૮ હજાર ગામડાંઓમાંથી અંધકાર દૂર કરીને વીજળી પહોંચાડવાનું અભૂતપૂર્વ કાર્ય તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈના દૃષ્ટિવંત માર્ગદર્શનમાં થયું. રિન્યુએબલ ઍનર્જીના ક્ષેત્રે વર્ષ ૨૦૧૨માં દેશનો પ્રથમ સોલાર પાવર પ્લાન્ટ ચારણકામાં શરૂ કરાવ્યો. રિન્યૂએબલ એનર્જીના ક્ષેત્રે શ્રીમોદીએ કંડારેલી વિકાસરેખાને વર્તમાન રાજ્ય સરકાર પણ આગળ ધપાવી રહી છે. આજે કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યૂએબલ ઍનર્જી પાર્કનું નિર્માણ ચાલી રહ્યું છે. તો, મહેસાણાનું મોઢેરા દેશનું પ્રથમ સોલાર વિલેજ બન્યું. સોલાર રૂફટોપ યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રાજ્ય છે.

### સાબરમતીનો તટ બન્યો સુંદર

વર્ષ ૨૦૦૫માં સાબરમતી રિવરફ્રન્ટના ફેઝ-1ની શરૂઆત થઈ. વર્ષ ૨૦૧૨થી તબક્કાવાર તેને ખોલવામાં આવ્યો. ૧૧.૨૫ કિમીને જાહેર વૉક-વેમાં ફેરવી દેવાયો. આ કાર્ય માટે નદીકિનારાના વસાહતીઓનું પુનર્વસન કરવામાં આવ્યું. સાબરમતી પર બનેલો અટલ ફૂટ ઓવરબ્રિજ પ્રવાસીઓનું આકર્ષણ બની રહ્યો છે. આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, આંતરરાષ્ટ્રીય ફ્લાવર-શો રિવરફ્રન્ટ ઉપર જ યોજાય છે.

### કાંકરિયાની થઈ કાયાપલટ

અમદાવાદના કાંકરિયા લેકને નવું સ્વરૂપ આપવા સાથે કાંકરિયા કાર્નિવલ શરૂ કરવામાં આવ્યો, જેથી કાંકરિયા જાહેર મનોરંજનના મુખ્ય સ્થળ તરીકે ઊભરી આવ્યું. આજે કાર્નિવલના ભાગરૂપે યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો, સંગીતસંધ્યા ભારતીય સંસ્કૃતિને જીવંત બનાવી રહ્યાં છે. આ સિવાય રાજકોટને ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ, સુરતમાં આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ, અમદાવાદ, રાજકોટ, સુરત, જામનગરમાં રિંગ રોડ, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે, અમદાવાદમાં બીઆરટીએસ અને મેટ્રોની સુવિધાનાં સ્વપ્ન સાકાર થયાં છે.

### ઔદ્યોગિક ક્રાંતિ

વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ યોજીને ઔદ્યોગિક ક્રાંતિનાં દ્વાર તેમણે ખોલ્યાં. તેમના વડાપ્રધાન તરીકેના કાર્યકાળમાં જ ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં ૬ સેમિકંડક્ટર પ્લાન્ટને મંજૂરી મળી છે. વડોદરામાં ટાટા




ઍડવાન્સ્ડ સિસ્ટમ્સ લિ. કેમ્પસમાં C-295 ઍરક્રાફ્ટનું નિર્માણ થયું. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત ઑટોમોબાઈલ હબ બન્યું.

### સિંગલ વિન્ડો સિસ્ટિમ

રોકાણકારોને પ્રોત્સાહિત કરવા અને વહીવટી સુગમતા માટે વર્ષ-૨૦૧૩માં સિંગલ વિન્ડો સિસ્ટિમ કાર્યરત કરાઈ, જેને પરિણામે રોકાણ અને રોજગારીમાં વધારો થયો. વર્ષ-૨૦૨૧માં નૅશનલ સિંગલ વિન્ડો સિસ્ટિમ રાષ્ટ્રીય સ્તરે લાગુ કરવામાં આવી.

### આપણો તાલુકો, વાઇબ્રન્ટ તાલુકો (ATVT)

વર્ષ ૨૦૧૧-૧૨થી રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ચાલતી વિકાસની પ્રક્રિયા તાલુકા કક્ષાએથી જ શરૂ થાય અને ગ્રામીણ પ્રજાને તેની જરૂરિયાત મુજબની સુદૃઢ પાયાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાય તે હેતુને ધ્યાને લઈ 'એ.ટી.વી.ટી.' નામની એક નવી યોજના અમલમાં લાવવામાં આવી છે, જેનાથી વિકાસના દરને 'Double Digit' પાર કરાવવાનો લક્ષ્યાંક



Downloaded from websankul.com

નિયત કરવામાં આવ્યો છે. તેનો મુખ્ય હેતુ મૂળભૂત પાયાગત સુવિધાઓ, જેવી કે ગામોના આંતરિક રસ્તા, ગટર-વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા આપવાનો તથા ઘન કચરાનો નિકાલ કરવાનો છે.

### પ્રવાસનમાં પ્રાણ પૂર્યા

ગુજરાતની અસ્મિતા અને ઓળખ એવા ઘણા મેળા - ઉત્સવોને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવાનું કાર્ય શ્રીમોદીએ કર્યું. તેમણે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, કાંકરિયા કાર્નિવલ, વડનગરમાં તાનારીરી મહોત્સવ, મોઢેરામાં ઉત્તરાર્ધ મહોત્સવ તથા માધવપુર ઘેડના મેળાને નવી ઓળખ અપાવી. સોમનાથ, અંબાજી, પાવાગઢ યાત્રાધામોમાં સુવિધા વધારવામાં આવી. આ સાથે, પાટણની રાણીની વાવ, ધોળાવીરા, ચાંપાનેર, અમદાવાદ શહેરને વર્લ્ડ હેરિટેજ સાઇટ્સમાં સ્થાન અપાવ્યું. યુનેસ્કો દ્વારા અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર તરીકે ગુજરાતની ઓળખ સમા ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક ધરોહરની યાદીમાં સ્થાન આપ્યું છે.

### સરદાર સરોવર નર્મદા યોજના

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનાનું કામ અનેક વિવાદોના કારણે બંધ પડ્યું હતું. મુખ્યમંત્રી તરીકે શ્રીમોદી નર્મદા યોજનાના કાર્યને સતત આગળ ધપાવતા રહ્યા. રાજ્યમાં કેનાલના નેટવર્કમાં સતત વધારો કરવામાં આવી રહ્યો હતો. વડાપ્રધાન બન્યા બાદ માત્ર ૧૭ જ દિવસમાં સરદાર સરોવર બંધ તેની પૂર્ણ ઊંચાઈ સુધી લઈ જવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો. આજે નર્મદાનાં નીર ૯ હજાર ગામડાં અને ૧૭૦ શહેરો સુધી પહોંચ્યાં છે. રાજ્યમાં નર્મદા યોજનાનું સિંચાઈ-નેટવર્ક ૬૩૯૭૦ કિમી વિસ્તાર્યું. સરદાર સરોવર યોજના થકી રાજ્યમાં સરેરાશ ૧૬.૨૨ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ થાય છે. રાજ્યના ૧૭ જિલ્લાઓમાં સિંચાઈની સુવિધાએ કૃષિને જીવંત બનાવી. કેવડિયાના ઝીરો પોઈન્ટથી નર્મદા ડૅમથી આશરે ૭૪૩ કિમી દૂર કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના મોડકૂબા ગામે નર્મદાનાં નીર પહોંચ્યાં છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રહ્યા બાદ દેશભરમાં ગુજરાતના વિકાસ મૉડલને કારણે જાણીતા બનેલા શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન-રૂપે પ્રધાનસેવક બન્યા. વડાપ્રધાન તરીકે શપથ લેતાંની સાથે જ તેમણે પોતાને દેશના પ્રધાનસેવક જાહેર કરીને જનસમર્પિત રહેવાના પોતાના સંકલ્પનો પુનરુચ્ચાર કરી દેશના લોકોના જીવનધોરણને ઊંચું લાવવાના પ્રયાસો શરૂ કર્યા. તેમના આ પ્રયાસો દ્વારા સમગ્ર વિશ્વ સમક્ષ ભારતની એક મજબૂત અને સશક્ત દેશ તરીકેની ઓળખ પ્રસ્થાપિત થઈ છે.

### 'મન કી બાત'

જન-જન સાથે જોડાવા ભારતીય ઈતિહાસમાં સૌપ્રથમ વાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પહેલ કરી અને રેડિયો ઉપર 'મન કી બાત' કાર્યક્રમ થકી આજ દિન સુધી તેઓ જોડાયેલા રહ્યા છે. તેમની પ્રેરણાત્મક વાતો દેશમાં જનજાગૃતિ લાવવામાં નિમિત્ત બની છે.

### સ્ટૅચ્યૂ ઑફ યુનિટી

ભારતને એક કરનાર અસરદાર સરદાર એવા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના સામર્થ્યને વિશ્વ સમક્ષ ઉજાગર કરતી વિશ્વની સૌથી ઊંચી (૧૮૨ મીટરની) પ્રતિમા કેવડિયા પાસે સાધુબેટ પર સ્ટૅચ્યુ ઑફ યુનિટીરૂપે સ્થાપવામાં આવી. તા.૩૧ ઑક્ટોબર ૨૦૧૩ના દિવસે સરદાર જયંતીના દિવસે શરૂ થયેલું કાર્ય પાંચ વર્ષમાં પૂર્ણ કરીને વર્ષ ૨૦૧૮માં પ્રતિમાને ખુલ્લી મૂકવામાં આવી. ભારતમાં આવનાર વિદેશી પ્રવાસીઓમાં આજે તેણે ભારે આકર્ષણ ઊભું કર્યું છે.

### ગિફ્ટ સિટી

વર્ષ ૨૦૦૮માં જાહેર કરાયેલા અને વર્ષ ૨૦૧૩માં શરૂ કરાયેલા ગાંધીનગર પાસેના ગિફ્ટ સિટીએ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાકેન્દ્ર તરીકે કાઠું કાઢ્યું છે. તે આ પ્રકારનું પ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટસિટી છે. આજે તે ફાઇનાન્શિયલ હબ બન્યા બાદ એજ્યુકેશનલ હબ બનવા તરફ કૂચ કરી રહ્યું છે. અનેક વિદેશી યુનિવર્સિટીઓના સહયોગથી વિવિધ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો ગિફ્ટસિટીમાં શરૂ થયા છે.

### MyGov

નીતિ-નિર્ધારણમાં જન-અભિપ્રાય મેળવવા માટે નાગરિકોના મંચ તરીકે વર્ષ ૨૦૧૪માં MyGovનો પ્રારંભ









Downloaded from websankul.com

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યો હતો. આ ડિજિટલ પ્લૅટફૉર્મનો મુખ્ય ઉદ્દેશ દેશના શાસનમાં નાગરિકોની સક્રિય ભાગીદારી વધારવાનો અને સુરાજ્ય તરફ આગળ વધવાનો છે. આ માધ્યમને પરિણામે નાગરિકો પ્રેક્ષકો નહીં, નીતિ-નિર્ધારણમાં જનભાગીદાર બન્યાં છે.

### આંતરરાષ્ટ્રીય યોગદિવસ

વર્ષ-૨૦૧૫માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારતે સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ આંતરરાષ્ટ્રીય યોગદિવસ માટે પ્રસ્તાવ મૂક્યો અને સૌપ્રથમ વાર તા.૨૧ જૂન ૨૦૧૫ના રોજ આંતરરાષ્ટ્રીય યોગદિવસની ઉજવણી કરવામાં આવી. આજે તે ૧૯૦ દેશોમાં ઊજવાય છે. યોગદિવસે એકસાથે યોગ કરવા સાથેના ઘણા વિશ્વવિક્રમો પણ નોંધાયા છે.

### 'સુદર્શન સેતુ'

ગુજરાતના ઓખા-બેટ દ્વારકા વચ્ચે ભારતના સૌથી લાંબા કેબલ સ્ટેડ બ્રિજ 'સુદર્શન સેતુ'નો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિલાન્યાસ કર્યો હતો અને વર્ષ ૨૦૨૪માં તે ખુલ્લો મુકાયો, જેના પરિણામે લાખો શ્રદ્ધાળુઓ માટે બેટ દ્વારકા જવું સુગમ બન્યું.

### બંદર ક્રાંતિ

મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ગુજરાતના દરિયાકિનારાને ઔદ્યોગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં પરિવર્તિત કર્યું. બંદરોનું આયોજન વીજળી, રસ્તા, રેલવે, ઔદ્યોગિક વિસ્તારો સાથે મળીને કરવામાં આવ્યું. મુંદ્રા, હજીરા, પીપાવાવ આ જ મૉડલ પર વિકસ્યાં છે. ગુજરાતના આ અભિગમે રાષ્ટ્રીય નીતિને નવો આકાર આપ્યો.

### સોમનાથ મહોત્સવ

સોમનાથ ખાતે 'સમુદ્ર દર્શનપથ'ના નિર્માણ સાથે દરિયાકાંઠાનું રક્ષણ અને પ્રવાસન બંને અર્થસભર બન્યાં. ઉપરાંત, સોમનાથ મહોત્સવરૂપે આક્રમણકારોના વિનાશ બાદ પણ સોમનાથ મહાદેવના અચળ અસ્તિત્વની વિશ્વને ઝાંખી કરાવી. સોમનાથ પરિસરને પણ પુનઃનિર્મિત કરાયું.

### શ્રી અન્ન (મિલેટ) ઉત્સવ

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી અન્ન (મિલેટ) ઉત્સવ શરૂ કરાવીને સ્વાસ્થ્યવર્ધન આહાર-પ્રણાલીને વધુ મજબૂત કરી. બાજરી, જુવાર, રાગીને બાળકોના ખોરાક તરીકે લાવવા પ્રેરણા પૂરી પાડી. ગુજરાતમાં પણ મિલેટ-ઉત્સવ થકી તેને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ભારતની રજૂઆત બાદ સંયુક્ત રાષ્ટ્રે વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે જાહેર કર્યું.

દેશનાં ખેડૂતો, મહિલાઓ, આદિજાતિ તેમજ વંચિત સમાજના પરિવારો, વિદ્યાર્થી વર્ગ, યુવા વર્ગ, ઉદ્યોગ-સાહસિકો




અને વડીલજનો સર્વના ઉત્કર્ષ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સતત સક્રિય રહે છે. તેમના નેતૃત્વમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી-ગ્રામીણ), સ્વચ્છ ભારત મિશન (શહેરી-ગ્રામીણ), પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ, પીએમ સ્વનિધિ યોજના, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી ગરીબ અન્ન યોજના, પ્રધાનમંત્રી ઉજાલા યોજના, આયુષ્માન ભારત ડિજિટલ મિશન, આયુષ્માન આરોગ્ય મંદિર, પીએમ કુસુમ યોજના, અમૃત ભારત સ્ટેશન યોજના, પીએમ વિશ્વકર્મા યોજના, પ્રધાનમંત્રી જનધન યોજના, પીએમ સૂર્યઘર યોજના જેવી યોજનાઓ દ્વારા ગુજરાતનાં નાગરિકોને પણ લાભ આપવામાં આવી રહ્યો છે. વંદે ભારત ટ્રેન દ્વારા હવે રેલમાર્ગે પણ લોકો ઝડપથી ગંતવ્યસ્થાને પહોંચી રહ્યાં છે. વળી, વોકલ ફોર લોકલ જેવી વડાપ્રધાન તરીકે તેમણે કરેલી પહેલે સ્થાનિક કારીગરોનાં ઉત્પાદનો અને MSMEને નવો વેગ આપ્યો છે.



Downloaded from websankul.com











## પુનરુત્થાનનાં-પરિશ્રમનાં

# ૨૫ વર્ષની ઉજવણી

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥

"મહાન પુરુષ જેવું આચરણ કરે છે, સામાન્ય લોકો તેનું અનુસરણ કરે છે. તેઓ પોતાના આદર્શ કાર્યો દ્વારા જે ધોરણો સ્થાપિત કરે છે, સમગ્ર વિશ્વ તેનું અનુસરણ કરે છે."

ગુજરાતના વડનગરના એક મધ્યમ વર્ગીય કુટુંબમાં જન્મી અને ઊછરી રહેલા એક બાળકે પોતાનાં સમાજોત્થાનનાં કાર્યોથી માત્ર રાજ્યનું જ સર્વોચ્ચ નેતૃત્વ નહીં, પણ સમગ્ર દેશનું ઉચ્ચતમ નેતૃત્વ કરવા સુધીની સફર સુપેરે પાર પાડી ત્યારે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના કર્મયોગના ઉપરોક્ત શ્લોકનું સ્મરણ સાહજિકપણે થાય. પોતાના જાહેર જીવનના લોકસેવાનો અઢી દશકથી પણ વધુ સમય પ્રથમ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને ત્યાર બાદ દેશના વડાપ્રધાન તરીકે સેવાયાત્રારૂપે ગુજરાતના પનોતા પુત્ર અને લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરિદ્રનારાયણની સેવામાં પસાર કર્યો છે. જાહેરજીવનમાં લોકસેવાનાં તેમના ૨૫ વર્ષ દરમિયાન સતત 'સૌનો સાથ-સૌનો વિકાસ'ના ઉદ્દેશ સાથે આદરેલો સેવાનો યજ્ઞ જાહેરજીવન અને સમાજસેવામાં કાર્ય કરનારા લોકો માટે અનુકરણીય પ્રેરણા છે.

અંગત જીવનને ભૂલી જન્મદિન હોય કે અન્ય કોઈ પણ પ્રસંગ, 'રાષ્ટ્ર પ્રથમ'ના જ વિચારને પ્રાથમિકતા આપી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રત્યેક અવસરને જનસેવામાં અર્પિત કરી, પ્રાપ્ય જીવનની પ્રત્યેક ક્ષણ અને ઊર્જાની આહુતિ સેવાયજ્ઞમાં સમર્પિત કરી છે. આથી જ તેમના આ રાષ્ટ્રસેવાનાં અવિરત ૨૫ વર્ષના સેવાયજ્ઞને ઐતિહાસિક ઉપલક્ષમાં જનસેવાનાં કાર્યો દ્વારા જ ઊજવવા તા. ૧૭ સપ્ટેમ્બર- ૨૦૨૬ના રોજ વડાપ્રધાનશ્રીના જન્મદિવસ નિમિત્તે સમગ્ર રાજ્યમાં વિવિધ સેવાકીય અને જનકલ્યાણલક્ષી કાર્યક્રમો યોજાયા.

'સેવા સંકલ્પ અભિયાન' દરમિયાન સમગ્ર રાજ્યમાં 'આશીર્વાદનો દીવો', 'વડનગરથી વારાણસીની બાઈક કળશયાત્રા', 'શ્રમદાન', 'મારા સપનાનું ભારત-ચિત્ર સેવા, 'નમો સેવા-અનકહી કહાનીઓ, 'આંગણ મિલન સેવા, 'સેવાની કહાની, 'સેવા ફર્સ્ટ ઈનોવેશન ચૅલેન્જ', 'સુશાસન સેવા સંવાદ', 'સેવાના રંગ રાષ્ટ્રના સંગ', 'સેવા મારું યોગદાન, 'પ્રાકૃતિક કૃષિસંવાદ', 'ભજન-સંધ્યા', 'સત્સંગ', 'સાંસ્કૃતિક કાર્યક્રમો', વિવિધ મંદિરો અને ઐતિહાસિક સ્થળોનો રોશનીથી શણગાર' જેવા વિવિધ કાર્યક્રમો થકી ઉજવણી કરવામાં આવી. આ

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું જીવન 'ભારત પ્રથમ'નો મંત્ર અને ગરીબ કલ્યાણ માટે સમર્પિત છે**



Downloaded from websankul.com

કાર્યક્રમો રાજ્યના તમામ જિલ્લાઓમાં યોજવામાં આવ્યા. લોકોએ 'સેવા પરમો ધર્મ:'ના ભાવને સાકાર કરીને ઉપરોક્ત કાર્યક્રમોના માધ્યમથી સેવા, સ્વચ્છતા, સ્વાસ્થ્ય, શિક્ષણ, પર્યાવરણ સંરક્ષણ, જાગૃતિ અને સામાજિક જવાબદારીનાં કાર્યોને પ્રોત્સાહન આપવાનાં કાર્યો કર્યા.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રસેવાનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર રાજ્યમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઑક્ટોબર દરમિયાન 'સેવાસંકલ્પ અભિયાન' યોજાઈ રહ્યું છે. તેમાં ઉપનિષદોમાં સૂચવ્યા અનુસાર દરેક દિશામાંથી આવતા સારા વિચારોના આવકારને વધાવવાની વાતથી પ્રેરણા લઈ ગુજરાતની ભિન્ન દિશાઓમાં સ્થિત પવિત્ર યાત્રાધામો જેવાં કે સોમનાથ જ્યોતિર્લિંગ, શામળાજી, પાવાગઢ શક્તિપીઠ અને નવસારીના ઉનાઈ માતાજી મંદિરથી આરંભાયેલી ચાર બાઈકયાત્રાના યાત્રિકો વડનગર પહોંચ્યા. આ યાત્રિકો જિલ્લા, રાજ્ય અને દેશના અંતરિયાળ માર્ગોમાંથી પસાર થતી વખતે શિક્ષણ, આરોગ્ય, રોજગાર, પર્યાવરણ, સ્વચ્છતા અને સરકારી યોજનાઓ વિષે લોકજાગૃતિ ફેલાવવાનું કાર્ય કરી રહ્યા છે.

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત પવિત્ર યાત્રાધામ શામળાજી ખાતે વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી તથા અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી પી.સી. બરંડાએ લીલી ઝંડી આપી શામળાજીથી વડનગર બાઈક સેવા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. યાત્રાને પ્રસ્થાન કરાવ્યા બાદ બંને મંત્રીશ્રીઓ પોતે બાઈક પર સવાર થઈ યાત્રામાં જોડાયા હતા. વિવિધ નદીઓના પવિત્ર જળને એકત્રિત કરી ઉત્તર ગુજરાતના વિવિધ ગામોમાંથી પસાર થતી આ સેવા યાત્રા વડનગર પહોંચી હતી. બાઈક સેવા યાત્રાના પ્રારંભ પૂર્વે શામળાજી મંદિર પરિસર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ શામળાજી બસ સ્ટેન્ડ ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રમદાન પણ કરવામાં આવ્યું હતું.

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત નવસારીના ઉનાઈ માતાજી મંદિરથી પ્રારંભ થયેલી વડનગરથી વારાણસી-૨૦૨૬ બાઈક કળશ યાત્રા તાપી, સુરત, નર્મદા, વડોદરા અને અમદાવાદ સહિતના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ વડનગર ખાતે પરિપૂર્ણ થઈ તેમજ સોમનાથ, શામળાજી અને પાવાગઢથી જોડાયેલા યુવાનોની પણ યાત્રાનો એક પડાવ પૂર્ણ થઈ નવી નિર્ધારિત દિશા - વારાણસીની યાત્રાનો પ્રારંભ પણ થયો.




આ સમગ્ર રાજ્યવ્યાપી યાત્રામાંથી પસાર થયા બાદ દેશવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન'ની ઉજવણીની શરૂઆત મહેસાણાના વડનગરના સુપ્રસિદ્ધ શર્મિષ્ઠા તળાવથી કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે




Downloaded from websankul.com

કરાવી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ શર્મિષ્ઠા ઘાટ પરથી કળશમાં જળ ગ્રહણ કર્યું હતું, જે વડનગરથી વારાણસી જનાર બાઇકર્સ દ્વારા કાશી વિશ્વનાથનાં ચરણોમાં અર્પણ કરવામાં આવશે. આ અવસરે ઉપસ્થિત મહાનુભાવોએ મહાઆરતીમાં સહભાગી થઈને વડાપ્રધાનશ્રીના સુદીર્ઘ અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરી. મહાઆરતી બાદ મહાનુભાવોએ શર્મિષ્ઠા તળાવથી સુપ્રસિદ્ધ હાટકેશ્વર મંદિર સુધી પદયાત્રા યોજી હતી. હાટકેશ્વર મંદિરથી આ બાઇક યાત્રાને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી તથા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સહિત તમામ મહાનુભાવોએ ફ્લૅગ-ઑફ કરાવ્યું હતું.

કેન્દ્રીયગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષના કાર્યકાળને ગરીબ કલ્યાણના સુવર્ણ યુગ તરીકે ઓળખવામાં આવશે. ૨૫ કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર લાવવાનું ભગીરથ કાર્ય આ શાસનમાં થયું છે. ૮૦ કરોડ ગરીબોને નિ:શુલ્ક અનાજ, આવાસ, શૌચાલય, વીજળી, ગૅસ સિલિન્ડર અને ૫ લાખ સુધીની મફત સારવારની સુવિધા પૂરી પાડીને છેવાડાના માનવીનું જીવનસ્તર સુધારવામાં આવ્યું. ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનાવવાનું શ્રેય તેમના નેતૃત્વને જાય છે. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનો જે સંકલ્પ લેવાયો છે, તેને પૂર્ણ કરવા માટે આ સેવાસંકલ્પ અભિયાન યુવાનો માટે પ્રેરણાસ્રોત બનશે.

આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદેએ તથા કેન્દ્રીય મંત્રી સુશ્રી અનુપ્રિયા પટેલે વડાપ્રધાનને જન્મદિવસની શુભેચ્છા પાઠવી અને અદ્યતન ભારત-નિર્માણમાં વડાપ્રધાનશ્રીનાં વિચાર, કાર્યો અને આવકાર્ય પરિણામોને બિરદાવ્યાં હતાં.

વડાપ્રધાનશ્રીની આ સેવાસાધના અને નૅશન ફર્સ્ટના ભાવને જન જન સુધી પહોંચાડવામાં 'વડનગરથી વારાણસીની બાઇક કળશ યાત્રા' મહત્ત્વનું માધ્યમ બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. તેમણે વિકસિત ભારતના સંકલ્પમાં સૌને જોડવાનું આહ્વાન કરતાં બાઇકર્સને સફળ યાત્રાની શુભેચ્છાઓ પાઠવી હતી.





કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ વડનગર રેલવેસ્ટેશન ખાતે યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં અને મુખ્યમંત્રીશ્રીએ વડનગર બસ પોર્ટ ખાતે 'શ્રમદાન' કરી નાગરિકોને પોતાના પરિસરને સ્વચ્છ રાખવાનો પ્રેરણાદાયી સંદેશ પાઠવ્યો હતો. પર્યાવરણ જતનના સંકલ્પ સાથે 'એક પેડ માં કે નામ' ઝુંબેશ અંતર્ગત સ્ટેશન પરિસરમાં ભાવપૂર્વક વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, પૂર્વમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સામાજિક અગ્રણીશ્રીઓ, સાંસદો, ધારાસભ્યો, સંતો-મહંતો અને વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

વડનગર ખાતેની મહાઆરતી અને શ્રમદાન બાદ વડાપ્રધાનશ્રીના રાષ્ટ્રસેવાનાં ૨૫ ગૌરવવંતાં વર્ષોની ઉજવણીના ઉપક્રમને આગળ વધારતાં કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં 'એક દીવો આશીર્વાદનો' કાર્યક્રમ અમદાવાદના કાંકરિયા લેકફ્રન્ટ ખાતે ઊજવાયો. કાંકરિયા લેકફ્રન્ટનું પટાંગણ અંદાજિત સવા લાખ દીવડાઓથી ઝગમગી ઊઠ્યું હતું. ઉપસ્થિત નાગરિકો પણ હાથમાં દીવો લઈને મા ભારતીની આરતી ઉતારીને વડાપ્રધાનશ્રીની જનસેવાનાં ૨૫ વર્ષની આ ઉજવણીમાં જોડાયા હતા. આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમદાવાદના સુપ્રસિદ્ધ શ્રી જગન્નાથ મંદિર ખાતે યોજાયેલી મહાઆરતીમાં પણ સહભાગી થયા હતા. બંને મહાનુભાવોએ ભગવાન શ્રી જગન્નાથજીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તેમણે વડાપ્રધાનશ્રીના જન્મદિવસ નિમિત્તે ભગવાન શ્રી જગન્નાથજી પાસે તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી.

રાજ્યભરમાં થયેલી વિવિધ ઉજવણીઓમાંથી મુખ્યમંત્રીશ્રી વડનગર, અમદાવાદ અને ગાંધીનગરમાં આયોજિત વિવિધ



Downloaded from websankul.com

કાયક્રમોમાં લોકો સાથે જોડાયા. વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ ખાતે 'આશીર્વાદનો દીવો' કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને ભારત અને વિશેષ ગુજરાત માટે આશીર્વાદની જેમ વહાલનો વરસાદ કરતાં સૌ પ્રજાજનો સાથે વડાપ્રધાનશ્રીના જન્મદિવસની ઉજવણીમાં ભાગીદાર બન્યા.

આ ગૌરવવંતા સમારોહમાં સમગ્ર ભારતીય નકશા પર પ્રજ્વલિત કરાયેલ અદ્દભુત દીપોત્સવ, દીકરીઓના સ્વમુખે ગવાયેલા પૂર્ણ 'વંદે માતરમ્'નું ગાયન, ભક્તિરસથી છલકાતા ભવ્ય લોકડાયરા અને ભજનસંધ્યા, વડાપ્રધાનશ્રીની પ્રેરણાદાયી જીવનગાથાની પ્રસ્તુતિ અને 'સંકલ્પ - વિકસિત ભારત ૨૦૪૭' જેવા ભારતીય સંસ્કૃતિ અને દેશભક્તિના પાવન સંગમ સમાં અનેકવિધ આકર્ષણો રજૂ કરવામાં આવ્યાં હતાં.

વડાપ્રધાનશ્રીના રાષ્ટ્રસેવાનાં ૨૫ વર્ષની ઉજવણી દરમિયાન સેવાસંકલ્પ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં સાણંદ તાલુકાના નાની દેવતી ખાતે યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.





આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપમાં આજે દેશનો યુવાન ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે. દેશમાં અગાઉ સ્ટાર્ટઅપ અંગે કોઈ વિશિષ્ટ વાતાવરણ કે પ્રોત્સાહન નહોતું, પરંતુ વડાપ્રધાનશ્રીએ સ્ટાર્ટઅપ ઈન્ડિયા પર ફોકસ કરીને યુવાનો માટે તકોનાં નવાં દ્વાર ખોલી આપ્યાં છે. આજે દેશનો યુવાન નોકરી શોધવાની માનસિકતામાંથી બહાર આવીને સ્વયં સ્ટાર્ટઅપ શરૂ કરી અન્ય લોકોને રોજગારી આપી રહ્યો છે. આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી પી.સી.બરંડા ઉપરાંત મોટી સંખ્યામાં યુવાનો અને અગ્રણીઓ હાજર રહ્યા હતા.

સેવાસંકલ્પ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંતરિયાળ આદિજાતિ વિસ્તારોના લોકોને આરોગ્ય સુખાકારીના મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પની ભેટ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ તાપી જિલ્લાના વ્યારામાં ૩૧૭ બેડની અતિ આધુનિક યુ.એન.એમ. ટ્રાન્ઝિશનલ હૉસ્પિટલનું લોકાર્પણ કર્યું. આ સાથે જ તાપીના આદિજાતિ વિસ્તારોના ૮ લાખથી વધુ લોકોને નજીકના સ્થળે જ આરોગ્યસેવાનો લાભ મળતો થશે. વળી, પી.પી.પી. મૉડલ પર આકાર પામી રહેલી યુ.એન.એમ. મેડિકલ કૉલેજ અને જનરલ હૉસ્પિટલ પ્રોજેક્ટની નવી ૮૦૦ બેડની હૉસ્પિટલનું ભૂમિપૂજન પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું. આ અવસરે તેમણે નવનિર્મિત હૉસ્પિટલ પરિસર તથા વિવિધ અત્યાધુનિક સુવિધાઓની મુલાકાત





Downloaded from websankul.com



લઈને નિરીક્ષણ કરી જાણકારી મેળવી હતી. આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, રમત-ગમત અને પ્રવાસન રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સ્થાનિક પદાધિકારી અને અધિકારીઓ સહિત યુ. એન. મહેતા ગ્રૂપના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'વડનગરથી વારાણસી' અને 'વારાણસીથી વડનગર' એમ બે ઐતિહાસિક બાઇક સેવાયાત્રાનો પ્રારંભ થયો છે. અમદાવાદ જિલ્લાના સાણંદ સુધી યાત્રા પહોંચી ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સ્વયં બાઇક ચલાવીને યાત્રિકો મધ્યે ઉત્સાહપૂર્વક જોડાયા હતા. જુદા-જુદા ૧૦ રૂટ પરથી આ યાત્રા પસાર થઈને વડાપ્રધાનશ્રીની ૨૫ વર્ષની અવિરત જનસેવા-સાધનાની સફળતા અને વિવિધ યોજનાઓ લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે.

વડનગરથી વારાણસી સુધીની આ બાઇકયાત્રા દેશનાં ૧૦ રાજ્યોના ૧૯૩ જિલ્લાઓ અને ૧,૧૫૯ જેટલાં ગામડાંઓમાંથી પસાર થઈને અંદાજે ૪૦,૦૦૦ કિલોમીટરનું અંતર કાપશે. આ બાઇક સેવાયાત્રાની દરેક ટુકડી અલગ અલગ રૂટ પરથી પસાર થઈને ૭ ઑક્ટોબર, એટલે કે શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાહેરજીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના દિવસે તેનું સમાપન કરશે.

વડનગર અને વારાણસી એમ બંને દિશામાંથી શરૂ થયેલી આ બાઇક સેવાયાત્રામાં ૧૦ અલગ-અલગ ગ્રૂપમાં ગ્રૂપદીઠ ૨૫ બાઇક ઉપર ૫૦ સેવાયાત્રીઓ જોડાયા છે. વડનગરથી વારાણસીની



યાત્રામાં ૨૫૦ બાઇક ઉપર ૫૦૦ સેવાયાત્રીઓ તેમજ વારાણસીથી વડનગરની યાત્રામાં પણ ૨૫૦ બાઇક ઉપર ૫૦૦ સેવાયાત્રીઓ સહભાગી થઈ રહ્યા છે. આ રીતે દેશભરમાંથી કુલ ૧,૦૦૦ જેટલા યુવાનો આ યાત્રામાં જોડાયા છે.

આ યાત્રા દરમિયાન વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, નશામુક્ત ભારત અભિયાન, ટીબીમુક્ત ભારત અભિયાન તથા જળસંરક્ષણ જાગૃતિ સહિતના કાર્યક્રમોનું સતત આયોજન થઈ રહ્યું છે. સફાઈ કર્મચારીઓનું સન્માન તેમજ સરકારી યોજનાઓના લાભાર્થીઓ, યુવાનો અને મહિલા સશક્તીકરણ સાથે જોડાયેલી યોજનાઓના લાભાર્થીઓ સાથે આત્મીય સંવાદ થઈ રહ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષની નિઃસ્વાર્થ સેવા અને સમર્પણના ઉપલક્ષમાં 'સેવાસંકલ્પ અભિયાન-



૨૦૨૬' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તાપીના કિનારે નાવડી ઓવારા ખાતે 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં તાપી માતાનાં ભક્તો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમ દરમિયાન ૧૦ હજાર જેટલા દીપ પ્રગટાવવીને 'આશીર્વાદનો દીવડો' જેવા આયોજનની શરૂઆત કરવામાં આવી. આ ઉજવણીમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના સણિયા કણદે તળાવ ખાતે ૫૧ હજાર દીવાઓ પ્રગટાવી વડાપ્રધાનશ્રીના સ્વસ્થ, યશસ્વી અને સુદીર્ઘ તંદુરસ્ત જીવન માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ઓલપાડના ઐતિહાસિક સિદ્ધનાથ મહાદેવ મંદિર ખાતે 'મારું મંદિર, મારી જવાબદારી' અને 'સ્વચ્છતાથી શિવત્વ' થીમ હેઠળ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાનાં સફળ ૨૫ વર્ષ અને તેમના જન્મદિનની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે મંત્રીશ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ છેલ્લાં ૨૫ વર્ષથી જનકલ્યાણ અને રાષ્ટ્રસેવાને સર્વોપરી માનીને કાર્ય કર્યું છે. તેમના સમર્પિત નેતૃત્વ હેઠળ દેશે વિકાસ અને સુશાસનના નવા આયામો સર કર્યા છે. 'એક દીવો આશીર્વાદનો' કાર્યક્રમ દ્વારા વડાપ્રધાનશ્રી પ્રત્યેની લાગણી, શુભેચ્છા



Downloaded from websankul.com




અને કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રસેવાનાં ૨૫ વર્ષના સેવા કાર્યકાળ નિમિત્તે 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગરૂપે નવસારી જિલ્લાના ઉનાઈ માતાજી મંદિરેથી પ્રસ્થાન કરાયેલી બાઇકયાત્રાનું સુરત જિલ્લાના માંડવી ખાતે કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય શ્રી ગણપતભાઈ વસાવા તેમજ ધારાસભ્ય શ્રી કુંવરજીભાઈ હળપતિએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું. સુરતના માંડવી ખાતે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મંત્રી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના રાજ્યમંત્રી શ્રી જયરામભાઈ ગામીત, શ્રી કુંવરજીભાઈ હળપતિ સહિતના મહાનુભાવોએ ભગવાન શ્રી બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી સેવા સંકલ્પ કળશમાં પવિત્ર તાપી મૈયાનું નીર અર્પણ કર્યું હતું. ત્યાર બાદ બલેઠી જવા માટે



બાઇકરેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

પાવાગઢથી શરૂ થયેલી બાઇકયાત્રાનું આણંદમાં સ્વાગત કરવામાં આવ્યું. શક્તિપીઠ પાવાગઢથી શરૂ થયેલી બાઇક રેલીનું ડાકોરથી પ્રસ્થાન થયું હતું. આ યાત્રા સાથે મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ડૉ. મનીષાબહેન વકીલ અને કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારા જોડાયા હતા. ડાકોરથી શરૂ થયેલી બીજા દિવસની આ યાત્રાનો આણંદના ઉમરેઠ ખાતેથી જિલ્લામાં પ્રવેશ થયો હતો. ઉમરેઠના આગેવાનો અને શહેરીજનોએ પુષ્પવર્ષા અને ઢોલ-નગારાં સાથે યાત્રાનું સ્વાગત કરીને યાત્રામાં આવેલા સેવાસંકલ્પ કળશમાં રહેલાં મહીસાગર નદીનાં નીરનાં વધામણાં



કર્યાં હતાં. આણંદ શહેરમાં પ્રવેશેલી આ યાત્રાને મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, આગેવાનો અને શહેરીજનોએ પુષ્પવર્ષા કરીને આવકારી હતી. વડાપ્રધાનશ્રીની ૨૫ વર્ષની સમર્પિત જનસેવા યાત્રાની ઉજવણીના ભાગરૂપે 'સેવાસંકલ્પ અભિયાન' અંતર્ગત રાજ્યમાં એકસાથે ચાર જગ્યાઓથી બાઇક-રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સોમનાથથી વડનગર સુધીની બાઇકરેલીનું અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં આગમન થયું હતું. આ પ્રસંગે નાણાં રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, ઉચ્ચ શિક્ષણ રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા અને શ્રમ રાજ્યમંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા સહિતના મહાનુભાવોએ રેલીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ રેલી સાણંદ શહેર થઈને ખોડા ગામ ખાતે પહોંચી હતી.

'સેવાસંકલ્પ અભિયાન' અંતર્ગત પવિત્રધામ શ્રી ઉનાઈ માતાના મંદિરથી શરૂ થયેલી સેવાસંકલ્પયાત્રાની બાઇકરેલી ખેડા જિલ્લાના યાત્રાધામ વડતાલ ખાતેથી જળસંપત્તિ પાણી પુરવઠા મંત્રીશ્રી



Downloaded from websankul.com





ઈશ્વરભાઈ પટેલ અને રમતગમત યુવકસેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીતની આગેવાનીમાં ગોમતી ઘાટેથી આગળ વધી હતી. આ યાત્રામાં ૨૫થી ૩૦ બાઇકસવારો સાથે એક પવિત્ર કળશરથ છે. આ સાથે વડાપ્રધાનશ્રીના કુશળ નેતૃત્વ હેઠળ ગુજરાત અને ભારતે સાધેલી વિકાસની અભૂતપૂર્વ યાત્રાની ઝાંખીગામે ગામ રજૂ કરતી LED વાન પણ વડનગરથી વારાણસીની યાત્રામાં ૨૫ વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણનાં દર્શન કરાવશે.

ખેડા જિલ્લાના યાત્રાધામ વડતાલ ખાતેથી જળસંપત્તિ પાણી પુરવઠા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલ અને રમતગમત યુવકસેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીતની આગેવાનીમાં ગોમતી ઘાટેથી આગળ વધી માતર તાલુકાના સંધાણા ખાતે ઢોલ-નગારાંના તાલે ભારતમાતાના જયઘોષ સાથે સેવાસંકલ્પ અભિયાન બાઈક-રેલીને આવકારવામાં આવી હતી. 'એક પેડ માં કે નામ' માતૃવન અંતર્ગત સૌએ પર્યાવરણનું સંરક્ષણ અને હરિયાળી વધારવાના સંકલ્પ સાથે બાલિકાઓના હસ્તે વૃક્ષારોપણ કરાવ્યું હતું. બાઈક-રેલીના બાઈક-સવારોનું જનશક્તિના ઉત્સાહ સાથે "ભારત માતા કી જય" અને "વંદે માતરમ્"ના ગગનભેદી જયઘોષથી મનોબળ વધારી વાતાવરણ રાષ્ટ્રભાવનાથી ભરી દીધું હતું.

કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલ દ્વારા નવસારી જિલ્લાના શ્રી ઉનાઈ માતાજી મંદિર ખાતેથી પ્રસ્થાન કરાવાયેલી બાઈક યાત્રા ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના ચાસવડ ખાતે પહોંચી ભવ્ય ઉષ્માભર્યું સ્વાગત પામી હતી. કૅબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, સાંસ્કૃતિક વિભાગના રાજ્યમંત્રી જયરામભાઈ ગામીત સહિત ઉપસ્થિત મહાનુભાવોએ કળશમાં જળ અર્પણ કરી વૃક્ષારોપણની ઝુંબેશને આગળ ધપાવી હતી. મહાનુભાવોએ સેવાસંકલ્પ કળશમાં પવિત્ર જળ અર્પણ કર્યું હતું.

## સાબરમતી મધ્યસ્થ જેલમાં કેદીઓ સાથે સંવાદ



*વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં જનસેવા, સાધના અને સુશાસનનાં ૨૫ વર્ષ સંદર્ભે યોજાઈ રહેલા 'સેવાસંકલ્પ અભિયાન' અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાબરમતી મધ્યસ્થ જેલની મુલાકાત લઈને કેદીઓ સાથે સહજ સંવાદ કર્યો હતો.*

*મુખ્યમંત્રીશ્રીએ કેદીઓ પાસેથી 'વૈષ્ણવજન તો તેને રે કહીએ...' ભજન સાંભળીને તેમાં દર્શાવાયેલાં મૂલ્યોનું અનુસરણ કરવા તેમને અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, એક નાનકડી ભૂલના કારણે મોટું નુકસાન થઈ શકે છે. એટલું જ નહીં, તેનું પરિણામ આખા પરિવારને ભોગવવું પડે છે. આ માટે તેમણે સૌને સંયમના માર્ગે ચાલવા અનુરોધ કર્યો હતો.*

*મુખ્યમંત્રીશ્રીએ કેદીઓને પણ 'સેવાસંકલ્પ અભિયાન'માં પોતાનું યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. આ અવસરે તેમણે કેદીઓના કૌશલ્ય-વિકાસ માટે કાર્યરત કમ્પ્યુટર સેન્ટર, સુથારીકામ, વણાટકામ અને બુક-બાઈન્ડિંગ સેન્ટરની મુલાકાત લઈને કેદીઓએ બનાવેલી વિવિધ વસ્તુઓની ખરીદી પણ કરી હતી.*

*આઝાદીની લડત દરમિયાન સરદાર પટેલ, ઝવેરચંદ મેઘાણી, અબ્બાસ તૈયબજી, રવિશંકર મહારાજ અને રસિકલાલ પરીખ જેવા મહાનુભાવોએ સાબરમતી મધ્યસ્થ જેલના જે ઓરડાઓમાં જેલવાસ ભોગવ્યો હતો, તેની મુલાકાત પણ મુખ્યમંત્રીશ્રીએ લીધી હતી.*



Downloaded from websankul.com

ખોડા ગામ ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જનજાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં સ્વચ્છતા અભિયાન તથા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, યુવાનો અને કાર્યકર્તાઓએ સક્રિય સહભાગિતા નોંધાવી હતી. આ કાર્યક્રમો દ્વારા સ્વચ્છતા, પર્યાવરણ-સંરક્ષણ અને સમાજસેવાનો સંદેશ જનમાનસ સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

વડાપ્રધાનશ્રીના જન્મદિન અને જાહેરજીવનમાં સતત સેવાની જ્યોતને પ્રજ્જ્વલિત રાખવાના પ્રયાસોને યાદ કરતાં સમગ્ર સેવાસંકલ્પ અભિયાન દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓમાં રક્તદાન શિબિર, આરોગ્ય-તપાસ, દવા-વિતરણ અને પર્યાવરણ અંગેની જનજાગૃતિના વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના જિલ્લા



વહીવટી તંત્ર દ્વારા વિવિધ લોકકલ્યાણકારી જનહિતલક્ષી આયોજનો, કૅમ્પ, કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યાં.

ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મેડિકલ કૉલેજ અને વિવિધ સંસ્થાઓના સહયોગથી યોજાયેલા કૅમ્પોમાં અંદાજે ૭૦૦ યુનિટ રક્ત એકત્રિત કરાયું હતું. આ સાથે ૧૦થી વધુ નિષ્ણાત તબીબો દ્વારા નાગરિકોની નિઃશુલ્ક આરોગ્ય-તપાસ અને દવા-વિતરણ કરાયું હતું. અરવલ્લી, ખેડા, ગીર સોમનાથ અને કચ્છ ખાતે યોજાયેલી રક્તદાન શિબિરોમાં રક્તદાતાઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું. વડોદરામાં વાઘોડિયા, પાદરા અને ડભોઈ સહિતનાં વિવિધ ધાર્મિક સ્થળો, જળાશયો અને જાહેર સ્થળો પર સફાઈ ઝુંબેશ, હૉટસ્પૉટની






સ્વચ્છતા તથા વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.

ભાવનગર જિલ્લાના મહુવા ખાતે વડીલ વયોવૃદ્ધજનો માટે સાધન-સહાય વિતરણ કૅમ્પનું આયોજન થયું. કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણીયાના હસ્તે રૂ.૩૮,૬૫૦ના ખર્ચે ૩,૪૧૨ સહાયક સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. બોરસદ તાલુકાના ભાદરણ ખાતેના જવાહર નવોદય વિદ્યાલયનાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીની હાજરીમાં 'નમો નગર' આવાસ મંજૂરી અને સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો.

વર્તમાન સમયમાં વડાપ્રધાનશ્રીના જીવનથી પ્રેરણા લઈને અંતિમ માણસ સુધી સરકારી યોજનાઓના લાભ પહોંચાડવાના આ સામૂહિક યજ્ઞમાં વ્યક્તિ, સંસ્થા અને સમાજ પણ શ્રદ્ધામય બની સામૂહિકરીતે કર્તવ્યરત બન્યાં છે.



Downloaded from websankul.com

# સેવાસંકલ્પ અભિયાન અંતર્ગત નાયબ મુખ્યમંત્રીશ્રીની સેવાયાત્રા



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવા અને સમર્પણની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન માત્ર એક યાત્રા પૂરતું સીમિત ન રહેતાં સેવા, સ્વચ્છતા, સંવાદ અને સામાજિક જવાબદારીના વિવિધ આયામોને સ્પર્શી રહ્યું છે. અભિયાન અંતર્ગત વડનગરથી વારાણસી સુધીની સંકલ્પ યાત્રામાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અમરેલી, અમદાવાદ, ખેડા, વડોદરા, પંચમહાલ અને દાહોદ જઈ વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી થયા હતા.

વડાપ્રધાનશ્રીના જન્મદિન નિમિત્તે અમરેલીના શ્રી કામનાથ મહાદેવ મંદિરના સાંનિધ્યમાં 'આશીર્વાદના દીવા' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા તથા કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના ઉપસ્થિત મહાનુભાવો અને નાગરિકોએ વડાપ્રધાનશ્રીના નિરામય આરોગ્ય, દીર્ઘાયુષ્ય અને રાષ્ટ્રની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીને અમદાવાદ અને ખેડા જિલ્લામાં ઉષ્માભર્યો પ્રતિસાદ મળ્યો હતો. વસ્ત્રાલ ખાતે નાગરિકોએ બાઈક રેલીનું પુષ્પવર્ષા સાથે સ્વાગત કરી અંગદાન, રક્તદાન, સ્વચ્છતા, વૃક્ષારોપણ અને વ્યસનમુક્તિ જેવાં સેવાકીય કાર્યો માટે સંકલ્પપત્રો અર્પણ કર્યાં હતાં. ખેડા જિલ્લાના કમળા ખાતે યાત્રાનું 'ભારત માતા કી જય'ના જયઘોષ સાથે સ્વાગત થયું હતું. નડિયાદના ઉત્તરસંડા ખાતે સખીમંડળ અને ગૃહઉદ્યોગ સાથે જોડાયેલી મહિલાઓ સાથે 'માતૃસંવાદ' યોજાયો હતો. દેસાઈ વગો ખાતે મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાસુમન અર્પણ કરી સેવા અને રાષ્ટ્રપ્રતિ પ્રતિબદ્ધતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

'સેવાયાત્રા' પંચમહાલ જિલ્લામાં પહોંચી ત્યારે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાથે સેવાયાત્રીઓનું હાલોલના ચંદ્રપુરા ચોકડી ખાતે આદિવાસી પરંપરાગત લોકનૃત્ય અને 'વિકસિત ભારત' થીમ આધારિત નૃત્ય સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. હાલોલ સ્થિત પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતો સાથે સંવાદ સાધ્યો હતો. દરમિયાન ઘોઘંબા નજીક શ્રી ભાથીજી મહારાજના મંદિર ખાતે સેવાયાત્રીઓ સાથે શ્રમદાન કરી મંદિર પરિસરનું રંગરોગાન કરવામાં આવ્યું હતું. ઘોઘંબા બસ સ્ટેશન ખાતે પણ સ્વચ્છતા શ્રમદાન કરી સ્વચ્છતા જાળવવા અને જનજાગૃતિ કેળવવા નાગરિકોને સંદેશ આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીશ્રી બાઈક રેલી સાથે વડોદરાના શેરપુરા ગામે પહોંચ્યા હતા, જ્યાં ગ્રામજનોએ તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. તેમણે ગ્રામજનો સાથે આત્મીય સંવાદ કરી મહિલાઓને સાડીઓનું વિતરણ કર્યું હતું. ત્યાર બાદ સાવલીના KJIT કૉલેજ સંકુલ ખાતે યુવાનો અને વિદ્યાર્થીઓ સાથે ફૂટબૉલ, હૅન્ડબૉલ તથા રસ્સાખેંચ જેવી વિવિધ રમતોમાં સહભાગી થઈ તેમનો ઉત્સાહ વધાર્યો હતો. બાદમાં યુવાનો સાથે બાઈક રેલી દાહોદ તરફ આગળ ધપાવી હતી.

દરમિયાન, દાહોદ જિલ્લાના ભુવાલ ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આદિવાસી યુવાનો સાથે સંવાદ સાધ્યો હતો. AI ટૅક્નોલૉજીના ઉપયોગથી દેશના વિકાસના વિવિધ આંકડાઓ અંગે ચર્ચા કરી શિક્ષણક્ષેત્રે થયેલા વધારાની માહિતી મેળવી હતી. દેવગઢ બારિયા ખાતે સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સની મુલાકાત દરમિયાન તેમણે કુસ્તી, કરાટે, આર્ચરી, રસ્સાખેંચ અને દોડ સહિતની સ્પર્ધાઓ નિહાળી હતી. દોડમાં ભાગ લઈ ખેલાડીઓનો ઉત્સાહ વધારતાં તેમણે મહેનત, શિસ્ત અને સમર્પણ સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી.

આ સમગ્ર આયોજન દરમિયાન મહેસૂલ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડા, મહિલા અને બાળકલ્યાણ મંત્રી ડૉ. મનીષાબહેન વકીલ પણ જોડાયાં હતાં.





Downloaded from websankul.com

# અમદાવાદમાં વિકાસકાર્યોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત



'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ મહાનગરને કુલ રૂ. ૫૮૩.૮૫ કરોડનાં વિવિધ વિકાસકાર્યોનાં ઇ-લોકાર્પણ તથા ખાતમુહૂર્તની ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં આવાસોના ડ્રો અને ૪૫૦થી વધુ નવનિયુક્ત સહાયક ટેક્નિકલ સુપરવાઈઝર તથા ૫૦ જેટલા જુનિયર ક્લાર્કને નિમણૂકપત્રો પણ એનાયત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રસમર્પણનાં ૨૫ વર્ષ ૭ ઑક્ટોબરે પૂર્ણ થઈ રહ્યાં છે. તેના ભાગરૂપે સમગ્ર દેશમાં 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' ઊજવાઈ રહ્યું છે. અમદાવાદમાં કાંકરિયા તળાવનો કાયાકલ્પ અને વર્લ્ડ ક્લાસ સાબરમતી રિવરફ્રન્ટ તેમના વિઝનનું પ્રતીક છે. આ માટે ત્યાં રહેતાં ઝૂંપડપટ્ટીવાસીઓને અન્યત્ર પાકાં મકાનો આપવાનો નિર્ણય તેમની મક્કમ ઇચ્છાશક્તિ દર્શાવે છે.

વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનું વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન સાકાર કરવા માટે ગુજરાત ગ્રોથ એન્જિન તરીકે ઊભરી આવ્યું છે. તેની પાછળ શ્રી નરેન્દ્રભાઈની દૃઢ ઇચ્છાશક્તિ અને વિઝનરી નેતૃત્વ રહ્યું છે. નીતિ આયોગના અહેવાલ મુજબ, ફાઈનાન્શિયલ મૅનેજમેન્ટમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોચના સ્થાને છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકાના ઇતિહાસમાં સર્વાધિક ૪૫૦થી વધુ કર્મચારીઓને એક જ દિવસે નિમણૂકપત્રો એનાયત કર્યા હતા. તેમણે તમામ નવનિયુક્ત કર્મચારીઓને પ્રામાણિકતાની શીખ આપી હતી. સાથે જ, સ્વચ્છતા પ્રત્યે સભાનતા અને ટેક્નૉલૉજીના ઉત્તમ ઉપયોગથી પ્રજાજનોની સેવાના સંકલ્પ સાથે સંપૂર્ણ નિષ્ઠા અને ગુણવત્તાયુક્ત કામગીરીનું આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા, સાંસદશ્રીઓ, ધારાસભ્યોશ્રીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

***"વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની વિકાસની રાજનીતિના કેન્દ્રમાં હંમેશાં સામાન્ય માનવી રહ્યો છે. ફાઇનાન્શિયલ મેનેજમેન્ટમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોચના સ્થાને છે."***

***- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ***






Downloaded from websankul.com

# વિકાસની વાટે પાટનગર
# રૂ.૧,૮૪૮ કરોડનાં વિકાસકામોની ભેટ




રાજ્યનું પાટનગર ગાંધીનગર વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સહિતની વૈશ્વિક ઈવેન્ટ્સને લીધે ગ્લોબલ સિટીની દિશામાં વિકસી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક જ દિવસમાં ગાંધીનગરને કુલ રૂ.૧,૮૪૮ કરોડનાં જનહિતલક્ષી વિકાસકામોની ભેટ આપી હતી. તેમણે વાઈબ્રન્ટ સમિટમાં આવતા વિશ્વના દેશોનાં લોકો સમક્ષ ગાંધીનગરની વિશેષ ઓળખ ઊભી થાય તેવાં આઈકૉનિક કામોને પણ પ્રાથમિકતા આપતાં કુલ ૪૮.૨૬ કરોડ રૂપિયાનાં કેટલાંક નવાં કામોની જાહેરાત કરી હતી.

તેમાં ગાંધીનગર મહાનગરપાલિકાનાં રૂ. ૭૯૮ કરોડનાં તેમજ માર્ગ અને મકાન હસ્તકનાં રૂ. ૧૦૫૦ કરોડનાં, એમ કુલ રૂ. ૧,૮૪૮ કરોડનાં વિવિધ પ્રજાલક્ષી કામોનાં લોકાર્પણ તેમજ ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશાળ જનમેદનીને સંબોધતાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગાંધીનગર અનેક વર્લ્ડક્લાસ ઈવેન્ટનું યજમાન બનતું રહે છે. એટલું જ નહિ, વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં તૈયાર થયેલું ગિફ્ટ સિટી વર્લ્ડ ક્લાસ ફિન-ટેક હબ બન્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કરોડો રૂપિયાનાં વિકાસકાર્યો ઝડપથી સાકાર થઈ રહ્યાં છે.

ગાંધીનગરમાં ટ્રાફિક અને શહેરી સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવા માટે વિવિધ વિકાસકાર્યોની જાહેરાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, “વિકાસનું કોઈ પણ કામ નાણાંના અભાવે અટકી ન જાય તે માટે સરકાર પ્રતિબદ્ધ છે.”

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સચિવાલયના શહેર તરીકે ઓળખાતું ગાંધીનગર આજે આધુનિક સુવિધાઓ, શિક્ષણ, ઉદ્યોગ, વેપાર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ધમધમે છે. ગાંધીનગર યુનિવર્સિટીઓ, હેલિપેડનાં એક્ઝિબિશન ગ્રાઉન્ડ, GIFT City અને મહાત્મા મંદિર જેવા પ્રકલ્પોથી ઓળખાય છે. તેમણે નગરવાસીઓને સ્વચ્છતા-દૂતોની કામગીરીમાં સહભાગી બની તેમનો બોજ ઘટાડવા અને સ્વચ્છ ગાંધીનગરના નિર્માણમાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રીએ ૩૦ જેટલી નવીન ઈ-બસોને લીલી ઝંડી આપીને તેમાં મુસાફરી કરીને સામાન્ય નાગરિકોને જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.



## હરિત પરિવહન

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર મહાનગરને વિવિધ વિકાસકામોની ભેટ આપવા સાથે પીએમઈ બસસેવા અંતર્ગત નવી ૩૦ ઈ-બસોનું લોકાર્પણ એક નવતર અભિગમ અપનાવીને કર્યું હતું. તેમણે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા ગાંધીનગરના ધારાસભ્યશ્રીઓ અને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી તેમજ પદાધિકારીશ્રીઓ સાથે સ્વયં ઈ-બસમાં સામાન્ય મુસાફરની જેમ મુસાફરી કરી હતી. આ મુસાફરીમાં શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા અને ગાંધીનગરના ધારાસભ્યશ્રીઓ પણ જોડાયાં હતાં.**



Downloaded from websankul.com

# વડોદરામાં વિકાસનો વાવટો

# વડોદરાવાસીઓને રૂ. ૧૨૯૭ કરોડનાં વિકાસકાર્યોની ભેટ



સંસ્કારી નગરી વડોદરાના વિકાસના અધ્યાયમાં સુવર્ણ અક્ષરે અંકિત થાય તેવી એક નવી અને ભવ્ય ક્ષણ ઉમેરાઈ છે. વડોદરા શહેર અને જિલ્લાના સર્વાંગી ઉત્કર્ષની સાથે સામાજિક એકતાના સંદેશને વધુ બુલંદ બનાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ.૧૨૯૭ કરોડનાં બહુવિધ વિકાસકાર્યોની સોગાત વડોદરાવાસીઓને આપી છે. વરણામાના ત્રિમંદિર પરિસરમાંથી આકાર પામેલા આ ઉત્સવમાં લોકાર્પણ અને ખાતમુહૂર્તની વણથંભી વણઝાર વચ્ચે અંદાજે રૂ.૨૯ કરોડના ખર્ચે નવનિર્મિત 'ડૉ.બાબાસાહેબ આંબેડકર સંકલ્પભૂમિ સ્મારક' જનતા માટે ખુલ્લું મુકાયું હતું. ૧૨ ફૂટ ઊંચી વિરાટ પ્રતિમા, આધુનિક મ્યુઝિયમ અને ડિજિટલ શો જેવાં આકર્ષણો ધરાવતું આ સ્મારક એક ઈમારત માત્ર નહીં, પરંતુ ડૉ. બાબાસાહેબનાં વિચારો અને સ્મૃતિઓને જીવંત રાખતું એક મહાન પ્રેરણાપીઠ બનીને ઊભરી આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરા શહેર અને જિલ્લાનાં નાગરિકોને આપેલી રૂ.૧૨૯૭ કરોડનાં વિકાસકામોની ભેટમાં ગંભીરા બ્રિજ તેમજ કલ્યાણનગર ખાતેના ડૉ.બાબાસાહેબ આંબેડકર મેમોરિયલનો પણ સમાવેશ થાય છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ દેશના દરેક નાગરિકને પોતાના પરિવારનો હિસ્સો માનીને અંતિમ પંક્તિના માનવી સુધી વિકાસના લાભ પહોંચાડવાનો અભિગમ અપનાવ્યો છે. સંત શિરોમણિ સંત શ્રી રવિદાસજીની ૬૫૦મી જયંતીની ઉજવણીને સામાજિક એકતા અને સમરસતાના મહોત્સવ તરીકે ઊજવવામાં આવી રહી છે. ગુજરાતમાં પણ આ અંતર્ગત રૂ.૨૩૧ કરોડના વિવિધ પ્રકલ્પો હાથ ધરવામાં આવી રહ્યા છે.



સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી પ્રદ્યુમ્નભાઈ વાજાએ ડૉ.બાબાસાહેબ આંબેડકરને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે, ડૉ.બાબાસાહેબે સામાજિક ન્યાય અને સમાજના ઉત્થાન માટે આપેલા અમૂલ્ય યોગદાનને હંમેશાં સ્મરણમાં રાખવું જોઈએ. વડોદરાની પાવન ભૂમિ ઉપર રૂ.૧,૨૭૩ કરોડનાં વિકાસકાર્યોની ભેટ મળી છે, જેમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને પણ આશરે રૂ. ૭૫ કરોડનાં વિકાસકાર્યો પ્રાપ્ત થયાં છે. આ બદલ તેમણે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા સમગ્ર રાજ્ય સરકારનો જનતા વતી આભાર વ્યક્ત કર્યો હતો.

રાજ્યમંત્રી ડૉ.મનીષાબહેન વકીલે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગંભીરા પુલના પુનઃનિર્માણને અગ્રતા આપીને કામ સમયસર પૂર્ણ કરાવ્યું છે. નવો બ્રિજ બનતાં હવે વડોદરાથી સૌરાષ્ટ્ર વચ્ચેની વેપારની પ્રવૃત્તિ આસાન થશે. આ ઉપરાંત વડોદરામાં ભારતરત્ન ડૉ.બાબાસાહેબનું મેમોરિયલ બનવાથી તે લોકોને પ્રેરણા આપતું રહેશે.

વડોદરા અને આણંદ જિલ્લાઓને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે જોડતા ગંભીરા બ્રિજનું કામ માત્ર બાર માસમાં પૂર્ણ કરીને માર્ગ અને મકાન વિભાગે વિક્રમ રચ્યો છે. દરિયાની ભરતી-ઓટ સાથે નદી ઉપર ૮૫૮.૭૫ લંબાઈનો બ્રિજ માત્ર બાર માસમાં પૂર્ણ થવાની દેશમાં આ સંભવતઃ પ્રથમ ઘટના છે. તેની પાછળનું મુખ્ય ચાલકબળ છે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ.

મુખ્યમંત્રીશ્રીના આદેશને પગલે રાજ્યના નાના-મોટા તમામ પુલોની ચકાસણી કરવામાં આવી હતી.



Downloaded from websankul.com

# ભાવનગરમાં વિસ્તરતી વિકાસની ક્ષિતિજ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની જનસેવા અને રાષ્ટ્રનિર્માણનાં સફળ ૨૫ વર્ષ પૂર્ણ થયાના ઐતિહાસિક અવસરે સમગ્ર દેશમાં 'સેવા, સંકલ્પ અને સમર્પણ' અભિયાનની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડીને નાગરિકોના જીવનને વધુ સુગમ અને સમૃદ્ધ બનાવવાના સંકલ્પ સાથે રાજ્ય સરકાર સતત પ્રગતિના પંથે આગળ વધી રહી છે. આ અભિયાનના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાવનગર શહેર અને જિલ્લા માટે વિકાસની નવી ક્ષિતિજો ખોલતાં રૂ.૭૩૮.૦૯ કરોડનાં કુલ ૭૯ જેટલાં જનહિતકારી વિકાસકાર્યોનાં ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યાં છે. આ ભવ્ય સોગાતથી ભાવનગરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રજાકીય સુવિધાઓને એક નવી ઊંચાઈ મળશે.

વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ આયુષ્માન ભારત સહિતની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભો સામાન્ય માનવી સુધી પહોંચ્યા હોવાનું જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સરકારની યોજનાઓના લાભથી કોઈ પાત્ર વ્યક્તિ વંચિત ન રહે તે માટે સેવા-સંકલ્પ અભિયાન દરમિયાન જનભાગીદારીથી પ્રયાસો કરવા જરૂરી છે.

આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણિયાએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નાગરિક દેવો ભવઃ અને 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્ર સાથે જનસેવાને વધુ સુલભ બનાવવામાં આવી રહી છે. નવી કલેક્ટર કચેરી આધુનિક સુવિધાઓ સાથે નાગરિકોને ઝડપી સેવાઓ પૂરી પાડશે.

આ પ્રસંગે કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, ભાવનગરની કનેક્ટિવિટી વધુ સુદૃઢ બનાવવા રૂ.૬૫૦ કરોડના મહત્ત્વપૂર્ણ બ્રિજ-પ્રોજેક્ટને મંજૂરી મળી છે. આ પ્રોજેક્ટથી શહેરના ટ્રાફિકનું ભારણ ઘટશે અને રાજકોટ, સોમનાથ, ધોલેરા સહિતના વિસ્તારો સાથેની અવરજવર વધુ સરળ બનશે. અલંગ, ઉદ્યોગ અને ધોલેરા જેવાં વિકાસક્ષેત્રોને મળતા વેગથી ભાવનગરમાં આગામી સમયમાં રોજગાર અને રોકાણની નવી તકો ઊભી થશે.

## ભાવનગરમાં રૂ.૭૩૮.૦૯ કરોડનાં વિકાસકાર્યોની ભેટ

*ભાવનગર જિલ્લામાં રૂ.૩૩ કરોડના ખર્ચે નવનિર્મિત કલેક્ટર કચેરીના લોકાર્પણ ઉપરાંત ભાવનગર મહાનગરપાલિકાનાં રૂ.૬૨૧.૬૩ કરોડનાં ૩૦ વિકાસકામો, માર્ગ અને મકાન વિભાગ - રાજ્યનું રૂ.૧૩.૧૯ કરોડનું વિકાસકાર્ય, માર્ગ અને મકાન વિભાગ-પંચાયતનાં રૂ.૫૭.૦૩ કરોડનાં ૪૬ કામો તથા પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓનાં રૂ.૧૩.૨૪ કરોડનાં વિકાસકામોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વયોશ્રી યોજનાના ૫ લાભાર્થીઓને કિટ-વિતરણ, ૧૩ સફાઈ કર્મચારીઓનું સન્માન તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૫ લાભાર્થીઓને પ્રતીકરૂપે ઘરની ચાવી અર્પણ કરવામાં આવી હતી. તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાવનગરમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ખાતે યોજાયેલા 'યુવા સંવાદ' કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ સાથે મુક્તમને સંવાદ સાધ્યો હતો.*



Downloaded from websankul.com

# ગુજરાત અને AKDN વચ્ચે માનવકેન્દ્રી વિકાસ અંગે ચર્ચા





આગાખાન ડેવલપમેન્ટ નેટવર્ક (AKDN)ના ચેરમેન પ્રિન્સ રહીમ આગાખાને (પાંચમાએ) ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને લોકભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સાથે માનવકલ્યાણના વિષયો પર વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, શિક્ષણ, કૌશલ્ય-વિકાસ, એન્ટરપ્રાઇઝ પ્રમોશન તથા વંચિત અને સંવેદનશીલ સમુદાયોના સશક્તીકરણ અંગેની AKDNની પ્રાથમિકતાઓ ગુજરાતની વિકાસ ફિલોસોફી સાથે સુસંગત છે.

વૉટર-કન્ઝર્વેશન, રેઇનવૉટર હાર્વેસ્ટિંગના પ્રયાસો, સહકાર ક્ષેત્રે સહકારી વ્યવસ્થાને ગ્રામીણ સ્તરના માઇક્રો લેવલ સુધી પહોંચાડવા ઉપરાંત ગ્રામીણ અર્થતંત્રને વધુ મજબૂત બનાવવા રાજ્યના અભિગમ અંગે પણ બેઠકમાં ચર્ચા-પરામર્શ થયાં હતાં. બંને પક્ષે આ દિશામાં સાથે મળીને કાર્ય કરવા સકારાત્મક અભિગમ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામની ટીમ સાથે ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી અંગે વધુ સંકલિત રીતે કાર્ય કરવામાં આવશે તો પ્રાકૃતિક કૃષિમિશન વધુ વેગવંતું બનશે. આ તકે પ્રિન્સ રહીમ આગાખાને (પાંચમા) રાજ્યપાલશ્રીના પ્રાકૃતિક ખેતી અને ગ્રામવિકાસ માટેના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

# લોકભવનમાં 'સામાજિક સમરસતા મહોત્સવ'




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ગુજરાત લોકભવન ખાતે 'સામાજિક સમરસતા મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. 'સામાજિક સમરસતા મહોત્સવ'ના દ્વિતીય ચરણમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત ગ્રામકલ્યાણ કાર્યક્રમ દરમિયાન જે ૨૧ અનુસૂચિત જાતિ અને જનજાતિ પરિવારના ઘરે પોતે અતિથિ બન્યા હતા, તે પરિવારોને લોકભવનમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, "દર અઠવાડિયે રાજ્યના એક તાલુકાના ગામડામાં જઈને વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, ગ્રામસભાનું આયોજન, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે એક કલાક યોગાભ્યાસ તથા ખેતરોમાં જઈને જીવામૃત-ઘનજીવામૃત બનાવવાની અને પ્રાકૃતિક કૃષિ અંગેની પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. આ સતત પ્રયાસોના પરિણામે ગામડાઓમાં કૃષિ, પશુપાલન, સ્વચ્છતા, શિક્ષણ વગેરે ક્ષેત્રે પરિવર્તન આવી રહ્યું છે." તેમણે વડાપ્રધાનશ્રીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, "વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી માનવસમાજમાં સાચી સમરસતા આવી છે."

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતાં.



Downloaded from websankul.com

### દક્ષિણ એશિયામાં પ્રથમ વાર યોજાયેલી

# વર્લ્ડ સર્ક્યુલર ઇકૉનૉમી ફોરમ-૨૦૨૬ સંપન્ન



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સ્પષ્ટપણે માને છે કે, વિકાસ અને પર્યાવરણ એકબીજાનાં વિરોધી નથી. આપણે ગ્રોથ પણ જોઈએ અને ગ્રીનરી પણ જોઈએ, ઈન્ડસ્ટ્રી પણ જોઈએ અને ઈકૉલૉજી પણ જોઈએ, પ્રોસ્પેરિટી પણ જોઈએ અને સસ્ટેનેબિલિટી પણ જોઈએ. વડાપ્રધાનશ્રીના આ વિચારને કેન્દ્રમાં રાખીને દક્ષિણ એશિયામાં પ્રથમ વાર યોજાયેલી પ્રતિષ્ઠિત 'વર્લ્ડ સર્ક્યુલર ઈકૉનૉમી ફોરમ (WCEF) ૨૦૨૬'ની ૧૦મી આવૃત્તિનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે કરવામાં આવ્યો હતો.

આ વૈશ્વિક ફોરમમાં વિશ્વના ૬૬ દેશોના ૨,૦૦૦થી વધુ હિસ્સેદારો, ૨૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો અને ૫૫ આંતરરાષ્ટ્રીય વક્તાઓ સહિત વૈજ્ઞાનિકો અને ઉદ્યોગ-સાહસિકો સહભાગી થયા હતા. આ ફોરમમાં વૈશ્વિક સ્તરે કાર્બન-ઉત્સર્જન ઘટાડવા, સર્ક્યુલર બિઝનેસ મૉડલ્સ અપનાવવા અને ટકાઉ આર્થિક વિકાસને વેગ આપવા અંગે ઊંડાણપૂર્વક મંથન કરવામાં આવ્યું. આ આયોજનથી દક્ષિણ એશિયાઈ દેશોમાં પર્યાવરણને અનુકૂળ નીતિઓ અને ટૅક્નોલૉજીનું આદાન-પ્રદાન સરળતાથી થયું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતી પર એક એવી વૈશ્વિક ચિંતનયાત્રાનો આરંભ થઈ રહ્યો છે, જે માત્ર અર્થવ્યવસ્થાની દિશા નક્કી કરવાની નહીં, પરંતુ આવનારી પેઢીઓનું ભવિષ્ય નક્કી કરવાની યાત્રા છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતે ઔદ્યોગિક વિકાસ, પુનઃપ્રાપ્ય ઊર્જા, કચરા અને જળ-વ્યવસ્થાપન તેમજ સંસાધન કાર્યક્ષમતા જેવાં ક્ષેત્રોમાં વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવીને અનેક પહેલ કરી છે. WCEF-૨૦૨૬ ગુજરાતને પોતાની શ્રેષ્ઠ પ્રથાઓ વિશ્વ સમક્ષ રજૂ કરવાની અને વિશ્વની શ્રેષ્ઠ પ્રથાઓમાંથી શીખવાની તક પૂરી પાડશે.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, આજે નીતિ-નિર્માણની ભાષામાં જેને આપણે 'સર્ક્યુલર ઇકૉનૉમી' કહીએ છીએ, તે ભારતીય જનજીવનમાં વર્ષોથી એક સહજ જીવનમંત્ર રહી છે. 'વસ્તુ બદલતાં પહેલાં સમારકામ અને કચરો બનતાં પહેલાં પુનઃઉપયોગ.' આ પરંપરાગત જ્ઞાન અને જીવનશૈલીને આધુનિક વ્યવસ્થા સાથે જોડવા માટે ભારત સરકારે કાયદાકીય સુધારાઓ તેમજ ડિજિટલ પ્રણાલીઓ દ્વારા મજબૂત માળખું ઊભું કર્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રીય મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે ગ્રીન ઈનોવેશન્સ, વેસ્ટ-ટુ-વેલ્થ મૉડલ્સ અને રિસાઈક્લિંગ ટૅક્નોલૉજીને પ્રદર્શિત કરતા ૧૨૫થી વધુ સ્ટૉલ્સ ધરાવતા વિશેષ 'સર્ક્યુલરિટી ઍક્સપો'નું ઉદ્ઘાટન કરીને નિરીક્ષણ કર્યું હતું.

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEF&CC), સેન્ટ્રલ પૉલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB), ગુજરાત સરકાર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB), ફિનિશ ઈનોવેશન ફંડ 'સિત્રા' (Sitra) અને ફિનલૅન્ડ સરકારના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ભારત સરકાર દ્વારા સર્ક્યુલર ઈકૉનૉમી અને મિશન LiFE (Lifestyle for Environment) અંતર્ગત હાથ ધરાયેલી વિવિધ પહેલ અને વૈશ્વિક સંદેશ દર્શાવતી વિશેષ શોર્ટ-ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ઉપરાંત, મંચસ્થ મહાનુભાવોના હસ્તે સર્ક્યુલર ઈકૉનૉમી વિષયક મહત્ત્વનાં પ્રકાશનોનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

આ વૈશ્વિક ફોરમના ઉદ્ઘાટન પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળી, ગુજરાતના મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવ ડૉ. વિનોદ રાવ, GPCBના અધ્યક્ષ શ્રી આર.બી.બારડ સહિત કેન્દ્ર અને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના વરિષ્ઠ અધિકારીઓ તેમજ દેશ-વિદેશમાંથી આવેલા પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



Downloaded from websankul.com

# સાગરખેડુઓના સર્વાંગી ઉત્થાન માટે મંથન

ગુજરાત ૧૬૦૦ કિમી જેટલો વિશાળ દરિયાકિનારો અને સમુદ્રમાં વ્યૂહાત્મક સ્થાન ધરાવતું રાજ્ય છે. દરિયાઈ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાથી રાજ્ય અને દેશના વિકાસને વધુ વેગવાન બનાવી શકાય છે. બ્લૂ ઈકૉનૉમી (Blue Economy) એટલે સમુદ્ર અને દરિયાકાંઠાનાં સંસાધનોનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરીને આર્થિક વિકાસ સાધવો, રોજગારી ઊભી કરવી અને સમુદ્રી જીવસૃષ્ટિની સુરક્ષા જાળવવી. આ ખ્યાલ પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના દરિયાઈ સંપત્તિનો મહત્તમ લાભ લેવા પર ભાર મૂકે છે. આ ખ્યાલને ગુજરાત સરકાર આગળ વધારી રહી છે.

ભારત સરકારના મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા ગાંધીનગર સ્થિત નૅશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'ડીપ સી-ફિશિંગને પ્રોત્સાહન આપવા અને એક્સેસ પાસ-LoA-ધારકો સાથે સંવાદ' અંગેના નૅશનલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી રાજીવ રંજન સિંહ તેમજ કેન્દ્રીય રાજ્યમંત્રી પ્રો. એસ.પી.સિંહ બઘેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ સાગરખેડુઓને ભારતના એક્સક્લુઝિવ ઈકૉનૉમિક ઝોન (EEZ) અને હાઇ-સીઝમાં ઉપલબ્ધ ઉચ્ચ મૂલ્યનાં મત્સ્ય-સંસાધનોનો યોગ્ય અને મહત્તમ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવાનો તેમજ માછીમારો સામે રહેલા પડકારોના નીતિગત ઉકેલો શોધવાનો રહ્યો હતો.





## 'કોસ્ટલ ઇકોલૉજી, સિક્યોરિટી ઍન્ડ સસ્ટેનેબિલિટી' નૅશનલ કૉન્ફરન્સ

'વિકાસની સપ્તધારા'નો સંકલ્પ લેવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા આહ્વાનને ગુજરાતે ઝીલી લીધું છે. 'વિકાસની સપ્તધારા'ના સંકલ્પમાં બ્લૂ ઈકૉનૉમીનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે, ત્યારે કોસ્ટલ ભારત, સપ્તધારા અને વિકસિત ભારત-૨૦૪૭ની થીમ સાથે અમદાવાદમાં 'કોસ્ટલ ઈકોલૉજી, સિક્યૉરિટી ઍન્ડ સસ્ટેનેબિલિટી' વિષયક નૅશનલ કૉન્ફરન્સ યોજાઈ હતી. તેના સમાપન સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દરિયાઈ વિકાસ સાથે પર્યાવરણ સંરક્ષણ, રાષ્ટ્રીય સુરક્ષા અને તટીય વિસ્તારોના સર્વાંગી વિકાસના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત વડાપ્રધાનશ્રીના દરેક સંકલ્પને સાકાર કરવામાં અગ્રેસર રહ્યું છે અને દરિયાઈ અર્થતંત્ર, પર્યાવરણીય સંરક્ષણ, સુરક્ષા તથા સસ્ટેનેબિલિટી માટેની નવી વ્યૂહરચનાઓમાં પણ નેતૃત્વ કરવા સજ્જ છે. ગુજરાતનો દરિયાકાંઠો વિકાસનો માર્ગ, સામુદ્રિક વેપારનું પ્રવેશદ્વાર, સાંસ્કૃતિક વિરાસત અને લાખો લોકોની આજીવિકાનો આધાર છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગુજરાત યુનિવર્સિટીના એલ્યુમની માટેના ડિજિટલ પ્લૅટફૉર્મનું લૉન્ચિંગ તેમજ ઐતિહાસિક ડિજિટલ રિપોઝિટરીનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



Downloaded from websankul.com

# GSFCનાં સાત નવાં ઇનોવેટિવ ઉત્પાદનોનું લૉન્ચિંગ



ઈનોવેશનથી સમૃદ્ધિ, ટેક્નૉલૉજીથી ઉત્પાદક્તા અને પાક-સંરક્ષણથી ખેડૂતોની આવકવૃદ્ધિના સંકલિત અભિગમથી સમૃદ્ધ ખેતીથી રાષ્ટ્રના વિકાસની યાત્રા સતત આગળ વધારવાની નેમ રાજ્ય સરકારની રહી છે. આ નેમને સાકાર કરવા રાજ્ય સરકારના સાહસ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર ઍન્ડ કેમિકલ લિમિટેડનાં ઈનોવેટિવ ઉત્પાદનોનું ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લૉન્ચિંગ કર્યું હતું. કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા તેમજ કૃષિ રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારા આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં ગરીબ, અન્નદાતા, યુવા અને નારીશક્તિને મુખ્ય સ્તંભ ગણાવ્યા છે. આ ચાર સ્તંભમાં મહત્ત્વપૂર્ણ એવા અન્નદાતા ખેડૂતનાં ઉત્પાદનોને ક્વૉલિટી, વૅલ્યુ એડિશન, પ્રોસેસિંગ અને વર્લ્ડ માર્કેટ સુધીની પહોંચ આપવા GSFCની લૉન્ચ થયેલી સાત પહેલો ઉપયુક્ત બનશે એવો વિશ્વાસ કરી મુખ્યમંત્રીશ્રીએ GSFCના વૈજ્ઞાનિકો તથા સંશોધકોની ટીમને અભિનંદન આપ્યા હતા.

તેમણે ઉમેર્યું હતું કે, GSFCની ‘સરદાર’ બ્રાન્ડ નેમથી પ્રખ્યાત થયેલી પ્રોડક્ટ્સની શૃંખલામાં આ નવી સાત પહેલો પાકને જરૂરી સંરક્ષણ પૂરું પાડવામાં ખેડૂતોને શ્રેષ્ઠ વિકલ્પ પૂરો પાડશે. ગુણવત્તાસભર પાક-સંરક્ષણ ઉકેલો ખેડૂતો સુધી સમયસર, સરળતાથી અને વિશ્વસનીય રીતે પહોંચે તે માટે GSFC કૃષિ ઉત્પાદનોની વ્યાપક શ્રેણીમાં સંતુલિત પોષણ, બાયો ફર્ટિલાઇઝર અને અન્ય કૃષિ ઇનપુટ્સ પર કામ કરે છે.

આ પ્રસંગે કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૬૨થી શરૂ થયેલી GSFCની વિકાસયાત્રામાં આ નવાં ઉત્પાદનો ખેડૂતોના પાક-રક્ષણ અને તેમની મહેનતને સાર્થક કરવા માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે. ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધન બાદ આ બ્રાન્ડ્સ બજારમાં મૂકવામાં આવી છે. તેમાં સરદાર આધાર, સરદાર જીગોર્ડ, સરદાર તોફાની જેવી ૭ દવાઓનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોના હસ્તે કૃષિ વૈજ્ઞાનિકોનાં સંશોધનો પર આધારિત તથા ખેડૂતોને પાક અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડતા એક વિશેષ કૃષિ મૅગેઝિન ‘કૃષિજીવન’નું અનાવરણ કરવામાં આવ્યું હતું.



## શું છે સાત પહેલ ?

રાજ્યમાં કૃષિ-ઉત્પાદકતા વધારવા અને પાક સંરક્ષણને વધુ સુદૃઢ કરવાના ઉદ્દેશથી GSFC દ્વારા 'સરદાર' બ્રાન્ડ હેઠળ ૭ નવી જંતુનાશક અને નીંદણનાશક દવાઓ લૉન્ચ કરવામાં આવી છે, જેમાં 'સરદાર સાથી', 'સરદાર રફતાર', 'સરદાર તુફાની ફિપ્રો', સરદાર જાનદાર, 'સરદાર આધાર', 'સરદાર જી-ગોલ્ડ' અને 'સરદાર સેનાપતિ'નો સમાવેશ થાય છે. આ તમામ ઉત્પાદનો કિસાન સુવિધા કેન્દ્રો અને GSFCના અધિકૃત વિતરણ નેટવર્ક દ્વારા ખેડૂતો સુધી પહોંચાડવામાં આવશે.



Downloaded from websankul.com

### 'ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ' અને 'સેવા ફર્સ્ટ ઇનોવેશન ચૅલેન્જ'

# વિદ્યાર્થીઓ બને 'યોજનાદૂત'



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની છેલ્લાં ૨૫ વર્ષની સેવા અને સમર્પણની વિકાસયાત્રા તથા શિક્ષણક્ષેત્રે થયેલા હરણફાળ વિકાસને જન-જન તેમજ યુવાજગત સુધી પહોંચાડવા માટે જ્ઞાન અને ગમ્મત સાથેની અનોખી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન એટલે 'ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ (G3Q-૨૦૨૬)' અને 'સેવા ફર્સ્ટ ઇનોવેશન ચૅલેન્જ (SFIC)'. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં તેનો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીકાળમાં અભ્યાસ અને કારકિર્દીના ઘડતર સાથે સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો આ એક ઉત્તમ અવસર છે. વિદ્યાર્થીઓ પોતે સરકારી યોજનાઓની માહિતી મેળવે અને પોતાનાં પરિવાર, મિત્રો તથા આસપાસનાં નાગરિકોને જે યોજનાનો લાભ મેળવવા પાત્ર હોય તેનો લાભ અપાવે તે પણ એક મહત્ત્વપૂર્ણ સેવા છે.

વિદ્યાર્થીઓ 'યોજનાદૂત' બનીને જરૂરિયાતમંદ લોકો સુધી યોગ્ય માહિતી પહોંચાડી શકે છે. સરકારની યોજનાઓનો લાભ માત્ર શહેરો સુધી સીમિત ન રહે, પરંતુ નાનાં ગામડાં અને છેવાડાના માનવી સુધી પહોંચે તેવો સરકારનો અભિગમ છે. ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝની પરિકલ્પનામાં જ્ઞાન સાથે શિક્ષણ, સ્પર્ધા અને સરકારી યોજનાઓના લાભો અંગે જાગૃતિનો સમન્વય છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીની ૨૫ વર્ષની જાહેરજીવનની સેવાસાધનાના સંદર્ભમાં યોજાનારા 'સેવાસંકલ્પ અભિયાન'માં પણ વિદ્યાર્થીઓને સક્રિયપણે જોડાવા અનુરોધ કર્યો હતો.

સેવા ફર્સ્ટ ઇનોવેશન ચૅલેન્જ અંગે તેમણે જણાવ્યું કે, સમાજ અને વ્યવસ્થામાં પડતી મુશ્કેલીઓના નવીન અને વ્યવહારુ ઉકેલો શોધવા માટે હેકાથોન જેવા પ્રયાસો યુવાનોને પોતાની સર્જનાત્મકતા અને ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરવાની તક આપે છે. વિદ્યાર્થીઓ આ પહેલમાં ભાગ લઈને લોકોની સમસ્યાઓના ઉકેલ માટે નવીન વિચારો રજૂ કરી શકે છે.

શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ કહ્યું હતું કે, આ વર્ષે 'G3Q' ક્વિઝને આધુનિક AI આધારિત લર્નિંગ સિસ્ટિમ સાથે જોડવામાં આવી છે. શાળા, કૉલેજના વિદ્યાર્થીઓ ઉપરાંત રાજ્યના સામાન્ય નાગરિકો માટે પણ આ સ્પર્ધા તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ યોજાશે, જેમાં વિજેતાઓને DBT માધ્યમથી આશરે રૂ. ૧૧ કરોડના રોકડ પુરસ્કારો આપવામાં આવશે. બીજી તરફ, 'સેવા ફર્સ્ટ ઇનોવેશન ચૅલેન્જ' દ્વારા લગભગ ૨૦ હજાર વિદ્યાર્થીઓને વહીવટી તંત્ર અને ઉદ્યોગોની વાસ્તવિક સમસ્યાઓ સાથે જોડીને તેના નવીન અને પારદર્શક ઉકેલો શોધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, આ ક્વિઝ અને હેકાથોન જેવા ઇનોવેટિવ કાર્યક્રમો વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, નવીન વિચારસરણી અને તાર્કિક ક્ષમતાને પ્રોત્સાહન આપશે.

## G3Q 2026 શું છે?

*'ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ (G3Q-૨૦૨૬)' રાજ્યના ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ, કૉલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો માટે ખુલ્લી મુકાઈ છે, જે તાલુકા/મહાનગરપાલિકા, જિલ્લાકક્ષા અને રાજ્યકક્ષા એમ ૩ સ્તરે યોજાશે. કુલ ૮ અઠવાડિયાં સુધી ચાલનારી આ ક્વિઝ ઓનલાઇન રમી શકાશે. આ પુરસ્કારોમાં રાજ્યકક્ષાનાં ઇનામો તરીકે શાળાકક્ષાના પ્રથમ વિજેતાને રૂ. ૧ લાખ અને કૉલેજકક્ષાના પ્રથમ વિજેતાને રૂ. ૩ લાખ એનાયત કરવામાં આવશે.*

## 'સેવા ફર્સ્ટ ઇનોવેશન ચૅલેન્જ (SFIC)'

*યુવા સંકલ્પને બળ આપવા શરૂ કરાયેલી 'સેવા ફર્સ્ટ ઇનોવેશન ચૅલેન્જ (SFIC)' અંતર્ગત 'એક સમસ્યા, એક વિચાર, એક ક્રાંતિકારી ઉકેલ'ના મંત્ર સાથે સરકારી વિભાગો, મહાનગરપાલિકાઓ અને ઉદ્યોગોની વાસ્તવિક સમસ્યાઓનું ટૅક્નોલૉજિકલ નિવારણ લાવવા યુવાનોને આહ્વાન કરવામાં આવ્યું છે, જેમાં સહભાગી ટીમો પ્રોટોટાઈપ બનાવીને ટોચના નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવી શકશે. વળી, શ્રેષ્ઠ ઇનોવેશન રજૂ કરનારાઓ માટે રૂ. ૧ કરોડનાં આકર્ષક ઇનામો જાહેર કરવામાં આવ્યાં છે.*



Downloaded from websankul.com

# બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટીનો પ્રથમ દીક્ષાંત સમારોહ



રાજપીપળાની બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીનો પ્રથમ દીક્ષાંત સમારોહ યોજાયો હતો. રાજ્યપાલશ્રી અને યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતે યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહને ઐતિહાસિક અવસર ગણાવતાં જણાવ્યું હતું કે, આદિજાતિ વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણની પહોંચ વધારવી એ સામાજિક પરિવર્તનનો મહત્ત્વપૂર્ણ આધાર છે; અને છેલ્લાં વર્ષોમાં આદિજાતિ સમાજના યુવાનો માટે ઉચ્ચ શિક્ષણની તકોમાં વધારો થયો છે તથા યુવાનો વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી રહ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ માત્ર પ્રથમ કૉન્વોકેશન નથી, પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી થયેલા ‘ટ્રાઈબલ યૂથ ટ્રાન્સફોર્મેશન’નું પ્રથમ સેલિબ્રેશન છે. આદિજાતિ વિસ્તારમાં પાંચ એન્જિનિયરિંગ કૉલેજ, છ પોલિટેક્નિક અને ૧૧ મેડિકલ કૉલેજ શરૂ થયાનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીમાંથી ૬૬૭ વિદ્યાર્થીઓ ગ્રૅજ્યુએશન, પોસ્ટ ગ્રૅજ્યુએશન અને MSW જેવી ડિગ્રી સાથે સમાજમાં ડગ માંડી રહ્યા છે. બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી અને ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના માધ્યમથી આદિજાતિ વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણની સગવડ ઉપલબ્ધ બની છે.

સમારોહ દરમિયાન મહાનુભાવોના હસ્તે કુલ ૪૭ વિદ્યાર્થીઓને ગોલ્ડ, સિલ્વર મેડલ તથા પદવીઓ એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલ, આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી પી.સી. બરંડા, સાંસદશ્રીઓ સર્વશ્રી મનસુખભાઈ વસાવા, જશુભાઈ રાઠવા તથા ડૉ. મુકેશભાઈ રાઠવા, વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ અને કુલસચિવશ્રીઓ, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા 'હરિત ઘર - સ્વસ્થ સમાજ' અભિયાનની ઉજવણી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે અમદાવાદમાં વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા યોજાયેલા 'હરિત ઘર - સ્વસ્થ સમાજ' અભિયાનનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભારંભ કરાવ્યો. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશે વિકાસની સાકર ચાખી લીધી છે, એટલે દેશના લોકોનો આજે પણ તેમના પર ભરોસો છે. વિકાસ માટે પ્રતિકૂળ વૈશ્વિક પરિસ્થિતિમાં પણ ભારતનું અર્થતંત્ર જે ગતિએ આગળ વધી રહ્યું છે, તેને આખી દુનિયા જોઈ રહી છે. વડાપ્રધાનશ્રીએ પર્યાવરણને જીવનશૈલી બનાવવા ‘મિશન લાઈફ’નો મંત્ર આપ્યો છે. વડાપ્રધાનશ્રીએ ‘કૅચ ધ રેઈન’ ‘એક પેડ માં કે નામ’ અને પ્રાકૃતિક ખેતી જેવાં અભિયાન શરૂ કરાવ્યાં, જે આજે જનઆંદોલન બની ગયાં છે.




આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનારા ગુજરાતીઓ શ્રી રંગદત્ત જોશી, શ્રી વિજય ડોબરિયા તથા શ્રી સોહિલ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પર્યાવરણ રક્ષણ માટે કાર્યરત ૩૫ જેટલાં સ્ટાર્ટઅપનાં ઉત્પાદન અને સેવાઓનાં પ્રદર્શન-વેચાણ માટે તૈયાર કરાયેલા સ્ટૉલ્સની મુલાકાત લઈને યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરાંત કિચન ગાર્ડનના ૭૬,૦૦૦ રોપાઓના વિતરણના અનોખા અભિયાન માટે ગોલ્ડન બુક ઑફ રેકૉર્ડ દ્વારા વર્લ્ડ રેકૉર્ડનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.



Downloaded from websankul.com

# 'સ્વાગત'માં ૨૦૦ અરજદારોની સમસ્યાનું ત્વરિત નિવારણ




મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના સામાન્ય નાગરિકોની રજૂઆત અને સમસ્યાઓના ત્વરિત નિવારણ માટે શરૂ કરેલો ટૅક્નૉલૉજીયુક્ત અભિગમ સ્ટેટ-વાઈડ અટેન્શન ઓન ગ્રિવન્સીસ થ્રૂ ઍપ્લિકેશન ઑફ ટૅક્નૉલૉજી-'સ્વાગત' કાર્યક્રમ લોકોની રજૂઆતોના ફળદાયી નિવારણનું સક્ષમ માધ્યમ બન્યો છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીની જનસેવા સાધના અને રાષ્ટ્રહિત માટેના સમર્પણનાં ૨૫ વર્ષ પૂર્ણ થયાના અવસરે રાજ્યવ્યાપી સેવા સંકલ્પ અભિયાન યોજાઈ રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સેવાસંકલ્પ અભિયાનને સપ્ટેમ્બર-૨૦૨૬ના 'રાજ્ય સ્વાગત'માં મળેલી નાગરિકોની રજૂઆતોના ત્વરિત નિવારણથી વધુ ગતિ આપી છે. 'રાજ્ય સ્વાગત'ની સપ્ટેમ્બર મહિનાની કડીમાં મુખ્યમંત્રીશ્રી સમક્ષ ભાવનગર, મહેસાણા, જૂનાગઢ, મોરબી અને રાજકોટના ૨૦૦ કરતાં પણ વધુ અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી સપ્ટેમ્બર -૨૦૨૬ના આ રાજ્ય સ્વાગતમાં ખેડૂતોના ખેતરમાં વરસાદી પાણીના નિકાલ, સાફ-સફાઈ, દબાણ તેમજ શહેરી વિકાસ સત્તામંડળને સ્પર્શતી રજૂઆતો માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપીને નાગરિકોની રજૂઆતોનો સમગ્રતયા હકારાત્મક અભિગમથી ઉકેલ લાવ્યા હતાં.

# મહિલાઓને ગૌદાન અર્પણ કરવાનો સેવાયજ્ઞ



જનસેવા, સાધના અને રાષ્ટ્રહિત માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમર્પણનાં ૨૫ વર્ષની જનસેવાની અવિરત સાધના અને સફળતાને બિરદાવવા 'સેવાસંકલ્પ અભિયાન' ઊજવવામાં આવી રહ્યું છે. આ અવસર નિમિત્તે અમદાવાદમાં સીતાવન ગીર ગૌશાળા પરિવાર દ્વારા 'ગૌ-માતૃશક્તિ સંસ્કૃતિ નમો વંદન' તથા નારી સશક્તીકરણ સમારોહ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. ગૌસેવા યજ્ઞ દ્વારા રાજ્યના આદિવાસી, ગરીબ અને આર્થિક રીતે નબળા પરિવારોની ૭૬ મહિલાઓને સ્વરોજગારી અને સ્થાયી આવક મળી રહે તે માટે સ્વસ્થ દેશી ગીર ગૌમાતાના દાનનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગાય ગ્રામીણ જીવનની સાથી, ખેડૂતોની સહાયક અને પરિવારની આર્થિક વ્યવસ્થાનો મુખ્ય આધાર છે. બહેનોને ગૌમાતા અર્પણ કરીને તેમને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાનો આ પ્રયાસ વડાપ્રધાનશ્રીના જીવદયા અને પ્રકૃતિપ્રેમની વિચારધારાને સુસંગત છે. રાજ્ય સરકાર દેશી ગાયના નિભાવ માટે ખેડૂતોને આર્થિક સહાય આપીને પ્રાકૃતિક ખેતીને સતત પ્રોત્સાહન આપી રહી છે.

આ કાર્યક્રમમાં સીતાવન ગીર ગૌશાળા ગૌસંરક્ષણ, ગૌસંવર્ધન અને ગૌસેવાના ક્ષેત્રે સતત કાર્યરત સ્વયંસેવકો તથા સંસ્થાના હોદ્દેદારો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે ગૌશાળાનાં વિવિધ સેવાકાર્યોનાં સંકલન અને સંચાલન વિશે મુખ્યમંત્રીશ્રીને માહિતી આપવામાં આવી હતી.



Downloaded from websankul.com

**ગણેશ-વંદના :** ગણેશ ઉત્સવમાં રાજ્યમાં શ્રદ્ધાની લહેર વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં વસ્ત્રાપુર ગણેશ-પંડાલમાં નાગરિકોનાં સુખ-સમૃદ્ધિ માટે ભગવાન ગણેશજી સમક્ષ પ્રાર્થના કરીને ભગવાન ગણેશજીની મહાઆરતીમાં ભાગ લીધો હતો. મુખ્યમંત્રીશ્રીએ પોતાના ઘાટલોડિયા મતવિસ્તારમાં વિવિધ ગણેશ-પંડાલમાં શ્રીગણેશનાં દર્શન-આરતીનો લહાવો લીધો હતો. વડાપ્રધાનશ્રીના જન્મદિન નિમિત્તે તેમની મુખાકૃતિની રંગોળી તેમજ પ્રગટાવેલા દીવાને નિહાળીને મુખ્યમંત્રીશ્રીએ આ કૃતિને બિરદાવી ભૂલકાંઓ સાથે વાત્સલ્યસભર સંવાદ કર્યો હતો.





**દર્શન :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહાવીર જન્મવાંચન નિમિત્તે અમદાવાદના નવરંગપુરાના દેવકીનંદન જૈન શ્વેતાંબર દેરાસરમાં ભગવાન મહાવીરના આંગી શણગારનાં દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. આ સાથે જ મુખ્યમંત્રીશ્રીએ અન્ય ભગવંતોનાં પણ ભક્તિભાવપૂર્વક દર્શન કર્યાં હતાં.

**અભિયાન :** ‘એક પેડ માં કે નામ’ અભિયાન અંતર્ગત નર્મદાના નાંદોદ તાલુકાના વાવડી ગામે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વૃક્ષારોપણ કરીને ગ્રામજનો તથા બાળકો સાથે સહજ સંવાદ કર્યો હતો. તેમણે બાળકોને શિક્ષણમાં સતત આગળ વધવા અને ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરવા પ્રેરિત કર્યાં હતાં. આ પ્રસંગે આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલ, આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી પી.સી. બરંડા ઉપસ્થિત રહ્યા હતા.





Downloaded from websankul.com

**નિરીક્ષણ :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ મ્યુનિસિપાલિટીની શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ દ્વારા સેવા સંકલ્પ સમર્પણ અભિયાન અંતર્ગત ચિત્ર સ્પર્ધામાં દોરવામાં આવેલાં ચિત્રોનું પ્રદર્શન નિહાળ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વિવિધ થીમ પર સર્જનાત્મક ચિત્રો દોરનારાં બાળકો સાથે સંવાદ સાધીને તેમને પ્રોત્સાહિત કર્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ સેવા સંકલ્પ સમર્પણ અભિયાન અંતર્ગત ઘુમા ગામ તળાવ પાસે સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન કરી સ્વચ્છતાકર્મીઓ સાથે સંવાદ સાધ્યો હતો.





**પુષ્પાંજલિ :** જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે ગાંધીનગરના ડભોડામાં પૌરાણિક શ્રી રણછોડરાયજી મંદિરે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણીમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગ્રામજનો સાથે સહભાગી બન્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ભક્તિભાવપૂર્વક ભગવાન શ્રી રણછોડરાયનાં દર્શન કરીને આરતી, પૂજા-અર્ચન કર્યાં હતાં. તેમણે ભગવાન શ્રીકૃષ્ણનું પારણું પણ ઝુલાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીને પાઘડી પહેરાવી, શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને ગ્રામજનો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ અને સર્વાંગી વિકાસ માટે ભગવાન શ્રી રણછોડરાયને પ્રાર્થના કરી હતી.

**ઝુંબેશ :** રાજ્યભરમાં ચાલી રહેલા 'સેવાસંકલ્પ અભિયાન' અંતર્ગત માહિતી કમિશનરશ્રીની વડી કચેરીની વિવિધ શાખાઓ દ્વારા સેક્ટર ૧૬ સ્થિત કચેરી ખાતે તેમજ તમામ જિલ્લા કચેરીઓ દ્વારા સ્થાનિક સ્તરે વૃક્ષારોપણ અને સ્વચ્છતા સંકલ્પ અંતર્ગત સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તમામ અધિકારીઓ અને કર્મચારીઓ ઉત્સાહપૂર્વક શ્રમદાન કરી આ ઝુંબેશમાં સહભાગી બન્યા હતા. વડી કચેરી દ્વારા આયોજિત કાર્યક્રમમાં માહિતી કમિશનરશ્રી કે. એલ. બચાણી, અધિક માહિતી નિયામક શ્રી સંજય કચોટ, પ્રેસ અકાદમીના સચિવ શ્રી જયેશ દવે ઉપરાંત તમામ શાખાના અધિકારી અને કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા.






Downloaded from websankul.com

**પરિવહન :** ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહાર નિગમ દ્વારા પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીના પૂનમના મહામેળા-૨૦૨૬ નિમિત્તે પદયાત્રીઓ અને દર્શનાર્થીઓની સુવિધા અર્થે ખાસ 'એક્સ્ટ્રા બસ સંચાલન'નો શુભારંભ તથા નવીન બસોનું લોકાર્પણ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાહનવ્યવહાર રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળી તથા શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાની ઉપસ્થિતિ પ્રોત્સાહક બની હતી. મેળા માટે ૧૦૦૦ જેટલી બસો થકી વધારાની ૩૦,૦૦૦ જેટલી ટ્રિપોનું સંચાલન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.



**ચાતુર્માસ :** તપોભૂમિ પાલિતાણા ખાતે જૈન ચાતુર્માસ દરમિયાન નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉપસ્થિત રહીને સંતો, મહારાજ સાહેબશ્રીઓ અને તપસ્વીઓનાં દર્શન કરીને તથા સૌ ગુરુજનોને વંદન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીનું બહુમાન કરવામાં આવ્યું હતું. તેમણે આરતી દર્શનનો લાભ લઈ ધાર્મિક ભાવનાથી ઓતપ્રોત વાતાવરણમાં ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સંતો, મહારાજ સાહેબશ્રીઓ અને તપસ્વીઓ અને જૈનશ્રાવકો ઉપસ્થિત રહ્યા હતા



**અર્પણ :** અમદાવાદમાં રાણીપ ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રૂ. ૧૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ડૉ. બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન, મ્યુઝિયમ અને ઇ-લાઇબ્રેરીનું લોકાર્પણ કર્યું હતું, જેમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા અને શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મહાનુભાવોએ બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ ભવ્ય ફાઉન્ડેશન, આધુનિક લાઇબ્રેરી અને ઑડિટોરિયમ સંકુલ સમાજના યુવાનોના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે.





Downloaded from websankul.com



**એવોર્ડ્સ :** ગાંધીનગર ખાતે ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ કુલ ૧૪ પર્યાવરણ પ્રેમી વિજેતાઓને વિવિધ ૫ શ્રેણીમાં 'ક્લાઈમેટ ચેન્જ એવૉર્ડ્સ 2026-27' એનાયત કરી સન્માનિત કર્યા હતા. તેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ઇનામ આપવામાં આવ્યું. આ પ્રસંગે મંત્રીશ્રી અર્જુનભાઈએ ક્લાઈમેટ ચેન્જ ઍક્શનને 'જીવનશૈલી' -Way of lifeને જનઆંદોલન બનાવવા આહ્વાન કર્યું હતું.



**રક્તદાન :** શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે 'બ્લડ ડોનેશન કેમ્પ' તથા નિઃશુલ્ક 'મેગા મેડિકલ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રીએ સમાજના દરેક વર્ગ સુધી સુલભ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચે તથા નાગરિકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધે તે દિશામાં આવાં સેવાકીય આયોજનો પર વિશેષ ભાર મૂક્યો હતો.

**ખાતમુહૂર્ત :** દૂધ ઉત્પાદન અને પશુપાલન એ માત્ર રોજગારનું સાધન નથી, પરંતુ સમગ્ર ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવતું અત્યંત મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર છે. આણંદ ખાતે નવી દૂધ ડેરીનું ખાતમુહૂર્ત કરતાં નાણા રાજ્યમંત્રીશ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ નવીન ડેરીના નિર્માણથી સ્થાનિક પશુપાલકોને આધુનિક સુવિધાઓ પ્રાપ્ત થશે અને તેમના દૂધ ઉત્પાદનને સાચી કિંમત તેમજ સુદૃઢ વ્યવસ્થા મળી રહેશે.





**લોકાર્પણ :** વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને વલસાડ જિલ્લામાં સેવાસંકલ્પ અભિયાન અંતર્ગત રાજ્યના નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂ. 3 કરોડ ૧૦ લાખના ખર્ચે નિર્માણ થયેલી તાલુકાપંચાયતની કચેરીના નવા મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયતના પ્રમુખો, સભ્યો અને તાલુકા વિકાસ અધિકારીઓને અપીલ કરતાં મંત્રીશ્રીએ સરકારે બનાવેલી યોજના લોકો સુધી પહોંચે તેની તકેદારી રાખવા જણાવ્યું હતું.



**સેવાસેતુ :** 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગરૂપે ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને જસદણ નગરપાલિકા કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સેવાસેતુના માધ્યમથી જરૂરિયાતમંદ લોકોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ રાજ્ય સરકાર દ્વારા ઘરઆંગણે જ આપવામાં આવી રહ્યો છે.



Downloaded from websankul.com

# સુરતમાં ૧૫૧ ગ્રાઉન્ડ વૉટર રિચાર્જ બોરવેલનું ખાતમુહૂર્ત



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સુરતને ભૂગર્ભ જળસંચય ક્ષેત્રે અગ્રેસર બનાવવાના ભગીરથ સંકલ્પ સાથે બમરોલીમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલના હસ્તે ૧૫૧ સ્થળોએ ગ્રાઉન્ડ વૉટર રિચાર્જ બોરવેલનાં કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ તકે કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વરસાદનું પાણી જ્યાં પડે ત્યાં જ એને ઝીલીને જમીનમાં ઉતારવું એ સમયની માંગ છે. આ રાષ્ટ્રીય અભિયાનની શાનદાર શરૂઆત ૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સુરતથી કરવામાં આવી હતી. આજે જનભાગીદારીના બળે સમગ્ર દેશમાં ૧ કરોડ ૫૫ લાખથી વધુ જળસંચય સ્ટ્રક્ચર્સનાં નિર્માણ થકી વાર્ષિક ૧૨ બીસીએમ (બિલિયન ક્યુબિક મીટર)થી વધુ પાણી જમીનમાં ઉતારવામાં સફળતા મળી છે.

'કેચ ધ રેઈન' અને 'રેઈન વૉટર હાર્વેસ્ટિંગ' અભિયાનને આગળ ધપાવતા સુરતમાં ૬ હજારથી વધુ સ્ટ્રક્ચર બનાવ્યાં છે. ઉધના ઝોનમાં ૧૫૧ બોરવેલથી જળસંચયની કામગીરીની સાથે જ ચોમાસા દરમિયાન શહેરમાં થતા વોટર લોગિંગ અને ભરાતા પાણીની સમસ્યામાંથી મુક્તિ મળશે.

# મહુવામાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ સાધન સહાય

મહુવામાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વયોવૃદ્ધજનો માટે નિઃશુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો હતો. જેમાં કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણીયાના હસ્તે ૬૨૩ વયોવૃદ્ધજનોને ૩,૪૧૨ સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીને સેવા સાથે જોડીને જરૂરિયાતમંદ વડીલોના જીવનમાં સુગમતા અને આત્મનિર્ભરતા લાવવાનો આ પ્રયાસ છે.

વ્હીલચૅર, ટ્રાઈસિકલ, શ્રવણયંત્ર, વોકર, કાખઘોડી, ચોકઠાં તેમજ કમર અને ઘૂંટણના પટ્ટા જેવા સહાયક સાધનોની કિંમત કરતાં વડીલોના જીવનમાં તેનું મહત્ત્વ અનેકગણું છે. વડીલો સાથેના એક સંવાદનો ઉલ્લેખ કરતાં શ્રીમતી નિમુબહેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, ઘણી વખત આર્થિક પરિસ્થિતિને કારણે વડીલો પોતાની જરૂરિયાતનાં સહાયક સાધનો મેળવી શકતા નથી. શ્રવણયંત્ર મળ્યા બાદ જ્યારે કોઈ દાદા-દાદી પોતાનાં પૌત્ર-પૌત્રીના કાલા- ઘેલા બોલ સાંભળે ત્યારે તેમના ચહેરા પર આવતી બોલકી



ખુશીથી મળતા આશીર્વાદ અમૂલ્ય છે. જીવનભર પરિવાર, સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપનાર વડીલોની સેવા કરવાનો અવસર મળવો એ આપણા સૌનું સૌભાગ્ય છે.

આ કેમ્પમાં ૭૯ વ્હીલચૅર, ૫૦૪ ચાલવાની લાકડીઓ, ૬૧૨ શ્રવણયંત્રો, ૯૪ કૃત્રિમ દાંત, ૪૨૯ કમરના પટ્ટા, ૧,૦૯૦ ઘૂંટણના સપોર્ટ, ૪૦ ખભાના સપોર્ટ, ૯૦ વોકર, ૨૮૦ સીટ કુશન અને ૧૯૪ કોમોડ સ્ટૂલ સહિત કુલ ૩,૪૧૨ સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.



Downloaded from websankul.com

*રાજ્ય સરકારે નાગરિકોના ગુણવત્તાયુક્ત જીવન માટે 'મિનિમમ ગવર્નમેન્ટ, મૅક્સિમમ ગવર્નન્સ'ના મંત્ર સાથે લોકોની સુખાકારીને પ્રાથમિકતા આપી છે. સુશાસન માટે ગુજરાત સરકારે વિવિધ નિર્ણયોના માધ્યમથી રાજ્યના નાગરિકો માટે તાજેતરમાં લીધેલા નિર્ણયો વિશે જાણકારી આપવામાં આવી છે.*

## ટેન્ડર મંજૂરી પ્રક્રિયાની સમયમર્યાદા નિર્ધારિત



**નિર્ણય :** વિકાસ અને બાંધકામનાં કામો વધુ ઝડપી બને તથા વહીવટી પ્રક્રિયામાં બિનજરૂરી વિલંબ ન થાય તે હેતુથી ટેન્ડર-મંજૂરીની પ્રક્રિયા માટે વિવિધ કક્ષાએ મહત્તમ સમયમર્યાદા નક્કી કરતો મહત્ત્વપૂર્ણ નિર્ણય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યો હતો.

- **ટેન્ડરમંજૂરીની સમયમર્યાદા ઘટી :** ટેન્ડર-મંજૂરી માટેની ૧૨૦ દિવસની પ્રવર્તમાન સમયમર્યાદા ઘટાડીને કડક સમયમર્યાદા નક્કી કરવામાં આવી. પૂર્વપાત્રતા વગરનાં ટેન્ડરો (માત્ર ફાઈનાન્શિયલ બીડ) માટે ક્ષેત્રીય કચેરીથી લઈને સચિવાલય અને નાણાવિભાગ સુધીની સમગ્ર મંજૂરી-પ્રક્રિયા વધુમાં વધુ ૫૧ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે. પૂર્વપાત્રતાવાળાં ટેન્ડરો (ટેક્નિકલ અને ફાઈનાન્શિયલ બીડ) માટે તમામ સ્તરે ચકાસણી સાથેની સમગ્ર પ્રક્રિયા વધુમાં વધુ ૬૬ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે. ટેન્ડર વેલિડિટી ઘટી: ટેન્ડરની વેલિડિટી (Tender Validity) ૧૨૦ દિવસથી ઘટાડીને ૯૦ દિવસ કરવામાં આવી.
- **વાટાઘાટો (Negotiation) પર મર્યાદા:** અનિવાર્ય સંજોગો સિવાય વાટાઘાટો કરવાનું ટાળવાનું રહેશે. વાટાઘાટો અનિવાર્ય બને તો તે એક જ સ્તરે (સક્ષમ સત્તાધિકારી કક્ષાએ) પૂર્ણ કરવાની રહેશે.
- **જવાબદારીનું નિર્ધારણ:** સમયમર્યાદામાં દરખાસ્તનો નિકાલ ન થાય તો વિલંબનાં કારણોની નોંધ લઈને સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરાશે. અધૂરી દરખાસ્તોના કારણે થયેલા વિલંબની સંપૂર્ણ જવાબદારી જે-તે રજૂ કરનાર કક્ષાની રહેશે.

**નાગરિકોને લાભ :** રસ્તા, પુલ અને સરકારી મકાનો જેવાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામો નિયત સમયમાં શરૂ થવાથી નાગરિકોને સુવિધાઓ વહેલી પ્રાપ્ત થશે. વિકાસકામો ઝડપથી પૂર્ણ થવાથી લોકોનાં જીવનધોરણ અને સુવિધાઓમાં વૃદ્ધિ થશે.

**રાજ્ય સરકારને ફાયદો :** વહીવટી પ્રક્રિયાઓમાં થતો વિલંબ અટકશે. સમયમર્યાદા અને અધિકારીઓની જવાબદારી નક્કી થવાથી તંત્ર વધુ પારદર્શક અને પરિણામલક્ષી બનશે.

**ઈજારદારોને નફો :** મંજૂરીપ્રક્રિયા ટૂંકી થતાં કામો ઝડપથી શરૂ કરી શકાશે. વાટાઘાટોની જટિલતા ઘટશે અને નિયત સમયમર્યાદામાં નિર્ણયો આવશે.

## સરહદી જિલ્લાઓને હાઈ-સ્પીડ કૉરિડોરથી સુદૃઢ માર્ગ-જોડાણ અપાશે

**નિર્ણય:** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કચ્છ જિલ્લામાં અતિમહત્ત્વના ધોરીમાર્ગોને ૭ મીટરમાંથી ૧૦ મીટર જેટલા પહોળા કરવા માટે રૂ. ૩૬૩ કરોડ તેમજ બનાસકાંઠા જિલ્લામાં ૧૦ મીટર માર્ગને ફોરલેન કરવા માટે રૂ. ૨૨૯ કરોડ મળીને કુલ રૂ. ૫૯૨ કરોડની ફાળવણી કરી છે. તદનુસાર, હાઈ-સ્પીડ કૉરિડોર અંતર્ગત કચ્છ જિલ્લામાં પાન્ધ્રો નારાયણ સરોવર રોડ, લખપત નારાયણ સરોવર રોડ અને દયાપર-સુભાષપર પાન્ધ્રો રોડ એમ ત્રણ માર્ગોને ૭ મીટરથી ૧૦ મીટર પહોળા કરવાનાં કામો માટે રૂ. ૩૬૩ કરોડનાં કામો મંજૂર થયાં છે. તો, ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં શિહોરી-પાટણ રોડને ૧૦ મીટરથી પહોળો કરીને ફોરલેન કરવા માટે રૂ. ૨૨૯ કરોડનું કામ મંજૂર કર્યું છે.

**લાભ:** કચ્છ અને બનાસકાંઠાના આ રસ્તાઓ આજુબાજુના તાલુકાઓને એકબીજા સાથે જોડતા હોવાથી ગ્રામજનો માટે અત્યંત મહત્ત્વના પુરવાર થશે. તેમજ ૧૦ મીટર પહોળા અને ફોરલેન બનવાથી આસપાસના નાના-મોટા ઔદ્યોગિક, તથા વાણિજ્ય વિસ્તારોમાં અવરજવર કરતાં ભારે વાહનો વધુ ઝડપથી અને સુરક્ષિત રીતે પસાર થઈ શકશે. કચ્છ જિલ્લામાં આ માર્ગો પહોળા કરીને સુધારવાથી યાત્રાધામો તથા આસપાસનાં પ્રવાસનસ્થળો સુધી પહોંચવું વધુ સરળ અને આરામદાયક બનશે, જેથી આ વિસ્તારમાં પ્રવાસન ક્ષેત્રનો પણ સારો એવો વિકાસ થશે. આમ, રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ વધારીને સર્વગ્રાહી વિકાસની પ્રતિબદ્ધતા સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માર્ગ-મકાન વિભાગને આ રકમની ફાળવણી કરી છે.



Downloaded from websankul.com





# સુરતમાં સચવાયેલી સાડેલી વુડ ક્રાફ્ટ આર્ટ

**મહેશ કથીરિયા**

ભારતીય હસ્તકળાએ સમાજની ઓળખ અને લોકજીવનની કલાત્મક અભિવ્યક્તિ છે. દરેક પ્રદેશની પોતાની આગવી હસ્તકલા હોય છે. અંદાજિત ૧૨૦૦ વર્ષ જૂની ગુજરાતની અને સમગ્ર ભારતની ખૂબ બારીકાઈથી થતી 'સાડેલી વુડ ક્રાફ્ટ'ની કલાને સુરતમાં જીવંત રાખવાના પેટીગરા પરિવાર પ્રયાસરત છે. સુરતનો સાડેલી આર્ટ વર્કશોપ દેશના એકમાત્ર સાડેલી હસ્તકલા વર્કશોપ તરીકે ઓળખાય છે, જે હજુ સુધી જૂની પરંપરાગત ટૅક્નિકો યથાવત્ રાખીને આધુનિક ઓજારો સાથે નવી રીતે પણ આ કલાના આર્ટિકલ તૈયાર કરીને આધુનિક સમયની જરૂરિયાતો સાથે તાલ મિલાવતો થયો છે.

સાડેલી આર્ટ લાકડાથી બનતા દરેક ફર્નિચર, શો-પીસ અથવા ગિફ્ટ બોક્સ પર અતિશય ઝીણવટથી હાથ વડે કરવામાં આવતી સુંદર અને આકર્ષક કલા છે. જ્યારે પારસીઓ ઈરાનથી ભારત આવ્યા ત્યારે તેમની સાથેસાથે આ કલા પણ ભારતમાં પ્રવેશી. ટૂંક સમયમાં આ કળા ગુજરાતના સ્થાનિક કલાકારોએ અપનાવી લીધી અને એ રીતે તેનો વિકાસ થયો. લાકડાની ઝીણવટભરી ડિઝાઈન અને કુદરતી રંગીન લાકડાઓથી બનેલા ફર્નિચર, બૉક્સ અને શો-પીસમાં ભારતીય વારસાની ઝલક દેખાય છે. ઈ.સ. ૧૬૦૦માં જ્યારે ઈસ્ટ ઇન્ડિયા કંપની સુરતમાં વેપાર કરતી હતી, ત્યારે આ કળા 'મુંબઈ બૉક્સ' તરીકે જાણીતી હતી.



પહેલાંના સમયમાં રાજા-મહારાજાઓ માટે વિવિધ લાકડાઓમાંથી નકશીકામ અને સાડેલી વર્કવાળી તૈયાર થતી પેટીઓ આજે પણ કળાના જાણકારોમાં સન્માન પામે છે. દેશનો એકમાત્ર અને છેલ્લો સાડેલી હસ્તકલા વર્કશોપ સુરતમાં છે. આ નકશીકામની વિશેષ વાત એ છે કે, સાડેલી આર્ટમાં ઉપયોગમાં લેવાતી તમામ સામગ્રી સ્વદેશી અને સ્થાનિક સ્તરે જ ઉપલબ્ધ છે.

હસ્તકલાને ધબકતી રાખનાર કલાકાર રાકેશભાઈ પેટીગરા જણાવે છે કે, સાડેલી વુડન આર્ટ સુરતની ઓળખ છે, જેને GI ટેગ પણ મળી છે. ઈરાનથી સુરત સુધીની યાત્રા આ કળાએ કરી છે. શરૂઆતમાં આ કળાનો વ્યાપ સુરતના કોટ વિસ્તાર પૂરતો મર્યાદિત હતો. હજારો વર્ષ પહેલાં બારીકાઈથી થતી આ કાષ્ઠકલા વર્તમાનમાં પણ એ જ ઝીણવટભરી, બારીકાઈ અને ચોકસાઈથી કરવામાં આવે છે. સાડેલી વુડ ક્રાફ્ટમાં લાકડાના નાના નાના ટુકડાઓના ભૌમિતિક આકારમાં જોડવામાં આવે છે, જેને 'પર્શિયન ખાતમકારી' પણ કહે છે. તેમણે ઉમેર્યું કે, સાડેલી વુડન આર્ટને જીવંત રાખવા માટે અત્યાર સુધીમાં ૪૫૦થી ૫૦૦ કલારસિકોને આ વિશિષ્ટ કળાના જ્ઞાનથી સમૃદ્ધ થયા છે.








Downloaded from websankul.com

# ગુજરાતી શીખીએ

**કવિ પ્રકાશ 'જલાલ'**

ગત અંકમાં 'અનુસ્વાર-અષ્ટક'ની ચર્ચા પૂર્ણ કરીને હવે સાચાં ટૂંકાં વાક્યો લખવાનું અને સરળ રીતે ભૂલ વિનાનાં વાક્યો લખવાનું આપણે શરૂ કર્યું છે. હવે સમજીએ કે, ન અને ણ બંને અલગ અલગ છે. તેમને એટલે તે માણસને. અને તેમણે એટલે તે માણસે. આવા અર્થફેરને સમજીએ. (તમે તેમને જે કહ્યું તે તેમણે સાંભળ્યું જ નથી. આમાં ને અને ણે બંનેને સમજો, અને એવાં અર્થફેરવાળાં કેટલાંક વાક્યો લખો, વારંવાર લખીને પાકાં કરો.)

ત્રીજી વાત. નો,ની,નું,ના,માં,માંથી વગેરે કદી છૂટા ન પાડો. આ બધા વિભક્તિના પ્રત્યયો છે, પણ તમારે હાલ વ્યાકરણની પરિભાષામાં પડવાની જરૂર નથી. માત્ર એ પ્રત્યયોને ભેગા કરીને લખવાની ટેવ પાડો. એવાં થોડાંક વાક્યો લખો, વારંવાર લખો અને એ ટેવને પાકી કરી દો. દા.ત. આ વાક્યો જુઓ: તમારા દીકરાનો દીકરો મારા ઘરમાંથી નીકળીને બજારમાં ગયો. તમારા પુસ્તકનું એક જ પાનું ફાટેલું છે, પરંતુ પુસ્તકનું મુખપૃષ્ઠ ખૂબ જ સુંદર છે. મારા મામાની દીકરી એટલે મારી સગી બહેન જ ગણાય, સમજ્યા?

'અનુસ્વાર-અષ્ટક'ની આપણે ચર્ચા કરી, તો અનુસ્વારના કેટલાક નિયમો ઉપર નજર નાખી લઈએ. અનુસ્વારના મુખ્યત્વે બે પ્રકાર છે – કોમળ અને તીવ્ર. કોમળ અનુસ્વાર હળવા અને જલદીથી પસાર થઈ જાય તેવા હોય છે. દા.ત. હું, છું, શું, કાં, ત્યાં, વીંછી, પૂંછ, કાંતણ વગેરે. પરંતુ, તીવ્ર અનુસ્વાર સ્પષ્ટ સંભળાય છે. દા.ત. પંડિત, અંદર, મંગલ, ભીંડો, વંડી વગેરે.

એકવચનનું નામ હોય, નાન્યતર જાતિમાં છેલ્લે ઉ-કારાન્ત આવતો હોય તો અનુસ્વાર કરીશું. દા.ત. પપૈયું, મરચું, રમકડું, ઘોડિયું, પાટિયું, છોકરું વગેરે. નાન્યતર જાતિમાં વિશેષણ એકવચનમાં અંતે ઉ-કારાન્ત હોય તો અનુસ્વાર આવે. દા.ત. કાચું પપૈયું, લીલું મરચું, નાનું રમકડું, મજાનું ઘોડિયું વગેરે. આનાં બહુવચન બને ત્યારે અનુસ્વાર કરીશું. કાચાં પપૈયાં, લીલાં મરચાં, નાનાં, મજાનાં રમકડાં વગેરે. પ્રથમ પુરુષ એકવચન હું સાથેનાં પ્રથમ પુરુષ બહુવચનમાં અનુસ્વાર આવે. દા.ત. ખાઈશું, પીશું, રમીશું, જઈશું વગેરે. વળી, કોઈ પણ ક્રિયાપદનું મૂળ રૂપ હંમેશાં અંતે અનુસ્વારવાળું જ હોય. દા.ત. કહેવું, બોલવું, રમવું, જવું, આવવું, દોડવું વગેરે.

હવે, બરકત વીરાણી 'બેફામ' સાહેબના આ શેરમાં ની,ના,નાં જુઓ, અને સાની મિસરામાં 'મારા' શબ્દમાં અનુસ્વાર કેમ નથી અને 'ફાટેલાં'માં કેમ છે, તેનું કારણ તપાસો:

"વીતેલ પ્રસંગો એ રીતે
જીવનની કથાના ભટકે છે!
જાણે કે મારા પુસ્તકનાં
ફાટેલાં પાનાં ભટકે છે!"

# સ્વસ્થ જીવનની શરૂઆત થાળીમાં

**ડૉ. શીતલ ભાગીયા**

આહાર માત્ર ભૂખ સંતોષવાનું સાધન નથી; તે આપણાં શરીર, મન, ઊર્જા અને રોગપ્રતિકારક શક્તિના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આયુર્વેદમાં 'આહાર'ને સ્વાસ્થ્ય જાળવવાના સૌથી મહત્ત્વના આધારસ્તંભો પૈકીનું એક માનવામાં આવ્યો છે. યોગ્ય આહાર રોગોથી દૂર રહેવાનું કારણ છે. આપણે શું ખાઈએ છીએ એની સાથે કેટલું, ક્યારે, કેવી રીતે અને કઈ માનસિક સ્થિતિમાં ખાઈએ છીએ તે પણ મહત્ત્વનું છે.

**૧. ભૂખ લાગે ત્યારે જ ખાવું :** ભૂખ ન લાગી હોય અને અગાઉનું ભોજન પચ્યું ન હોય ત્યારે વારંવાર ખાવાથી પાચનતંત્ર પર ભાર પડે છે.

**૨. કેટલું ખાવું? – 'જેટલી ભૂખ, એટલું જ ભોજન':** દરેક વ્યક્તિ માટે ખોરાકની માત્રા એકસરખી ન હોઈ શકે. આ માત્રા વ્યક્તિની પાચનશક્તિ, ઉંમર, ઋતુ, શારીરિક શ્રમ, ખોરાકનો પ્રકાર ઉપર આધારિત હોઈ શકે.

**૩. પેટના ત્રણ ભાગનો સિદ્ધાંત :** ભોજન વખતે પેટને સંપૂર્ણ ભરવાને બદલે તેની ક્ષમતા પ્રમાણે ભોજન લેવાનું સૂચન કરવામાં આવ્યું છે. સરળ રીતે સમજીએ તો: ૧/૨ ભાગ – ઘન/અર્ધઘન આહાર, ૧/૪ ભાગ – પ્રવાહી, ૧/૪ ભાગ – ખાલી જગ્યા. આ ખાલી જગ્યા પાચન-પ્રક્રિયામાં પેટની કુદરતી હલનચલન અને દોષોની સામાન્ય ગતિ માટે જરૂરી માનવામાં આવે છે.

**૪. 'અગ્નિ' પ્રમાણે આહાર :** અગ્નિ એટલે માત્ર જઠરનો જ અગ્નિ નહીં, પરંતુ આહારના પાચન અને શરીરમાં તેના યોગ્ય રૂપાંતરણ સાથે સંકળાયેલી સમગ્ર પાચન-ચયાપચયની પ્રક્રિયા. અગ્નિ સારો હોય તો યોગ્ય માત્રામાં લેવાયેલો આહાર શરીર માટે પોષક બને છે. પરંતુ અગ્નિ નબળો હોય ત્યારે વધારે કે ભારે ખોરાક લેવાથી અજીર્ણ અને આમ જેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. તેથી શિયાળામાં ભૂખ વધારે લાગે ત્યારે ખોરાકની માત્રા ઉનાળા કરતાં અલગ હોઈ શકે છે.

(આયુર્વેદિક આહારના નિયમોને વધુ વિગતવાર આવતા અંકમાં ભાગ-૨ સાથે જાણીશું.)



Downloaded from websankul.com





# શરીર માટે ઉપયોગી એસિડ

બેલા મહેતા

આપણે 'ઍસિડ' શબ્દ સાંભળતાંની સાથે તેને હાનિકારક રસાયણ ધારી લઈએ છીએ. પરંતુ આપણા શરીરની યોગ્ય કામગીરી માટે કેટલાક ઍસિડ અત્યંત જરૂરી છે. હાઈડ્રોક્લોરિક ઍસિડ, ફૅટી ઍસિડ, ઍમિનો ઍસિડ અને ફૉલિક ઍસિડ જેવા ઍસિડ પાચન, ઊર્જા-ઉત્પાદન, કોષોની રચના અને રોગ-પ્રતિકારક શક્તિ જેવી અનેક શારીરિક પ્રક્રિયાઓમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

જો શરીરને આ જરૂરી ઍસિડ પૂરતા પ્રમાણમાં ન મળે, તો તેની અસર અલગ-અલગ રીતે વર્તાય છે. દા.ત. આવશ્યક ફૅટી ઍસિડની ઊણપથી ત્વચા સૂકી થવી અને વાળની તંદુરસ્તી પર અસર થઈ શકે છે. આવશ્યક ઍમિનો ઍસિડની અછતથી સ્નાયુઓની જાળવણી અને શરીરના પ્રોટીન-નિર્માણમાં અડચણ આવી શકે છે. ફોલિક ઍસિડની ઊણપથી લોહીની ઊણપ એટલે ઍનિમિયા થઈ શકે છે. જ્યારે જઠરમાં હાઈડ્રોક્લોરિક ઍસિડનું પ્રમાણ અસામાન્ય રીતે ઓછું હોય, ત્યારે પાચન-પ્રક્રિયા પર અસર પડી શકે છે.

અમદાવાદના ડૉ. અર્પણ રાવલ જણાવે છે કે, "યોગ્ય માત્રામાં વિષ પણ અમૃત સમાન અને અયોગ્ય માત્રામાં અમૃત પણ વિષ બને છે. ઍસિડનું યોગ્ય પ્રમાણ સ્વાસ્થ્યનો આધાર છે પણ તેનું અસંતુલન સ્વાસ્થ્ય માટે પડકાર સમાન છે."



**હાઇડ્રોક્લોરિક ઍસિડ (HCl) :** તે આપણા જઠરમાં બને છે. પોતે પ્રોટીનનું પાચન કરતું મુખ્ય એન્ઝાઇમ નથી. તે જઠરમાં પેપ્સિનોજનને પેપ્સિનમાં સક્રિય થવા માટે જરૂરી અમ્લીય વાતાવરણ બનાવે છે અને પ્રોટીનના વિકૃતીકરણમાં મદદ કરે છે. તે ખોરાક સાથે શરીરમાં પ્રવેશતા કેટલાક હાનિકારક સૂક્ષ્મજીવો સામે રક્ષણ આપે છે..

**ફૅટી ઍસિડ :** શરીર માટે ઊર્જાનો તે મહત્ત્વનો સ્રોત છે. ઓમેગા-૩ અને ઓમેગા-૬ જેવા આવશ્યક ફૅટી ઍસિડ શરીર પોતે બનાવી શકતું નથી, તેથી તેમને જરૂરી આહાર દ્વારા મેળવવા પડે છે. અખરોટ, અળસી અને ચિયા-બી જેવા ખોરાક તેને મેળવવાના મુખ્ય સ્રોત છે..

**ઍમિનો ઍસિડ :** આ ઍસિડમાં પ્રોટીનના મૂળભૂત ઘટકો છે. સ્નાયુઓ, ત્વચા, હોર્મોન્સ અને ઍન્ઝાઈમના નિર્માણમાં તેમનું મહત્ત્વ છે. દાળ, કઠોળ, દૂધ, દહીં અને અન્ય પ્રોટીનયુક્ત ખોરાકમાંથી ઍમિનો ઍસિડ મળે છે.

**ફૉલિક ઍસિડ :** તે વિટામિન B૯નું એક રૂપ છે, જે લાલ રક્તકણોના નિર્માણ અને કોષોના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે.

આથી ઍસિડને માત્ર હાનિકારક રસાયણ તરીકે જોવાને બદલે શરીરમાં તેમની યોગ્ય માત્રા અને ભૂમિકાને સમજવી એક સ્વસ્થ અને શિક્ષિત સમાજ માટે જરૂરી બાબત છે. સંતુલિત અને પૌષ્ટિક આહાર દ્વારા શરીરને જરૂરી ઍસિડ અને પોષક તત્ત્વોની જાણકારીથી તેની ઊણપને સરળતાથી દૂર કરી શકાય છે. સ્વસ્થ જીવન જીવી શકાય છે.



Downloaded from websankul.com

### શિક્ષણ અને સંસ્કાર-સિંચનથી ઘડતર કરતાં

# અમદાવાદની સ્માર્ટ સ્કૂલનાં શિક્ષિકા

સંજય શુક્લ

"બાળક જોઈ જે રીઝે,
રીઝે બાળક જેને જોઈને,
સ્નેહલ સૂરત, વત્સલ મૂરત,
હૃદય હૃદયનાં વંદન તેને!"

કવિ શ્રી ઉમાશંકર જોશીની આ પંક્તિઓને પોતાનાં જીવન અને કાર્યશૈલીમાં સાર્થક કરનાર શિક્ષિકા એટલે શ્રીમતી સોનલબહેન પ્રફુલ્લભાઈ રાવલ. શિક્ષિકા માતા પાસેથી શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરવાના ગુણ ગળથૂથીમાંથી જ મેળવી ચૂકેલાં સોનલબહેને પોતાની ૨૬ વર્ષની સુદીર્ઘ શૈક્ષણિક કારકિર્દીમાં અનેક નૂતન પ્રયોગો કર્યા. અમદાવાદ કોર્પોરેશનની ઘાટલોડિયા પ્રાથમિક શાળા નં.૩માં મદદનીશ શિક્ષિકા તરીકે સોનલબહેને આપેલી ઉત્કૃષ્ટ સેવાઓ બદલ 'ગુજરાત રાજ્યકક્ષા પ્રાથમિક શિક્ષક વિભાગ શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ-૨૦૨૬'થી તેમને સન્માનિત કરવામાં આવ્યાં.

### 'સ્લમથી સ્માર્ટ સ્કૂલ'નું અભિનવ પરિવર્તન

દસ્ક્રોઈની ખોડિયાર પ્રાથમિક શાળાથી શૈક્ષણિક સેવા શરૂ કરનાર સોનલબહેને ઓગણજ સી.આર.સી. કો-ઓર્ડિનેટર તરીકે ૯ વર્ષ સુધી ગુણાત્મક શિક્ષણ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. નિર્ણયનગર અને થલતેજ શાળા નં.૧માં ફરજ બજાવ્યા બાદ તેઓ ઘાટલોડિયા પ્રાથમિક શાળા નં.૩માં જોડાયાં, જ્યાં શ્રમજીવી અને ઝૂંપડપટ્ટી વિસ્તારનાં બાળકો ભણે છે. પરંતુ 'પ્રત્યેક બાળક મહત્ત્વનું છે'-ના ભાવ સાથે સોનલબહેને પોતાના પરિશ્રમથી સંસ્કાર, સંસ્કૃતિની સાથે શૈક્ષણિક માળખું જ બદલી નાખ્યું. પરિણામે શાળા અમદાવાદ કૉર્પોરેશનમાં માત્ર ભૌતિક જ નહીં, પરંતુ શૈક્ષણિક રીતે પણ એક ઉત્કૃષ્ટ 'સ્માર્ટ સ્કૂલ' તરીકે ઊભરી આવી.

### શિક્ષણમાં નવતર પ્રયોગો અને વર્ગ બહારનું શિક્ષણ

સોનલબહેન પુસ્તકીય જ્ઞાનને બદલે પ્રત્યક્ષ અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણનાં હિમાયતી રહ્યાં છે, જેમાં પાઠ્યપુસ્તકના એકમોને સમજાવવા તેઓ બાળકોને રેલવેસ્ટેશન, પોલીસસ્ટેશન, બૅંક,





શાકમાર્કેટ, ફાયર સ્ટેશન, ૧૦૮ ઍમ્બ્યુલન્સ અને ખેતરની પ્રત્યક્ષ મુલાકાત કરાવે છે. બાળકો જીવન-કૌશલ્ય શીખી શકે તે માટે પાણીની ટાંકી, ગૅસ-કૂકર રિપેર કરનાર, પ્લમર (નળ રિપેર કરનાર), સાવરણી બાંધનાર અને માળી જેવા કારીગરોની રૂબરૂ મુલાકાત ગોઠવે છે. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ કેળવાય તે માટે સાયન્સ-ડે ઊજવવાની સાથે બાળકોને ISRO અને વિક્રમ સારાભાઈ સેન્ટરની શૈક્ષણિક મુલાકાતે લઈ જાય છે. તેમજ શૈક્ષણિક કાર્યને રસપ્રદ બનાવવા માટે તેમણે જાતે ૧૦૦થી વધુ શૈક્ષણિક સાધનો બનાવ્યાં છે, અને બાળકો પાસે 'વેસ્ટમાંથી બેસ્ટ'ની પ્રવૃત્તિઓ કરાવી છે.

### સામાજિક જવાબદારી અને વિશિષ્ટ પહેલ

સામાજિક જવાબદારી અને વિશિષ્ટ પહેલરૂપે તેમણે વાલીસંપર્ક કરીને ડ્રૉપ-આઉટ દર શૂન્ય કર્યો છે અને તે માટે વાલી-મીટિંગો યોજીને ક્રિયાત્મક સંશોધન કર્યાં અને ૧૦૦ ટકા હાજરી ધરાવતાં બાળકોને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યાં છે. એટલું જ નહીં, વિદ્યાર્થીઓના જન્મદિવસે શાળા તથા વ્યક્તિગત સ્વચ્છતા માટે બ્રશ અને ઊલિયું જેવાં સાધનો ભેટ આપીને તેમનામાં સ્વચ્છતાની આદત કેળવી. ઉપરાંત શાળામાં પક્ષીઓ માટે કૂંડાં અને કીચન ગાર્ડન બનાવી બાળકોને જીવદયા માટે પ્રેરિત કર્યાં.

સોનલબહેનની આ નિષ્ઠાવાન સેવાઓને બિરદાવતાં તેમને ઘણા પુરસ્કારો મળ્યા છે, જેમાં જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, શિક્ષક પ્રતિભા સન્માન - અમદાવાદ કૉર્પોરેશન, ચિત્રકૂટ ઍવૉર્ડ તેમજ ગુજરાત રાજ્યકક્ષા શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડનો સમાવેશ થાય છે. સોનલબહેન રાવલ માને છે કે, શિક્ષક તરીકેનું આ કાર્ય ફરજ છે. બાળકો, વાલીઓ, આચાર્ય અને સહકર્મીઓના સાથ-સહકારથી જ આ સફળતા શક્ય બની છે. એક પ્રયોગશીલ અને સમર્પિત શિક્ષિકા તરીકે સોનલબહેન સમગ્ર અમદાવાદ સ્કૂલ બોર્ડ અને ગુજરાતના શિક્ષણ જગત માટે પ્રેરણાસ્રોત બન્યાં છે.



Downloaded from websankul.com

# 'ગુજરાત' પાક્ષિક ક્વિઝ

'ગુજરાત' પાક્ષિકમાં જે અંક તમારા હાથમાં છે એ અંકમાંથી જ અહીં સવાલો પૂછવામાં આવ્યા છે. ક્વિઝ પ્રસિદ્ધ થયેલા અંકના પાનામાં જ વ્યવસ્થિત રીતે આપના જવાબ આપેલા વિકલ્પો પૈકી ☑ની નિશાની કરીને, આ પાનું ✂ કાપીને તમારાં નામ અને સરનામાની વિગત સાથે નીચેના સરનામે મોકલવાના રહેશે. **'ગુજરાત ક્વિઝ', અંક નં. ૧૯, 'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

૧. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નીચેનામાંથી કયા જિલ્લાની નવનિર્મિત કલેક્ટર કચેરીનું લોકાર્પણ કર્યું?
(A) જામનગર (B) પોરબંદર (C) અમરેલી (D) ભાવનગર

૨. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ કોને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર-૨૦૨૪ એનાયત કર્યો?
(A) શ્રી પંકજ કપૂર (B) શ્રી અનંત નાગ
(C) શ્રીમતી શબાના આઝમી (D) શ્રીમતી ગિરિજા લોકેશ

૩. યુવા સંકલ્પને બળ આપવા શરૂ કરાયેલ SFIC એટલે ......... ફર્સ્ટ ઈનોવેશન ચૅલેન્જ.
(A) સોસાયટી (B) સંકલ્પ
(C) સમાધાન (D) સેવા

૪. દરિયામાં ૨૦૦ નોટિકલ માઈલથી આગળ માછલી પકડવાની વધુ તક મળી શકે તે માટે ગુજરાતને કેટલા લેટર ઑફ ઓથોરાઈઝેશન આપવામાં આવ્યા છે?
(A) ૨ (B) ૩ (C) ૪ (D) ૫

૫. રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ-૨૦૨૪માં શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો ઍવોર્ડ કઈ ફિલ્મને મળ્યો હતો?
(A) 'આર્ટિકલ 370' (B) 'બ્રહ્મયુગમ્'
(C) 'ભક્ષક' (D) 'મિથ્યા'

૬. વડાપ્રધાનશ્રીની લોકસેવાનાં ૨૫ વર્ષની ઉજવણી હેઠળ વડનગરથી ........ સુધી બાઈક કળશયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.
(A) ઉજ્જૈન (B) પ્રયાગરાજ (C) હરિદ્વાર (D) વારાણસી

૭. સાડેલી વુડ ક્રાફ્ટ આર્ટ નીચેનામાંથી કયા જિલ્લા સાથે સંકળાયેલી છે?
(A) સુરત (B) કચ્છ (C) પાટણ (D) પંચમહાલ

૮. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કચ્છના અતિ મહત્ત્વના ધોરીમાર્ગોને ૭ મીટરમાંથી ..... મીટર જેટલા પહોળા કરવાનો નિર્ણય લીધો છે.
(A) ૮ (B) ૧૦ (C) ૧૨ (D) ૧૬

૯. વિકાસકાર્યોને ઝડપ આપવા માટે ટેન્ડર વૅલિડિટી ૧૨૦ દિવસથી ઘટાડીને ...... દિવસ કરવામાં આવી છે.
(A) ૧૦૦ (B) ૯૦ (C) ૮૦ (D) ૭૫

૧૦. GSFC દ્વારા સરદાર બ્રાન્ડ હેઠળ લૉન્ચ કરાયેલી સાત જંતુનાશક અને નીંદણનાશક દવાઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?
(A) સરદાર રફ્તાર (B) સરદાર જાનદાર
(C) સરદાર કેપ્ટન (D) સરદાર સેનાપતિ

૧૧. ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ-૨૦૨૬ના શાળાકક્ષાના પ્રથમ વિજેતાને ........ અને કૉલેજ-કક્ષાના પ્રથમ વિજેતાને ........ એનાયત કરવામાં આવશે.
(A) રૂ. ૫૦ હજાર, રૂ. ૧ લાખ (B) રૂ. ૧ લાખ, રૂ. ૩ લાખ
(C) રૂ. ૧ લાખ, રૂ. ૨.૫૧ લાખ (D) રૂ. ૧ લાખ, રૂ. ૩ લાખ

૧૨. ...... મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારનું આયોજન ........ ખાતે થયું હતું.
(A) ૭૨, ગિફ્ટ સિટી (B) ૭૪, એકતાનગર
(C) ૭૪, ગિફ્ટ સિટી (D) ૭૨, એકતાનગર

૧૩. દિવ્યાંગોને મળતા લાભ તેમજ તેમને લગતી કલ્યાણકારી સેવાઓની માહિતી આપતું પુસ્તક 'દીવાદાંડી' ........ વિભાગે પ્રકાશિત કર્યું છે.
(A) સામાજિક ન્યાય અને અધિકારિતા
(B) માહિતી અને પ્રસારણ (C) શિક્ષણ
(D) યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

૧૪. દક્ષિણ ભારતમાં પ્રથમ વખત યોજાયેલી વર્લ્ડ સર્ક્યુલર ઇકૉનૉમી ફોરમની છઠ્ઠી આવૃત્તિનો પ્રારંભ ........ ખાતે થયો.
(A) સુરત (B) અમદાવાદ (C) ગાંધીનગર (D) એકતાનગર

૧૫. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ........ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ભાગ લીધો હતો.
(A) એમ.એસ. (B) રક્ષાશક્તિ (C) ગુજરાત (D) શ્રી ગોવિંદ ગુરુ

૧૬. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રસેવાનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઑક્ટોબર સુધી યોજાનાર અભિયાનનું નામ શું છે?
(A) રાષ્ટ્રસેવા પ્રથમ અભિયાન (B) સંકલ્પસિદ્ધિ અભિયાન
(C) સેવાસંકલ્પ અભિયાન (D) સેવાસિદ્ધિ અભિયાન

૧૭. કેન્દ્રીય મંત્રી શ્રી સી.આર. પાટીલે કયા જિલ્લામાં ૧૫૧ સ્થળોએ ગ્રાઉન્ડ વૉટર રિચાર્જ બોરવેલનાં કામોનું ખાતમુહૂર્ત કર્યું?
(A) નવસારી (B) સુરત (C) વલસાડ (D) દાહોદ

૧૮. સમુદ્ર અને દરિયાકાંઠાનાં સંસાધનોનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરીને આર્થિક વિકાસ સાધવો એટલે ....... ઈકૉનૉમી.
(A) સી (B) બ્લૂ (C) ઓશન (D) વ્હાઈટ

નામ : .................................... સરનામું : ..........................................................................

ઈમેલ એડ્રેસ :............................................................. મોબાઈલ નં. :..........................................

અંક ૧૬ના જવાબ: **(૧-B), (૨-C), (૩-C), (૪-A), (૫-D), (૬-A), (૭-A), (૮-D), (૯-C), (૧૦-B), (૧૧-C), (૧૨-C), (૧૩-D)**

| અંક નં. ૧૬ના વિજેતાઓ | નામ : વેણીભાઇ પટેલ, નવસારી | નામ : રાજેશ્વરીબહેન રાઠોડ, અમદાવાદ | નામ : મિહિરભાઈ પટેલ, મહેસાણા |
|---|---|---|---|



Downloaded from websankul.com




# યુવાશક્તિને
## રાષ્ટ્રનિર્માણ સાથે જોડતો ડિજિટલ મંચ એટલે
# 'માય ભારત' પોર્ટલ

MY Bharat
Empowering Youth. Inspiring Action. Building Viksit Bharat.

અનુભવ
નેતૃત્વ
રાષ્ટ્રસેવા




**ભાવિકા લીંબાસિયા**

ભારતની સૌથી મોટી શક્તિ તેની જનશક્તિ અને તેમાં પણ ખાસ તેની યુવાશક્તિ છે. યુવાનોની પ્રતિભા, ઊર્જા, નવીન વિચાર અને કૌશલ્યને યોગ્ય તકો સાથે જોડીને તેમને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવવાના ઉદ્દેશથી ભારત સરકારના યુવા કાર્ય અને રમતગમત મંત્રાલયના દ્વારા 'મેરા યુવા ભારત' MY Bharat રાષ્ટ્રીય પ્લૅટફૉર્મ તૈયાર કરવામાં આવ્યું છે.

તા.૩૧ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ શરૂ કરાયેલું MY Bharat પ્લૅટફૉર્મ આજે યુવાનો માટે શીખવા, અનુભવ મેળવવા, સેવા કરવા, કૌશલ્ય વિકસાવવા, નેતૃત્વ કરવા અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ સાથે જોડાવા માટે એકીકૃત ડિજિટલ મંચ બન્યું છે. 'Empowering Youth. Inspiring Action. Building Viksit Bharat.'ના અભિગમ સાથે આ પ્લૅટફૉર્મ યુવાનોને સરકાર, સંસ્થાઓ, ઉદ્યોગો, NGOs અને સમાજ સાથે જોડે છે. દેશના યુવાનો સ્વરુચિ અને ક્ષમતા અનુસાર Experiential Learning, Volunteer for Bharat, રાષ્ટ્રીય અભિયાન, ક્વિઝ, કાર્યક્રમો અને નેતૃત્વ-વિકાસ જેવી પ્રવૃત્તિઓ અહીં શોધી શકે છે. આ પ્લૅટફૉર્મ ૧૫થી ૨૯ વર્ષની વયના યુવાનો માટે બનાવવામાં આવ્યું છે.

ઉપરાંત, વર્ગખંડ બહારના વાસ્તવિક કાર્યક્ષેત્રનો અનુભવ મેળવવાની ઉત્તમ તક પણ મળે છે. અહીં ટીમવર્ક, સંચાર અને સમસ્યા ઉકેલવાના કૌશલ્યનો વિકાસ થાય છે. આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયે સત્તાવાર પ્રમાણપત્ર આપવામાં આવે છે. સ્વચ્છતા, આરોગ્ય, પર્યાવરણ અને સામાજિક જાગૃતિ જેવાં વિવિધ ક્ષેત્રોમાં સ્વયંસેવક તરીકે યોગદાન આપવાની તક મળે છે. વિવિધ રાષ્ટ્રીય દિવસો, પદયાત્રાઓ, મેગા ઈવેન્ટ્સ, નિબંધ સ્પર્ધાઓ અને જ્ઞાનવર્ધક ક્વિઝમાં ભાગીદાર થઇ શકાય છે. અનુભવી માર્ગદર્શકો અને સમાન રસ ધરાવતા યુવાનો સાથે જોડાણ કરીને નેતૃત્વ-ક્ષમતા અને વ્યક્તિત્વનો વિકાસ થાય છે. પ્લૅટફૉર્મ પર મેળવેલાં અનુભવો અને પ્રમાણપત્રોના આધારે વ્યાવસાયિક CV તૈયાર કરવાની સુવિધા પણ મળે છે.

આ પોર્ટલ બાબતે કોઈ પણ માર્ગદર્શન માટે ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર: ૧૪૪૭૨ અથવા ૧૮૦૦ ૨૧૨ ૨૭૨૯નો સંપર્ક કરવો.



### નોંધણી

1. સત્તાવાર વેબસાઇટ **mybharat.gov.in** ખોલો
2. હોમપેજ પર દર્શાવેલ 'Register Now' વિકલ્પ પસંદ કરો,
3. તમારો મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ એડ્રેસ દાખલ કરી OTP દ્વારા વેરિફિકેશન કરો
4. ફોર્મમાં જરૂરી વિગતો ભરો; જેમ કે: નામ, જન્મતારીખ, જાતિ, સરનામું, રાજ્ય, જિલ્લો, ગ્રામીણ/શહેરી વિસ્તાર, સર્વોચ્ચ શૈક્ષણિક લાયકાત વગેરે શરતોની સંમતિ આપીને ફોર્મ સબમિટ કરો.



Downloaded from websankul.com




# દિવ્યાંગો માટેની યોજનાઓની માહિતીનું પુસ્તક 'દીવાદાંડી'




માહિતી
અધિકાર
સહાય
સમાનતા
સશક્તીકરણ

'ચાણક્યનીતિ' (૧૪-૩)માં **'પુનર્વિત્તં, પુનર્મિત્રં, પુનર્ભાર્યા, પુનર્મહિ...'** શ્લોકમાં કહ્યું છે કે, ધન, પત્ની, સંપત્તિ વગેરે બધું પુનઃ મળી શકે છે, પરંતુ શરીર ફરીથી મળતું નથી. આથી જ શરીરને સાચવવું આપણી ફરજ છે અને જ્યારે કોઈ વ્યક્તિ શારીરિક રીતે પરેશાન હોય ત્યારે તેણે અનેક મુસીબતો ભોગવવી પડતી હોય છે. ગુજરાત સરકારે દિવ્યાંગ નાગરિકો માટે વિશિષ્ટ યોજનાઓ દ્વારા તેમને સધ્ધર કરવાનો પ્રયાસ કર્યો છે.

માહિતી ખાતા દ્વારા 'દીવાદાંડી' નામનું ૨૧૦ પાનાંનું નિઃશુલ્ક મળતું પુસ્તક દિવ્યાંગોને મળનારા લાભો તથા તેમના માટેની કલ્યાણકારી યોજનાઓની પૂરેપૂરી માહિતી પૂરી પાડે છે. તે ઉપરાંત પુસ્તકમાં દિવ્યાંગજનો સંલગ્ન દિનોની ઉજવણી, કોકલિયર ઇમ્પ્લાન્ટ સર્જરી, દિવ્યાંગ ખેલાડીઓ માટેનો સ્પેશિયલ ખેલ મહાકુંભ, કૃત્રિમ હાથ-પગની સગવડ અને યોજનાનો લાભ લેવા માટેનાં ફોર્મ વગેરેની માહિતી આપતાં કુલ ૧૭ પ્રકરણો રજૂ કરાયાં છે.

'યોજનાઓ અને તેના લાભ' પ્રકરણમાં દિવ્યાંગજનોને એસ.ટી. બસમાં નિઃશુલ્ક મુસાફરી, સાધન-સહાય, રોજગારલક્ષી સાધન-સહાય, દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, દિવ્યાંગજનોનાં કુટુંબીજનોને વીમા-સહાય, ઈલેક્ટ્રિક સ્કૂટરની યોજના, સંત સુરદાસ યોજના, આર્થિક સહાયની યોજનાની વિગતો આપવામાં આવી છે. તો, 'પરિવહન' પ્રકરણમાં વ્હીલચૅર, વાહન-પેશગી તથા વાહન માટે સહાયની માહિતી આપવામાં આવી છે. 'કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી'માં આ સર્જરીની વિગતે વાત કરવામાં આવી છે.

'દિવ્યાંગોને સહાયરૂપ સંસ્થાઓની યાદી'માં દિવ્યાંગતાની સ્થિતિને અનુસાર કઈ કઈ સંસ્થા મદદરૂપ નીવડે છે, તેની માહિતી આપવામાં આવી છે. તેમાં સરકારી સંસ્થાઓથી શરૂ કરીને સ્વૈચ્છિક સંસ્થાઓ મળીને કુલ ૨૧૩ સંસ્થાઓની યાદી તેનાં સરનામાં સહિત આપવામાં આવી છે.

દિવ્યાંગ બાળકોને તાલીમ આપનારા શિક્ષકોને તૈયાર કરવાના કોર્સ ચલાવતી સંસ્થાઓની યાદી, દિવ્યાંગ નાગરિકોને ઉપયોગી સાધનો તથા છેલ્લે 'સાફલ્યગાથા'માં દિવ્યાંગ નાગરિકોની સફળતાની કથાઓ જેવી માહિતીથી આ પુસ્તક સમૃદ્ધ છે.

પુસ્તકનું સૌથી મોટું જમાપાસું ઉપયોગી વિગતોની ટૂંકી રજૂઆત અને પુસ્તકના અંતે અપાયેલાં લાભની યોજનાઓનાં ફોર્મ છે. દરેક પાને સુરેખ મુદ્રણ, સુંદર કાગળ અને ટૂંકમાં વિગતોની રજૂઆત વગેરે ઉપરાંત ધ્યાનાકર્ષક મુખપૃષ્ઠ ધરાવતું 'દીવાદાંડી' પુસ્તક આપણાં દિવ્યાંગ ભાઈ-બહેનો માટે બધી જ રીતે ઉપયોગી બની રહેશે, એવી અપેક્ષા છે.

(**'દીવાદાંડી'** - દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓની માહિતી-પુસ્તિકા, પ્ર.: માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, મુ.: સરકારી ફોટો લીથોપ્રેસ, અમદાવાદ, પ્ર.આ.: ૨૦૨૫-૨૬, કુલ પાનાં: ૨૧૦, માહિતી ખાતાની કચેરીઓમાં નિઃશુલ્ક ઉપલબ્ધ)









Downloaded from websankul.com

# વિદ્યાદીપ વીમા યોજના



## યોજના ઉદ્દેશ/હેતુ

આ યોજનાનો મુખ્ય આશય રાજ્યની તમામ શાળાઓ-સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં તથા આશ્રમ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વીમા રક્ષણ પૂરું પાડવાનો છે. આ યોજના હેઠળ રાજ્યની તમામ સરકારી, અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં તથા આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીના અકસ્માતે અવસાન કે કાયમી અપંગતાના કિસ્સામાં વાલીને સહાય ચૂકવવામાં આવે છે.

## આવક મર્યાદા

લાગુ પડતી નથી

## પાત્રતાનાં ધોરણો

અણધાર્યો એકાએક અને બિનઇરાદાપૂર્વકનો બનાવ હોય તેવાં બાહ્ય હિંસક નિશાનો જણાય તેવા અકસ્માતના કિસ્સામાં અવસાન/કાયમી અપંગતા થયેલી હોય તો આ સહાય મળવાપાત્ર થાય છે.

## યોજના અંતર્ગત મળતી સહાય

રૂ.૨,૦૦,૦૦૦

## અરજીની પ્રક્રિયા

અકસ્માતે અવસાન/ઇજાની તારીખથી ૧૫૦ દિવસમાં દાવો નોડલ અધિકારી તરીકે સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીને રજૂ કરવાનો રહે છે.

## અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી

નોડલ અધિકારી તરીકે સબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી તથા અમલીકરણ કચેરી તરીકે વીમા નિયામકશ્રીની કચેરી તથા શાળાના આચાર્ય મારફત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી

## અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા

વિદ્યાર્થી હોવાના પુરાવા

WEBSANKUL

'મારી યોજના' પોર્ટલ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે તમામ યોજનાઓની માહિતી.



Downloaded from websankul.com




Published on Date : 1-10-2026. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by Commissoner of Information on behalf of Commissonerate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. Printed by Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.

To,

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય :-

માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦

Downloaded from websankul.com